Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ સં. ૮૨ (ચાલુ) વીર સં. ૨૫૦૩
વિક્રમ સં. ૨૦૩૩ પોષ-મહા

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૭

## સ્વ. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા શ્રદ્ધાંજલિ વિશેષાંક

### બ્રહ્મચર્યની મહત્તા

બ્રહ્મચર્ય એ ધર્મરૂપી પદ્મસરોવરની પાળ છે, ગુણરૂપી મહારથની ધોંસરી છે, વ્રત-નિયમોરૂપી ધર્મ વૃક્ષનું થડ છે અને શીલરૂપી મહાનગરના દરવાજાની ભોગળ છે.

બ્રહ્મચર્ય ધર્મ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે અને જિનોપદિષ્ટ છે.

શ્રી મનસુખલાલભાઈના 'બ્રહ્મચર્ય' નામક પુસ્તકમાંથી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૭૪ ] જાન્યુઆરી-ફેબ્રુઆરી : ૧૯૭૭ [ અંક : ૩-૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| કાવ્ય | | ૬૩ |
| મનસુખભાઇનું આંતરજીવન | પં. પૂર્ણાનંદવિજયજી | ૬૪ |
| પરમ સ્નેહિ શ્રી મનસુખભાઇને (કાવ્ય) | પંડિત બેચરદાસ દોશી | ૬૬ |
| આત્મકથન તથા અન્ય માહિતી | શ્રી શશીકાંત મનસુખલાલ મહેતા | ૬૮ |
| સ્મરણાંજલિ | શ્રી ખીમચંદ ચાંપશી શાહ | ૭૩ |
| કથાસમ્રાટ શ્રી મનસુખભાઇ જેમણે મને પ્રેરણા પાઈ! | ડૉ. ભાઇલાલ એમ. બાવીશી | ૭૫ |
| આધુનિક યુગના પરકાય પ્રવેશક એક ગૃહસ્થયોગી | શ્રી રતિલાલ મફાભાઈ શાહ | ૭૯ |
| અધ્યાત્મજ્ઞાની તત્ત્વચિંતક શ્રી મનસુખલાલભાઇ | શ્રી ગૌતમલાલ અ શાહ | ૮૧ |
| શીલધર્મની કથાઓ–પ્રકાશન અંગે પ્રશંસા પત્ર | શ્રી અમરચંદ માવજી શાહ | ૮૩ |
| હાર્દિક શ્રદ્ધાંજલિ | શ્રી ચીમનલાલ રતનચંદ સાંડસા | ૮૬ |
| પ્રત્યાખ્યાનની નોંધ | શ્રી શશીકાંત મનસુખલાલ મહેતા | ૮૭ |
| નિષ્કામ કર્મયોગી શ્રી મનસુખભાઇ | શ્રી "રક્તતેજ" | ૮૯ |
| શ્રદ્ધાંજલિ | શ્રી જયંતિલાલ એમ. શાહ | ૯૧ |
| બાપુજીની ઝાંખી | શ્રી કોકિલાબેન વિનયચંદ પારેખ | ૯૨ |
| મારા સંસ્મરણો | શ્રી અરૂણાબેન જે. મહેતા | ૯૬ |
| મારા પૂ. પિતાશ્રીની ડાયરીમાંથી કેટલીક મહત્ત્વની નોંધો | શ્રી અરૂણાબેન જે. મહેતા | ૯૯ |
| એક અગત્યનો આશ્વાસન પત્ર | શ્રી શીલાંક ચંદુલાલ મહેતા | ૧૦૨ |
| ભગવો ઝભ્ભો | શ્રી નંદલાલ રૂપચંદ શાહ | ૧૦૩ |
| શ્રદ્ધાંજલી | શ્રી ધીરજલાલ ટોકરશી શાહ | ૧૦૫ |
| ફુલ ગયું ફોરમ રહી | શ્રી મનુભાઇ શેઠ | ૧૧૧ |
| દ્વાદશારં નયચક્રમ્ ઉદ્દ્ઘાટન અહેવાલ | | ૧૧૩ |
| દ્વાદશારં નયચક્રમ્ ઉદ્દ્ઘાટન કાવ્ય | શ્રી બંસીલાલ શાહ | ૧૧૪ |
| સૌજન્યમૂર્તિ શ્રી મનસુખલાલભાઈ | શ્રી રમણલાલ ચી. શાહ | ૧૨૩ |
| મારા બે પ્રસંગોનું સંસ્મરણ | ડૉ. ભગવાનદાસ મ. મહેતા | ૧૨૭ |


આ સભાના નવા માનવંતા પેટ્રન સાહેબ

## શેઠશ્રી રમણલાલ મંગળદાસ શાહ : ગોરેગાંવ–મુંબઇ

નવા આજીવન સભ્ય

## શાહ પ્રતાપરાય ગોપાળજી–ભાવનગર

## સુધારો

આ અંકના પાના નં. ૬૮માં "આત્મકથન તથા અન્ય માહિતી" નામના લેખમાં જન્મ તારીખ ૧૩-૩-૧૯૦૮ છપાઈ છે તે સુધારીને ૧૭-૩-૧૯૦૮ વાંચવા વિનંતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૃત્યુંજયી મનઃસુખલાલભાઈ



જન્મ :
તા. ૧૭-૩-૧૯૦૮

દેહવિલય :
સં. ૨૦૩૩ મૌનએકાદશી
તા. ૨-૧૨-૭૬

मनःसुखाभिधा यस्य शीलधर्मप्ररूपकः ।
आत्मानंदे परं मग्नो जयतु स भगवत्परः ।।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री आत्मानंद प्रकाश

વર્ષ : ૭૪ | વિ. સં. ૨૦૩૩ પોષ-મહા : ૧૯૭૭ જાન્યુ.-ફેબ્રુઆરી | અંક : ૩-૪

जातस्य हि ध्रुवो मृत्युः, ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे, न त्वं शोचितुमर्हसि ।।

(ભ. ગી. ૨-૨૭)

卐 જન્મેલાનું મૃત્યુ છે, તથા મરેલાનો જન્મ છે, તો જન્મ મરણ જેવી અપરિહાર્ય બાબતમાં શોક કરવાનું યથાર્થ નથી. 卐

卐

प्रियजनमृतिशोकं सेव्यमानोऽतिमात्रं,
जनयति तदसातं कर्म यच्चाऽग्रतोऽपि ।
प्रसरति शतशाख देहिनि क्षेत्रउप्तं,
वट इव तनुबीजं त्यज्यतां सप्रयत्नात् ।।

(અનિત્ય પંચાશત્-૨૭)

ઇષ્ટ જનોના મૃત્યુ પ્રસંગે અતીવ અફસોસ કરવાથી ભારે અશાતા વેદનીય કર્મ બંધાય છે. પછી તેની સેંકડો દુઃખદાયી શાખાઓ, ખેતરોમાં રોપેલા છોટાસા વટવૃક્ષના બીજમાંથી વિસ્તરેલ શાખા પ્રશાખાદિની જેમ પ્રસરે છે, માટે શોક પ્રયત્નપૂર્વક તજવો જોઇએ; તે પાપની ખાણ અથવા તો દુઃખ પરંપરાનું મૂળ છે.

* * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મનસુખભાઇનું આન્તર્જીવન



લેખક : **પં. પૂર્ણાનંદવિજયજી** (કુમારશ્રમણ)

(૧) દેવગતિમાંથી ચ્યવીને મનુષ્ય અવતારને પામ્યા પછી દેવતાઈ ગુણોનો વિકાસ સાધનારા ભાગ્યશાલિઓમાંથી મનસુખલાલ તારાચંદ મહેતા એક હતા.

(૨) મોક્ષાભિલાષિણી પુરૂષાર્થ શક્તિ વડે યથાશક્ય આશ્રવતત્ત્વનો નિરોધ કરી સંવર-ધર્મની આરાધના કરનારા પુણ્યશાલિઓમાંથી મનસુખભાઈ એક હતા.

(૩) ગૃહસ્થાશ્રમમાં રહ્યે છતે પણ જેમનું ખાન-પાન-રહેણીકરણી અને હલન ચલનમાં પ્રવેશ કરેલું સંવર તત્ત્વ મનસુખભાઈના જીવનમાં સૌને સ્પષ્ટ દેખાતું હતું.

(૪) કૌટુંબિક જીવનમાં પણ નિર્લેપ, સામાજિક જીવનમાં સાચા સલાહકાર, ધાર્મિક જીવનના અનુપાલક અને ભૌતિકવાદની માયામાં ઉછરેલા હોવા છતાં પણ આધ્યાત્મિક જીવનના ઐકાન્તિક પક્ષપાતી મનસુખભાઈ હતા.

(૫) ઉઘાડેલી પુસ્તિકા જેવો સૌની સાથે નિર્ભેળ વ્યવહાર. હિત-મિત અને પથ્ય ભાષિત્વ, સત્ય અને સદાચાર પોષક લેખન કળાના ધારક મનસુખભાઈ હતાં.

(૬) ઘણા વર્ષોના મારી સાથેના સંબંધમાં ક્યાંય પણ છલ નહીં, પ્રપંચ નહીં, સ્વાર્થ નહીં તેમ કોઈ વ્યક્તિ કે સંસ્થા પ્રત્યે પણ દ્વેષભાવનો અંશ તેમનામાં જોવાયો નથી.

લગભગ ૨૭-૨૮ વર્ષ પહેલા શિવપુરી મુકામે જ્યારે હું ન્યાયતીર્થની પરીક્ષાની તૈયારીમાં હતો, ત્યારે દાદાગુરુ શ્રી વિજયધર્મ-સૂરીશ્વરજી મહારાજની જયંતી પતી ગયા પછી બે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને લઈ મનસુખભાઈ આવેલા, તે દિવસથી જ મને તેમનો પરિચય થયો. અને ગર્ભશ્રીમંતાઈમાં ઉછરેલા હોવા છતાં બોલવાની તેમની સભ્યતા, મિષ્ટતા અને વિવેકિતાને જોઇને મને ઘણો જ આનંદ થયો હતો. બંને પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ કરાવવાનો ચાન્સ મને મળ્યો. ત્યાર પછી તો અમરેલીના દલીચંદ ધ્રુવના પુત્ર શ્રી ત્ર્યંબકભાઈ (પ્રજ્ઞાચક્ષુ) મારી પાસે બે ત્રણ ચાતુર્માસમાં પણ સાથે રહ્યાં અને કાવ્ય, પ્રાકૃત વ્યાકરણ, જ્યોતિષ આદિનો અભ્યાસ સારી રીતે કર્યો હતો. તે દરમ્યાન ઘણા પ્રસંગો ઉપર મનસુખભાઈએ અવરજવર કરી હતી, અને જાણે અમે પૂર્વભવના ભાઈઓ હોઈએ તે પ્રમાણે ગાઢ સંબંધ વધતો ગયો.

સુજાલપુરમંડી (મધ્ય પ્રદેશ)ના મારા ચાતુર્માસ દરમ્યાન આમંત્રણ વિના જ મારા જેવા નાના સાધુ પાસે પર્યુષણ પર્વની આરાધના માટે મનસુખભાઈ જ્યારે આવ્યા ત્યારે મને આશ્ચર્યનો પાર ન રહ્યો. મારા પૂછવાથી મનસુખભાઈએ કહ્યું કે તમારા સાન્નિધ્યમાં પર્યુષણ પર્વની ભાવ-આરાધના કરવાના હેતુએ હું અહીં આવ્યો છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારી પાસે કરાતી આરાધનાને તમે ભાવ આરાધના શા માટે કહો છો? જવાબમાં મનસુખભાઈએ કહ્યું કે ભાવ આરાધનાને ધમાલ કે આડંબર સાથે સંબંધ નથી. પણ શાંતિ–સમાધિ અને ભાવક્રિયા સાથે જ સંબંધ છે. જે ગામડાઓમાં સુલભ છે. મને ઘણો જ આનંદ થયો અને પર્યુષણ પર્વનો પ્રારંભ થયો. મનસુખભાઈએ અઠ્ઠાઈ તપના પ્રત્યાખ્યાન લીધા. પૂજા, પ્રતિક્રમણ અને મૌનધર્મના તે પરમોપાસક હતા. ગામમાં તેમની તપશ્ચર્યાએ ખૂબ આકર્ષણ કર્યું. તથા પારણાના દિવસે સામુહિક પારણાના સક્રિય પ્રેરક બન્યા અને બીજે દિવસે મુંબઈ જવા માટે પ્રસ્થાન કર્યું.

વિસનગર, મહુધા આદિના ચાતુર્માસમાં પણ અઠ્ઠાઈ સાથેની પર્વારાધનાપૂર્વક તેઓનું સાન્નિધ્ય મારા જેવા સાધુને માટે પણ અભ્યસનીય બન્યું હતું.

અમુક પ્રકારના ભાગ્યશાલી ગૃહસ્થાશ્રમીઓ પાસેથી મુનિરાજોને ઘણું ઘણું જાણવાનું સંભવી શકે છે. હું તો મારા માટે કહી શકું છું કે મનસુખભાઈ મારા ગુરુ હતા. બેશક વ્યવહાર નયે આ મારૂં કથન ઠીક નથી. પણ સંસારના ઘણા એવા પ્રસંગો છે જે એક નયે જ જોવાતા નથી.

મનસુખભાઈ સાચા અર્થમાં જ્ઞાની, જ્ઞાનપીપાસુ હતાં તો ચુસ્તપણે ક્રિયાવંત પણ હતા.

આવી રીતનો અમારો આત્મીય સંબંધ દિવસે, મહિને અને વર્ષે વર્ષે વધતો જ ગયો છે.

બોરીવલી, મુલુંડ, શાંતાક્રુઝ આદિના ઉપાશ્રયે જ્યારે જ્યારે મનસુખભાઈ આવ્યા છે ત્યારે સંઘના ઘણા ટ્રસ્ટીઓ પણ આશ્ચર્યચકિત થતા હતાં. કેવળ હું તો એટલું જ જાણી શક્યો છું. મનસુખભાઈ સાથેના મારા આત્મીય સંબંધને સૌએ અનુમોદન જ આપ્યું છે. એવા મનસુખભાઈ આજે આપણી વચ્ચે નથી પરંતુ તેમના જીવનની સુવાસ થોડી ઘણી સૌને મળી છે. માટે પાર્થિવ શરીર કરતા યશઃ શરીરનો માલિક શ્રેષ્ઠ માનવ છે, મનસુખભાઈ શ્રેષ્ઠ માનવ હતાં.

## પર્યુષણ પર્વ

પર્યુષણ પર્વ મહાપર્વ ગણાય છે કારણ કે આ પર્વમાં ઉપવાસ દ્વારા દેહની શુદ્ધિ થાય છે, ક્ષમાપના દ્વારા મનની શુદ્ધિ થાય છે અને જેટલા પ્રમાણમાં દેહ અને મન શુદ્ધ થાય છે તેટલા પ્રમાણમાં આત્મા પણ નિર્મળ બને છે.

'જાણ્યું ને જોયુ-પાનું ૭૭' —સ્વ. મનસુખલાલભાઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમ સ્નેહી શ્રી મનસુખલાલભાઇને

રચયિતા : પં. બેચરદાસ જીવરાજ દોશી





તમે શાને મનુભાઇ! છંડ્યો આ લોકખંડને!
છે આલોકભર્યો ખંડ ભર્યો ખાંડરસે નર્યો. ૧

મનુ-ફઈબા, પિતાજી, માતાજી, ગાંધીજી વીરજી પ્રભુ!
સાંભર્યા, મુજને પ્રેર્યો છંડવા લોકખંડને. ૨

વળી સ્નેહભરી લીલા સસરો દાનવીર જે!
બધાંને મળવા સારું છોડ્યો એ મધુખંડ. ૩

અરે ભાઈ! તમે આવ્યા તેડ્યા મેં ભાવથી ભર્યા!
અમદાવાદે ઘરે મારે શરીરે નબળા છતાં. ૪

ત્યારે તો તમ આ વાત ઉચ્ચર્યા નહીં લેશ બી,
તમારા બેન ને પુત્રી ફફડે સુત ભ્રાતરો. ૫

બનેવી ધારી જામાતા કકળે મિત્ર જાણતા!
તમને બીક લાગી શું રોકશે આ બધા જણ. ૬

કર્યો હોત ખુલાસો જો અણધાર્યા પ્રવાસનો!
એકવાર મળેલો જે વાટમાં તમને જણ. ૭

તે પણ પૂછે ઘરે આવી ક્યાં મળે મનુભાઈ રે?
નોકર ચાકરો સર્વે શોકાતુર દીસે બહુ. ૮

તમને જોયા વિના સંધા ધંધા છોડી ઉદાસ છે,
કર્યો હોત ખુલાસો જો અણધાર્યા પ્રવાસનો. ૯

સર્વના મનને શાંતિ થાતે તમ પ્રવાસએ,
તમે કર્યો ભલે ભાઇ! પ્રવાસ એની ના ન'તી. ૧૦

તમને બીક લાગી શું? આ બધા રસ લોભીયા;
જમાઇ ધારી બી સુદ્ધાં રોકશે રસ માહરો. ૧૧

પણ ભાઇ! એ નહીં થાતે યોગ્યતા વણ શું બને?
ભલે તમ એકલા ચાખો એમાં વાંધો કશો નથી. ૧૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારી માનજો વાત લખજો સમાચાર સૌ;
ગાંધીજી વીરજી સઘળા કેમ છે તમ તાતજી. ૧૩

આ બધું જાણવા સારુ ન ઇચ્છે તમ સ્નેહીઓ?
સંદેશા મોકલો અત્રે એટલું યાદ રાખજો. ૧૪

એનાં તમારી ઝંખે છે પોતાના દક્ષ પુત્રને!
તેને પણ પૂછશો શાંતિ જો મળે તમ ભાણજો. ૧૫

ફુરસદ મેળવી ભાઈ! વિનંતિ અમ માનજો;
તો થશે અહીંયા સૌને સમાધાન ને રાજીપો. ૧૬

સુણ્યું છે સ્વર્ગના લોકો ભોગોથી નવરા નથી;
દેવીઓ પણ સ્વચ્છંદી ધર્મ કર્મની વાત શી? ૧૭

બિચારા સૌ ભુલી જાએ અહીંની મોજ રોજની;
વળી ત્યાં ઝગડા ઝાઝા જામે વૈભવ જીવને. ૧૮

સ્ત્રીઓની તો લુંટાલુંટ અબળા અબળા બધે;
ન એનું સાંભળે કોઈ ખેંચાખેંચ છે વૈભવે. ૧૯

ભલા થઈને તમે જોજો ગ્રહીને ધર્મમાલિકા;
ભોગકાદવમાં ખુંચ્યા એ લોકોને જગાડજો. ૨૦

અધૂરું આપણુ કામ રહ્યું તમ વિના હવે,
લખાણો જે જુનાં મારા તેને કોણ પ્રકાશશે? ૨૧

લખો તો લઈને આવું તમારી પાસ હોંશથી,
જો જો મને બોલાવીને તમે ત્યાં રમણે ચડો. ૨૨

કોકિલા અરુણા સૌનો રમેશ શશિકાંતનો,
ભોગીભાઈ તણો રૂડો સંદેશ તમને મળે. ૨૩

લખાવે છે તમ એનાં આશીર્વાદ પ્રબોધને,
જરૂર કહેજો નહીં ભૂલો એ છેલ્લી મુજ માગણી. ૨૪

તમારા સ્નેહને પામી પ્રસન્ન અમ ચિત્તડું;
આ બધો લખાવે છે ભૂલો હોય ભલે તહીં. ૨૫

તમારાં ભાણુજાં સર્વે સંભારે તમોને બહુ,
દેશો આશિષ તેઓને કલ્યાણું મંગલં શિવમ્. ૨૬

મારી વિનંતિ માનીને સંદેશો ભેજજો તમે,
શાંતિનો સ્નેહનો, સર્વે તમોને ભાવથી નમે. ૨૭

*

તા. ક.–વાચકો ભૂલચૂક માફ કરે. —બેચરદાસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વ. મનસુખલાલભાઈનું

# આત્મકથન તથા અન્ય માહિતી

લેખક : **શ્રી શશીકાન્ત મનસુખલાલ મહેતા**

જન્મસ્થાન : અમરેલી

જન્મ તારીખ : ૧૩–૩–૧૯૦૮

અમરેલીના શ્રી હંસરાજ માવજી તથા શ્રી વચ્છરાજ માવજીનું કુટુંબ સૌરાષ્ટમાં પ્રસિદ્ધ છે. પિતા તારાચંદ વચ્છરાજ ૧૯૫૯માં ૮૪ વર્ષની ઉંમરે અવસાન પામ્યા. માતા તેમની પાંચ વર્ષની ઉંમરે થોડા કલાકની બીમારી ભોગવી અવસાન પામ્યા. મેટ્રીક સુધીનો અભ્યાસ અમરેલીમાં કર્યો. નાનપણના મિત્રોમાં અમરેલીના મારકેટવાળા શ્રી ગુલાબભાઇ સંઘવી સાથે તેમનો છેવટ સુધી સંબંધ રહ્યો.

નાનપણમાં પાટણવાવ જતા હતા. પાટણવાવ મોસાળપક્ષના સ્મરણો જીવનના અંત સુધી રહ્યા.

૧૯૨૬માં લગ્ન પછી બે વર્ષ કાપડ મારકેટમાં કામ કર્યું. ૧૯૩૦માં નેપચુન કંપનીની સ્થાપના કરી. ૧૯૩૭માં મલાડ છોડી કોટ શાન્તીનાથજી દેરાસરની બાજુમાં શારદા સદનમાં રહેવા આવ્યા.

લગ્નપ્રસંગ પર તેમણે નીચે મુજબ નોંધ કરેલ છે :—

"મારાં લગ્ન પ્રસંગે પાટણવાવવાળા સ્વ. ભોગીલાલ કવિ આવેલા. શેઠના મિત્ર શ્રી મોહનલાલ ચુનીલાલ પાટણવાળાના તેઓ સાળા થાય લગ્ન પછીના દિવસે આનંદ ભવન હોલમાં હસાહસનો કવિશ્રીનો વાર્તાલાપ રાખેલો. એ વાર્તાલાપ વખતે બધા માણસો બહુ હસ્યા. મારા પર તેની અસર ન થઈ. ઈ.સ. ૧૯૧૯માં જીવનમાં પ્રથમવાર ધર્મશાળામાં રહેતા હતા ત્યારે કાકા (પિતાને કાકા કહેતા હતા) મને 'ભર્તૃહરિ'નો નાટક જોવા લઈ ગયા હતા, તે વખતે પણ એક સ્ત્રીને સ્ટેજ પર નાચતા જોઈ મને અત્યંત શરમ ઉપજેલી. દિલ્હીમાં શ્રી ઇન્દ્રનાથ (નેપચુન કંપનીના દીલ્હીના બ્રાંચ મેનેજર) એક વખત બોલ ડાન્સ જોવા કોઇ કલબમાં લઈ ગયા ત્યારે મારું મન તો મુંઝાવા લાગ્યું, ચક્કર આવવા માંડ્યા અને થોડા સમયમાં જ અધવચ્ચેથી ઉઠી મારા ઉતારાના સ્થાને આવ્યો."

માતાનું નામ જડાવબેન. માતા માટે જણાવે છે કે:—

"આઠ વર્ષની ઉંમરે પૂ. આચાર્યશ્રી ધર્મસૂરીજી (બનારસવાળા) જ્યારે અમરેલીમાં ઈ. સ. ૧૯૧૬માં ચોમાસુ રહેલા ત્યારે સાધુ જીવન ઉત્તમ છે અને અપનાવવા જેવું છે એવા મારા ભાવો હતાં.

મારૂં મોસાળ પક્ષ (પાટણવાવ) અત્યંત ભદ્રિક અને સરળ. મારો જન્મ પિતૃપક્ષ દૃષ્ટિએ એવા કુટુંબમાં થયો, જેના વડિલો સત્તાશાળી અને મુત્સદ્દી હતાં. પંચમહાલમાં સુબા થનાર પૂ માવજી બાપા અને પૂ. હંસરાજ બાપા કાબેલ અને મુત્સદ્દી હતાં. નહીં તો સુબાપણું પ્રાપ્ત ક્યાંથી થાય? સત્તા અને લક્ષ્મી ચાલ્યા ગયા પણ તે કારણે પ્રાપ્ત થતા દુર્ગુણોનો વારસો એમ ઝટ દઈને ભૂંસાતો નથી. એ તો કુટુંબની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પેઢી દર પેઢી પર થોડા ઘણા પ્રમાણુમાં ઉતરતો હોય છે. પણ તો પછી મને આ કુટુંબમાં જન્મ કેમ મળ્યો ? જે પેઢીમાં અનેક સાધુઓ સાધ્વીઓ થયા હોય, એવા કુટુંબમાં મને જન્મ કેમ ન મળ્યો ? પાછલા ભવમાં સાધુ થઈને પણ સાધુધર્મને વફાદાર નહીં રહેલો, એ દોષોની સજારૂપે તો મારો જન્મ આ કુટુંબમાં નહીં થયો હોય ? મારી માતાનું સ્મરણુ નથી રહ્યું, પણ માસાના (વાસણજી મામા) જીવન પરથી ચોક્કસ કહી શકું કે એ ભારે પવિત્ર, સુશીલ અને આદર્શ-Ideal સ્ત્રી હશે. હું સૌથી વધુમાં વધુ મારી જાતને ભાગ્યશાળી તો મને એવી માતા મળી તે માટે જ માનું છું.

મારી માતાનું મને કોઈ સ્મરણુ ન હોવા છતાં, મારી કલ્પનાનું તેનું દોરેલું ચિત્ર તો હંમેશા મારા હૃદયમાં અંકાયેલું જ છે. મારા જન્મ સંબંધે જે ઉપર કહ્યું તે અંગે મારી માતાના આત્માનો અવાજ સંભળાય છે. તે કહે છે કે, માનવનો જન્મ કયાં અને કોને ત્યાં થવો તેનો સંબંધ તેના પૂર્વજન્મના સંસ્કારો પર આધાર રાખે છે, પણ તે અંગે રંજને સ્થાન નથી. ભૂતકાળમાં તમે શું હતા, શું શું કર્યું, એ બધાના વિચારમાં વખત ન ગુમાવતા વર્તમાનમાં તમે શું છો ? શું કરો છો ? એ જ મહત્ત્વનું છે. ભૂતકાળ તમારા હાથમાં નથી, વર્તમાન પર તમારો સંપૂર્ણ અધિકાર છે અને તમારૂં ભાવી તમારા વર્તમાન કર્મો અનુસાર થવાનું છે.

Forget the past think for the present. પાછલા ભવે તમે ગંભીર દોષ કર્યો હતો, પતિત થયા હતા, એવું અનુમાન માત્ર સ્મૃતિ દોષ છે કયા કારણે એવા અનુમાન પર આવવાનું બન્યું છે એ પણ હું સમજું છું, માનવને થતી શિક્ષા તેના દોષને કારણે જ થાય છે એમ એકાંતે માનવું એ પણ ભૂલ ભર્યું છે. કેટલીક વાર માનવને આત્માની પ્રગતિ અર્થે પણ શિક્ષા થતી હોય છે. તને થયેલ શિક્ષા પણ તારા આત્માની પ્રગતિ અર્થે જ થઇ હોય એમ કેમ ન માનવું ! મારી કુક્ષિએ પૂર્વભવનો કોઈ પતીત સાધુ જન્મ લઈજ ન શકે, એ તો હું દોષિત હોઉ તો જ બની શકે ને ? અને તને મારામાં તો સંપૂર્ણ શ્રદ્ધા છે, વિશ્વાસ છે એટલે પૂર્વભવમાં પતિત સાધુ હોવાની કલ્પનામાંથી મૂકત થઇજા, અને વર્તમાન જે રીતે સંભાળ્યો છે તે જ રીતે સંભાળી રાખ, તો તારૂં ભાવી-આવતો જન્મ ઉજજવળ તેજસ્વી છે, અને આવતા ભવની ફીકર પણ શા માટે ? Take care of present, future will take care itself."

૧૯૩૯થી ૧૯૫૪ સુધીમાં નેપચુન કંપનીના કામ અર્થે કાશ્મીરથી કન્યાકુમારી અને કરાંચીથી રંગુન-માંડલે (બરમા) સુધી ફર્યા હતા. જ્યાં જ્યાં કામ અર્થે જતા હતા ત્યાં નજીકના તીર્થ સ્થળે અચૂક જતા હતા. આ મુસાફરીથી તેઓ અન્ય પ્રાંતના ઘણા માણસો સાથે પરીચયમાં આવ્યા અને અનુભવ મેળવ્યો. આ અનુભવે તેમની જીંદગીમાં મહત્વનો ભાગ ભજવ્યો અને તેમાંથી 'જાણ્યું અને જોયું 'નો જન્મ થયો.

તેમના અધ્યાત્મિક જીવનમાં પંડીત શ્રી બેચરદાસજી તથા ડો. શ્રી ભગવાનદાસભાઈનો ઘણો ફાળો છે. સામાજીક Social પ્રવૃત્તિમાં તેઓ સ્વ. શ્રી ફતેહચંદભાઈ ઝવેરભાઇ તથા સ્વ. શ્રી પ્રાણુજીવનભાઇ ગાંધી સાથે સંકળાયેલા હતા. તેમના સંસારી જીવનમાં શ્રી વાસણજી મામા, નગરશેઠ શ્રી વનમાળીદાસભાઈ બેચરદાસભાઈએ ઠીક ઠીક ભાગ ભજવ્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમના જીવનમાં સ્વજનનાં મૃત્યુનો આઘાત લાગ્યો હોય તો તે શ્રી ચંદુભાઈનો. તેઓ ૨૪-૪-૭૪ના જણાવે છે:-

" શ્રી ચંદુભાઈ આજે સાંજના સાડા સાત વાગે અમદાવાદ તેમના નિવાસસ્થાને સ્વર્ગવાસ પામ્યા. આ સમાચાર શ્રી હીંમતભાઈએ ફોન પર આપ્યા ત્યારે હું તો સ્તબ્ધ થઇ ગયો. હજુ તો ગઇ ૧૩મી તારીખે મુંબઈથી તેઓ અમદાવાદ સાજા સારા ગયા હતા. ત્યાં ગયા બાદ પણ તેમના ત્રણ ચાર ફોનો આવી ગયા, પણ તબીયતના અંગે ક્યારેય કશીય ફરીયાદ નહીં. ૧૯૩૦માં નેપચ્યુન કંપનીની સ્થાપના કરી અને તે જ વર્ષથી શ્રી ચંદુભાઈને આ કંપનીમાં ખેંચી લીધા. નેપચ્યુન કંપનીની તેમણે તન તોડીને સેવા કરી છે. પ્રામાણિકતા અને નીતિ જાળવીને તેણે કામ કર્યું છે અને કુદરતે તેમને તેનો બદલો આપ્યો. મારા તો એ જમણા હાથરૂપ હતા. મારી ઉપર તેને અપૂર્વ લાગણી અને સન્માન. અમદાવાદ વર્ષમાં એકાદ બે વખત તો અચુક જવાનું બને ત્યારે મારી સાથે ને સાથે રહે. તેમની સાથે ગુજરાતના અનેક તીર્થસ્થાનોની જાત્રા કરી છે. અમદાવાદમાં અનેક જૈનમંદિરોની પ્રતિમાઓના દર્શન કર્યાં છે. અરૂણા-જયસુખલાલને (પુત્રી-જમાઈ) નિખિલના જન્મ પછી થોડો ટાઇમ અમદાવાદ રહેવાનું બનેલું, ત્યારે તેની છોકરીઓનું ધ્યાન તેણે જે નથી રાખ્યું તે ધ્યાન તેણે અરૂણાનું રાખ્યું. આવો પિતરાઈ ભાઈ પ્રાપ્ત કરવામાં હું મારી જાતને ઘણી ઘણી વાર મહાભાગ્યશાળી માનતો. આજે એ ગયા અને હું કમભાગી બન્યો. એ આત્મા તો જ્યાં ગયો હશે ત્યાં સુખમાં જ હશે. પણ તેના જવાથી મને તો મહાન ખોટ પડી ગઈ. ઈશ્વર તેમના આત્માને ચિર શાંતિ આપો."

૧૯૫૯માં તેમને પેશાબમાં સાકર (મીઠી પેશાબ) જવા લાગી અને લગભગ આ જ અરસામાં તેમનું બ્લડપ્રેશર લોહીનું દબાણુ ઉંચું રહેવા લાગ્યું. પહેલેથી જ આ માટે તેઓ કાળજી રાખતા પણ આ દર્દ જીવ્યા ત્યાં સુધી નાબુદ ન થયું. ૧૯૭૫-૭૬માં ડોકટરો પાસે વારંવાર જવું પડતું ત્યારે ૧૩મી ફેબ્રુઆરી '૭૬ જણાવ્યું હતું કે :—

"જીવવાનો હવે મોહ નથી, આયુષ્ય હશે તેટલું તો જીવવું જ પડવાનું-પણ જીવન દરમ્યાન કોઈ જીવને બોજારૂપ ન બનું એ રીતે જીવવા અર્થે જ આ બધી દોડધામ છે; એટલે મારી દોડધામ તો To avoid Sickness છે. Not to avoid death. મૃત્યુ તો મારા માટે આશીર્વાદરૂપ છે, કારણ કે મને ગળા સુધી ખાતરી છે કે I shall be going to better place after my death. હું સરસ રીતે અને પવિત્ર જીવન જીવ્યો છું, એટલે મને મૃત્યુનો ભય કે આઘાત ન હોય."

૧૯૬૦માં ૬૧માં ભારતીય વિદ્યાભવનમાં જ્યોતિષના ક્લાસોમાં જતા હતા અને પોતે પોતાનું ભવિષ્ય ભાખેલું કે હું કર્કના શનિમાં જવાનો છું. અને તે પણ ૧૯૭૬માં માગશર મહીના દરમ્યાન જ.

માગશર મહીનામાં અમરેલીના ઘર બળી ગયા (ઇ.સ. ૧૯૧૫). પત્નીનું મૃત્યુ માગશર માસમાં થયું (ઇ.સ. ૧૯૪૬). પિતાનું મૃત્યુ પણ માગશરમાં (ઈ.સ. ૧૯૫૯). એટલે દરેક વખતે માગશર માસ આવે છે ત્યારે હું થાકેલો, કંટાળેલો અને નિરૂત્સાહી અને હતાશ થઈ જાવ છું, તેની જ ખરાબ અસર તબિયત પર થતી હોય તેમ માનું છું." ૩૧-૧૨-૭૫

વર્તમાન પરિસ્થિતિમાં કંઈક કંટાળી ૧૩મી જુને જણાવ્યું છે કે :



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"આધ્યાત્મિક માર્ગે જવાને બદલે ક્યાં વિચરી રહ્યો છું? આવી ભાટાઈ કરતાં સન્માન-પત્રો લખવાનો મોહ કેમ થઈ આવે છે? બેકાર છું? આત્માની કંઈ પડી નથી? પ્રતિષ્ઠા અને અહંકાર અંગે કડક લેખો 'આત્માનંદ પ્રકાશ' માટે શોધું છું. તેના પર કડક ટીકા કરી તેને Sweet Poisonની ઉપમા આપી આવી પ્રતિષ્ઠા–અહંકારને બીજી બાજુ ઉત્તેજન આપું છું. આ બધી પટલાઇ છોડી આધ્યાત્મિક માર્ગે ધ્યાનયોગના માર્ગે વળું."

૧૯૩૬માં પ્રથમ અઠ્ઠાઇ કરી હતી અને ત્યાર પછી આઠ–નવ–દશ અને અગિયાર ઉપવાસ કર્યા હતા. પૂ. પં. પૂર્ણાનંદવિજયજી મહારાજના સહવાસમાં તેમણે સારી તપશ્ચર્યા કરી હતી. ૧૯૩૯માં વર્ધમાન તપ આયંબિલની ઓળીની શરૂઆત કરી હતી. ૧૯૫૭માં સુજાલપુરમાં અઠ્ઠાઈ કરી હતી.

नास्ति रागसमो रीपु: માનવ જાતનો કટ્ટર શત્રુ અને ભવભ્રમણ કરાવનાર રાગ છે. રાગ એ એવુ કાતિલ ઝેર છે એનું ભાન મારા અનંતા ભવોમાં ક્યારેય ન થયું હોય એવું વર્તમાન ભવમાં થયું છે. અત્યંત ઝેરી નાગ દંશ મારે અને તેનો ભોગ થનારની રગેરગમાં ઝેર વ્યાપી ગયું હોય, શરીર લીલુ કંચન થઇ ગયું હોય પછી તે બચી શકતો નથી. એવું જ મારી બાબતમાં બન્યું છે. વાત તો પૂરેપૂરી સમજમાં આવી ગઇ હોવા છતાં એ ઝેરમાંથી રાગના દ્વેષના વ્યાપી ગયેલા ઝેરમાંથી વર્તમાન ભવમાં તદ્દન મુક્ત થવાની બહુ ઓછી આશા છે, પણ એ દંશના જે સંસ્કાર મારા આત્મા પર અંકિત થયા છે, એ સંસ્કારોના કારણે હવે પછીના કોઇ ભવમાં રાગ મારા આત્મા પર પકડ જમાવી શકશે નહીં એ તો ચોક્કસ છે.

This is my last and final imprisonment મારા સમગ્ર જીવનમાંથી મને શું પ્રાપ્ત થયું એવું પૂછવામાં આવે તો કહું કે મને જીવનમાંથી જે મહાન જ્ઞાન પ્રાપ્ત થયું છે તે આ છે: "જીવનમુક્ત બનવા માટે રાગથી મુક્ત રહો. મારી પાસેથી બોધ લેવાનો હોય તો આ જ છે."

૧૦મી ફેબ્રુઆરીએ પોતે પોતાના મૃત્યુ પછી સગા–સંબંધીઓ અને મિત્રોને લખવાના પત્રનો મુસદ્દો લખ્યો છે. તેમાં શરૂઆતમાં જણાવ્યું છે:

No Border of any colour–Simple Type. ત્યાં જ જણાવ્યું છે: "મારા મરણના સમાચાર છાપામાં આપતી વખતે સ્પષ્ટ લખવું કે સાદડી, બેસણું કે ઉઠમણાની પ્રથા બંધ છે." આગળ લખ્યું નથી પણ રૂબરૂમાં જણાવ્યું હતું કે જેમને આશ્વાસન આપવું જ હોય તેમણે પત્રથી આશ્વાસન આપવું.

મૃત્યુ પછી ડૉ. ભૂપતભાઇ (અમારા પિતરાઇ) અને ડૉ. આર. એસ. મહેતાને મળતાં તેઓએ કહ્યું કે છેલ્લે તેમને પક્ષઘાત paralysisનો હુમલો મૃત્યુ અગાઉ અડધી કલાક પહેલાં આવ્યો હતો. તે દિવસે સાંજના ચાલીને પાર્લાથી જુહુ ગયેલા. મૃત્યુ વખતની પરિસ્થિતિનું તેમને શ્રાવણ સુદ પૂનમની રાત્રીએ (૯મી ઓગસ્ટ ૭૬) સ્વપ્નુ આવેલું. તેમના શબ્દોમાં જણાવે છે "છેલ્લા વર્ષમાં ત્રણચાર વાર સ્વપ્ન આવેલા. સ્વપ્નમાં મારા દેહને લકવામાં–પરેલીસીઝમાં સપડાયેલો જોયો છે. શરીર દ્વારા સ્વપ્નમાં અનુભવાતી સ્થિતિથી કાંઈ વેદનીય કર્મ ભોગવાય જતા હશે? વેદનીય કર્મનો સંબંધ દેહ અને મન બંને સાથે હોવો જોઇએ કે માત્ર મનથી પણ ભોગવાય જતા હશે? સ્વપ્નમાં સુતેલી અવસ્થામાંથી ઉભો કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બેઠો થવા પ્રયત્ન કરૂં પણ તેમ થઇ શકે જ નહીં. દેહની પરાધીનતા જોઉં ખરો પણ દેહ તો સુરક્ષિત જ હોય છે. સ્વપ્ન પુરૂં થાય અને ભાન થાય કે આ તો સ્વપ્ન હતું, પણ સ્વપ્ન અનુભવતી વખતે તો બધું સાચું જ લાગે અને upset પણ થઇ જાવ."

'દાંપત્ય જીવનના અંતિમ દિવસે'ના લેખમાં પત્નીના મૃત્યુ વિષેના ભાવો પ્રગટ થઈ ગયા. કોણ જાણે એમ થાય છે કે પત્નીના વિયોગનું આ વર્ષ (૧૯૭૯) પણ છેલ્લું જ લાગે છે. તબિયતમાં એવી કોઇ ગંભીરતા ભલે આજે નથી પણ દેહ એ તો કાચનો–ટુકડો એને નંદવાતા વાર શી? એથી જ તો આ લેખ લખવાની પ્રેરણા પત્નીના આત્મા દ્વારા ન થઈ હોય! બાકી તો પત્ની જે દિવસે મૃત્યુ પામી તે દિવસથી જ મૃત્યુનો ભય ઉડી ગયો છે. વર્તમાન જીવન એટલે વિયોગવાળું જીવન–મૃત્યુ એટલે પછી વિયોગનો અંત–પછી તો નવું જીવન વિયોગની વેદના વિનાનું.

Days in this world are practically over એવું લાગ્યા કરે છે. જિજીવિષા નથી એટલે મૃત્યુનો ભય નથી રહ્યો. જીવન એવી રીતે જીવ્યો છું કે મૃત્યુ પછી શી ગતી થશે એ અંગે પણ કાંઈ વસવસો નથી રહ્યો મે દુષ્કૃત્યો કહેવાય એવા દુષ્કૃત્યો તો કોઇ કર્યા નથી. ભાગ્યે જ કોઈ જીવને નારાજ થવાનું કારણ આપ્યું છે. મૃત્યુના કારણે બધા રાગનો અંત Automatically આવી જશે અને રાગના કારણે દુઃખ-વેદના તો એવા સહ્યા છે કે નવા જન્મે રાગથી અગ્નિ માફક દૂર ભાગીશ.

એમને પ્રિય રાજચંદ્રજીની કાવ્યપંક્તિઓ–

"રાગદ્વેષ અજ્ઞાન છે, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ."

આવા પરમ સ્નેહાળ, સાચા સંસ્કારનું સિંચન કરનાર અનેક ગુણોના ભંડાર પૂજ્ય પિતાજીને પગલે ચાલવાનો સંકલ્પ કરી કોટિ કોટિ વંદન કરૂં છું.

## પૂ. મુનિશ્રી જંબુવિજયજીનો પત્ર

પાટણ
માગશર વદ ૧૩

શ્રી મનસુખભાઇના સ્વર્ગવાસના અણધાર્યા સમાચાર વાંચી આંચકો લાગ્યો. એકદમ શું થયું? એક ધર્મનિષ્ઠ, સાહિત્યપ્રેમી, જુની પેઢીના પ્રૌઢ અનુભવી, જ્ઞાનપ્રેમી, નિષ્ઠાવાન કાર્યકરની જૈન સમાજમાં ખોટ પડી છે. સભાએ એક સ્થંભ જેવા મુખ્ય સંચાલકને ગુમાવ્યા છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

મુનિશ્રી જંબુવિજયજીના ધર્મલાભ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વ. શ્રી મનસુખલાલભાઈ તારાચંદ મહેતા

# સ્મરણાંજલિ

—ખીમચંદ ચાંપશી શાહ

કેટલીએક વ્યક્તિઓ સંસારમાં રહેવા છતાં ઉચ્ચ આધ્યાત્મિક જીવન જીવતી હોય છે. આવી વ્યક્તિઓ પોતાનામાં રહેલા ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયો નાબૂદ કરવામાં અને પોતામાં જ્ઞાન, ચારિત્ર આદિ ગુણો વિકસાવવામાં સતત પ્રયત્નો કરતી રહે છે. તેમને આપણે પુરાતન કાળના ઋષિઓ સાથે સરખાવી શકીએ. સ્વ. શ્રી મનસુખલાલભાઈ આવી એક વ્યક્તિ હતા.

શ્રી મનસુખલાલભાઇનાં પત્ની શ્રી લીલાવતીબહેન સંવત ૨૦૦૨માં સ્વર્ગવાસી થયાં. શ્રી લીલાવતીબહેનનું આખું જીવન ધર્મના રંગે રંગાયેલું હતું, અને તેમના સ્વર્ગવાસથી શ્રી મનસુખભાઇના એકવીસ વર્ષ પર્યંતના ધર્મપરાયણ સુખી ગૃહસ્થી જીવનનો અંત આવ્યો. આ આઘાત શ્રી મનસુખભાઇ માટે અસહ્ય હતો, પણ તેમણે ધૈર્યપૂર્વક સહી લીધો, અને પોતાનું સંતપ્ત થયેલું ચિત્ત શાંતિ માટે સારાં સારાં પુસ્તકોના અને ધાર્મિક ગ્રંથોના વાંચન-મનન તરફ વાળ્યું. સં. ૨૦૧૦માં પં. શ્રી બેચરદાસજી સાથે અલમોડા અને કૌસાની જઈ સ્વામી આનંદના સાન્નિધ્યમાં આધ્યાત્મિક અભ્યાસની તાલીમ પણ લીધી. પછી તો પુત્રો જેમ જેમ વ્યવસાય–વ્યવહારનો બોજો ઉપાડતા ગયા, તેમ તેમ પોતે સાંસારિક પ્રવૃત્તિઓ ઓછી કરતા ગયા અને નિવૃત્તિપરાયણ તથા સેવાભાવી જીવન તરફ ઢળતા ગયા.

શ્રી મનસુખભાઇ સાથે મારો સૌ પ્રથમ મેળાપ સત્તરેક વર્ષ પહેલાં થયો હતો. સ્વ. શ્રી ફત્તેહચંદભાઈ તે વખતે આપણી સભાના એક ઉપપ્રમુખ હતા. સભા પ્રત્યે ખૂબ પ્રેમ ધરાવતા હતા અને સભાના શ્રેય–પ્રેય માટે સતત પ્રયત્નશીલ રહેતા હતા. શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશી વિમેન્સ યુનિવર્સિટીના કામકાજ અંગે મારે લગભગ દર મહિને એક આંટો મુંબઇ જવાનું થતું અને દરેક વખતે હું શ્રી ફતેહચંદભાઈને અચૂક મળતો. સામાન્ય રીતે સાંજના તેમના નિવાસસ્થાને અમે મળતા. સભાના કામકાજની ચર્ચા કરતા, સાથે જમતા અને જમ્યા પછી સભાના કામ માટે જરૂર હોય તો કોઇને સાથે મળવા જતા. મને યાદ છે તે પ્રમાણે સં. ૨૦૧૬માં આવી એક સાંજે શ્રી મનસુખભાઈ સાથે મારો મેળાપ શ્રી ફતેહચંદભાઈને ત્યાં થઇ ગયો.

શ્રી મનસુખભાઈની સાદાઈ પ્રથમ દૃષ્ટિએ જ ધ્યાનમાં આવે તેવી હતી. તેમણે શરીર ઉપર સહેજ ભગવા રંગની કફની પહેરી હતી માથે ખાદીની આછા રાખોડી રંગની ટોપી ઓઢી હતી અને તેમના મુખ ઉપર નરી સૌમ્યતા નીતરતી હતી. સાદાઈ અને નમ્રતાની સાથે જ વિશાળ વાંચન અને ઉચ્ચ વિચારો જોઈ હું પ્રભાવિત બન્યો. તે જ વખતે તેમની સાથે વિશેષ પરિચય કેળવવાનો નિર્ણય મેં મનોમન કરી લીધો. શ્રી ફતેહચંદભાઈએ મારા આ નિર્ણયને આવકાર્યો, એટલું જ નહીં, તેમની સાથે પરિચય વધારવાની સુવિધા પણ કરી આપી. ત્યાર બાદ જ્યારે જ્યારે હું તેમને મળવાનો સમય આપતો, તે સમયે શ્રી મનસુખભાઈને પણ હાજર રહેવા તેઓ આમંત્રણ આપતા. આમ શ્રી ફતેચંદભાઈની રાહબરી નીચે અમારો પરિચય વધતો ચાલ્યો. અને પછી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો તેઓ સભાની કાર્યવાહીમાં રસ લેતા પણ થઈ ગયા.

સં. ૨૦૨૩ના ભાદરવા શુદિ બીજના રોજ શ્રી ફતેચંદભાઇ સ્વર્ગવાસી થયા. સભાને એક સતત હિતચિંતક મુરબ્બીની જબ્બર ખોટ પડી. મુંબઇમાં સભાના કામકાજ અંગે તેમનું સ્થાન લે તેવી વ્યક્તિની શોધ ચાલી. મને શ્રી મનસુખભાઇ સાંભર્યા. મેં તેમને વિનંતિ કરી અને છેવટે મારા આગ્રહથી તેમણે તે કામ સ્વીકાર્યું. સભાએ તેમને શ્રી ફતેહચંદભાઈની ખાલી પડેલી જગ્યાએ ઉપ-પ્રમુખ નીમ્યા અને તેમને મુંબઈના કામકાજની સોંપણી કરી. આ કામ તેમણે કેવી સુંદર રીતે નિષ્ઠાપૂર્વક કર્યું છે, તે સભાનો છેલ્લા નવ વર્ષનો ઈતિહાસ બતાવી આપે છે. નવા નવા પેટ્રનો બનાવવામાં, સભાને આર્થિક રીતે મજબૂત કરવામાં તેમજ મુંબઇના જૈન સમાજમાં સભાને વિશેષ ખ્યાતિ અપાવવામાં તેમનો ફાળો નોંધપાત્ર છે, કદી ભુલાય તેવો નથી.

શ્રી ફતેહચંદભાઇના સ્વર્ગવાસ પછી મેં તેમને મળવાનું તેમની રૂમ ઉપર જ રાખ્યું હતું. તેમણે એક સારી એવી મોટી રૂમ કોટમાં, પારસી બજાર સ્ટ્રીટમાં, શારદા બિલ્ડિંગમાં, પહેલે માળે રાખી હતી. તેમાં તેઓ એકલા પોતાનાં પુસ્તકો સાથે રહેતા. તેમના પુત્ર ચિ. ભાઇ શશિકાંતનો બ્લોક તે જ બિલ્ડિંગમાં ચોથે માળે હતો. ત્યાં પોતે માત્ર ભોજન અર્થે જતા. પોતે નિવૃત્ત અને સાધુ જીવન ગાળતા અને પોતાનો સમય વાંચન, ચિંતન, મનન અને લેખનમાં પોતાનાં પુસ્તકોની વચ્ચે પોતાની રૂમમાં વિતાવતા. મુલાકાતીઓને પણ આ જ રૂમમાં મળતા. અમે મિત્રો રમૂજમાં આ રૂમને શ્રી મનસુખભાઇનો ઉપાશ્રય કહેતા.

દરેક ધર્મમાં તેના અંગભૂત સિદ્ધાંતો અને આચારો હોય છે. સામાન્ય જનને તે સીધી રીતે સમજવામાં મુશ્કેલી જણાય છે. પણ કથા-દૃષ્ટાંતો દ્વારા તે સહેલાઇથી સમજી શકાય છે. આ હેતુથી દરેક ધર્મમાં કથા-દૃષ્ટાંત સાહિત્ય ઓછા-વધતા અંશે રચાયેલું છે. જૈનોએ આ કથા-દૃષ્ટાંત સાહિત્યનું ખૂબ મૂલ્ય આંક્યું છે. તેને કથાનુયોગ એવું ગૌરવભર્યું નામ આપ્યું છે, અને તેને ખૂબ વિકસાવ્યું છે. શ્રી મનસુખભાઇ આ કથા-દૃષ્ટાંત સાહિત્યના ઊંડા અભ્યાસી હતા. તેઓ કથાઓના ભંડાર હતા. શ્રી કુલચંદભાઈ મહુવાકરે તેમને યથાર્થ રીતે જ કથાવારિધિ કહ્યા છે. પણ જેમ જમાને જમાને ભાષા-બોલી, પહેરવેશ, ખાનપાન વગેરેમાં ફેરફાર થતો આવે છે, તેમ કથાઓને લોકભોગ્ય રાખવા ખાતર તેમાંના મૂળભૂત સિદ્ધાંતોને અણીશુદ્ધ રાખીને તેના બાહ્ય કલેવરમાં-રજૂઆતમાં જમાને જમાને અનુકૂળ ફેરફારોની આવશ્યકતા રહે છે. શ્રી મનસુખભાઇ આ સત્ય બરાબર સમજ્યા હતા. એટલે કથાઓનું હાર્દ શુદ્ધ રાખીને તેમનું આજના જમાનાને યોગ્ય સુંદર રીતે મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરતા અને આધુનિક પદ્ધતિએ તેની રજૂઆત કરતા. તેમની શૈલી નિરાડંબરી હતી અને તેઓ પોતાનું કથિતવ્ય સરળ, સીધી, સચોટ ભાષામાં કહેતા. આથી તેમની કથાઓ કિશોર, યુવાન કે વૃદ્ધ, સ્ત્રી કે પુરૂષ સૌમાં પ્રિય બની હતી. વાચકને મનોરંજન સાથે ધાર્મિક અને નૈતિક ભાવમાં તરબોળ કરી દેવો તે તેમની કથાઓનો મુખ્ય હેતુ હતો અને તે તેમણે સુંદર રીતે પાર પાડ્યો હતો.

મેં તેમની વિદ્વતા અને કથા સાહિત્યનો લાભ લેવા વિચાર કર્યો, અને કોઈ કોઇવાર 'શ્રી આત્માનંદ પ્રકાશ'માં લખવા વિનંતિ કરી. તેમણે સૌ પ્રથમ 'મનનું પાપ' નામની કથા સં. ૨૦૧૮ના કારતકના અંકમાં આપીને પ્રારંભ કર્યો. શરૂઆતમાં વર્ષમાં બે-ત્રણ કથાઓ

( અનુસંધાન ૮૫ મા પેજ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કથા–સમ્રાટ
# શ્રી મનસુખભાઈ
# જેમણે મને પ્રેરણા પાઈ !!



લેખક : ડૉ. ભાઈલાલ એમ. બાવીશી M B B.S. પાલિતાણા

[ સંસ્મરણાત્મક એક શબ્દ–ચિત્ર ]

'મનસુખલાલ તારાચંદ મહેતા' વાંચીએ–સાંભળીએ એટલે મનોપટ પર એક સૌજન્ય-શીલ સજ્જનનું, સેવામૂર્તિ સેવકનું, નિષ્ઠાવાન કાર્યકરનું, સાહિત્યપ્રેમી સાહિત્યકારનું કથા–સમ્રાટ લેખકનું, અનેક સંસ્થાઓના માર્ગ-દર્શકનું અને વિશાળ સ્નેહીવર્ગના સ્નેહીજનનું એક આબેહુબ ને આકર્ષક ચિત્ર ખડું થાય છે, અને સૌજન્ય, સેવા, સાહિત્ય, સ્નેહ ને સૌહાર્દને આલેખતું એક ભાતીગળ જીવન ચલચિત્રની જેમ મનોસૃષ્ટિ પર એક મનોરમ્ય છાપ મૂકી જાય છે!

શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા પોતાના વ્યવસાયમાં તો કાર્યદક્ષ ને કુશળ હતા જ અને ન્યાય સંપન્ન વૈભવથી જ પોતાની કમાણી કરી હતી–પ્રામાણિક જીવન જીવ્યા હતા પણ સાથો સાથ સાહિત્યક્ષેત્રે–ખાસ કરીને કથા–વાર્તાના સર્જન–પ્રકાશનમાં અમૂલ્ય ફાળો આપ્યો હતો, તેમજ ચિંતન–મનનપૂર્ણ લેખસામગ્રી પણ વિપુલ પ્રમાણમાં વાંચકોને ચરણે ધરી હતી. મુંબઈની અને બહારની ઘણી શૈક્ષણિક–સામાજિક સંસ્થાઓમાં સંચાલન–માર્ગદર્શન આપી તેમના વિકાસ–વર્ધનમાં વિશિષ્ટ ભાગ ભજવ્યો હતો–એમ કહીએ કે એક નિષ્ઠાવાન ને નમ્ર સેવક તરીકે કાર્ય કરી છૂટ્યા હતા. વળી પોતાના પ્રેમાળ, સરળ ને સહૃદયી સ્વભાવને કારણે એક વિશાળ મિત્ર સમુદાય કેળવ્યો–મેળવ્યો હતો.

મને શ્રી મનસુખભાઈનો પ્રથમ પરિચય થયો ઈ.સ. ૧૯૪૦માં પાલિતાણામાં જ્યારે હું તાજેતરમાં શ્રી જૈન સેવા સમાજ દવાખાનામાં જોડાયો હતો. શ્રી મનસુખભાઇ મહેતા ત્યારે 'જ્યુપીટર લાઈફ ઈન્સ્યુરન્સ કું.'ના સંચાલક હતા અને નગરશેઠ શ્રી ચુનીભાઇ સાથે મને 'વિમા' અંગે મળવા આવેલા. વિમો ગમે તેમ સમજાવી–ભરમાવી ઉતારી લેવાની દૃષ્ટિએ નહિ પણ તેથી બચત ને અકસ્માતમાં લાભ થાય એવી સ્પષ્ટ સમજાવટથી વિમો લેવા સૂચવ્યું. કાંઇ જ દબાણુ નહિ, આગ્રહ નહિ, પણ તર્કપૂર્વક સમજાવટથી વિમો ઉતારનાર ઓછા જોયા છે. મને દિલમાં બેસી ગયું કે વિમો લેવો જરૂરી ને ફાયદાકારક છે એટલે વિમો લીધો. દબાણુથી નહિ દિલથી ! આ હતો મને એમનો પ્રથમ પરિચય જેણે તેમના વિષે એક અદ્ભુત છાપ પાડી !

પછી તો તેમના સાહિત્ય–સભર ને રસપ્રદ લેખો–લખાણો વાચતો ત્યારે તેમના સાહિત્યિક, સાંસ્કારિક ને સર્જક વ્યક્તિત્વનો ખ્યાલ આવતો ગયો. જ્યારે મુંબઇ જવાનું થતુ ત્યારે તેમને મળવાનો, ચર્ચા કરવાનો, સત્સંગ કેળવવાનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોકો મળતો ગયો અને મને તેમના સંસ્કારી, સદાચારી ને સાહિત્યિક સ્વભાવનો ખ્યાલ આવતો ગયો. એટલે તેમનો સંપર્ક સાધવાનો અને સત્સંગ કેળવવાનો પ્રસંગ વારંવાર મેળવતો અને ધીમે ધીમે જાણે હું એમનો એક નાનો મિત્ર બની ગયો.

તેમની સાથેના ઘણા પ્રસંગો મને રસપ્રદ ને બોધપ્રદ નિવડ્યા છે-મને જીવનમાં પ્રેરક ને પુષ્ટિદાયી જણાય છે, જેમાંના એકાદ બે પ્રસંગો નોંધનીય ને સ્મરણીય હોઈ આલેખું છું.

એક વખત મુંબઈ ગયો ત્યારે મુ. શ્રી ફત્તેહચંદ ઝવેરભાઈએ મને તેમને ત્યાં મળવા ચા-પાણીનું આમંત્રણ આપ્યું, ત્યારે શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા અને શ્રી ચીમનલાલ પાલિતાણાકર પણ સાથે હતા. તે વખતે વાતો-ચિતોમાં તેમની વિદ્વતાપૂર્ણ શક્તિની અને સ્નેહાળ સ્વભાવની મને પ્રતીતિ થઈ. ચર્ચામાં પણ જાણે 'અનેકાન્ત'ના અનન્ય અનુયાયી હોય તેમ વિવિધ રીતે પ્રશ્નની ને વિષયની છણાવટ કરતા. જેણે મને તક મળ્યે તેમનો સંપર્ક સાધવાનું આકર્ષણ કર્યું-વારંવાર મળવાનું ખેંચાણ કર્યું.

શ્રી મનસુખલાલભાઈ પાલિતાણા આવેલા અને આગમમંદિરમાં ઉતરેલા. ત્યારે શ્રી કુલચંદભાઈ દોશી સાથે તેમને મળવાની તક સાંપડી. જ્યારે તેમની વિદ્વત્તા, નમ્રતા, સરળતા ને સજ્જનતાની મારી છાપ વિશેષ દૃઢીભૂત બની, એમના આધ્યાત્મિક-સાહિત્યિક જ્ઞાનથી ખૂબ પ્રભાવિત બન્યો. એટલે એમને શકય હોય ત્યારે મળવાનો અને તેમના વિદ્વત્તાપૂર્ણ ને અનુભવભર્યા વ્યક્તિત્વનો લાભ લેવા મનોમન નિશ્ચય કર્યો.

પછી તો અમારો 'પર્યુષણની ક્ષમાપના'નો અને 'નૂતનવર્ષના અભિનંદન'નો ઔપચારિક પત્રવ્યવહાર શરૂ થયો જે દ્વારા પણ તેઓશ્રીએ ઘણી વખત મને પ્રેરક ને પુષ્ટિદાયક પંક્તિઓ લખી પ્રોત્સાહિત કર્યો. મારા એ પત્રિકાઓના સ્વરચિત ને કાવ્યમય લખાણોની પ્રશસ્તિ કરી મને ઉત્તેજન આપતા (જો કે એ લખાણો પ્રશસ્તિ યોગ્ય નહોતા જ) અને લેખ-વાર્તાઓ લખવા પ્રેરતા.

મારે ભારપૂર્વક કહેવું જોઈએ ને સ્પષ્ટ રીતે સ્વીકારવું જોઈએ કે તેઓશ્રીની આવી પ્રેરણાથી તેમજ 'શિક્ષણ-પત્રિકા', 'આત્માનંદ-પ્રકાશ' આદિમાં કથાઓ-વાર્તાઓના વાંચનથી મને પણ વાર્તા-કથા લખવાની પ્રેરણા મળી એટલે હવે કોઈ કોઈવાર નાની વાર્તા કે કથા 'આત્માનંદ પ્રકાશ', 'ગુલાબ' આદિમાં લખુ છું. પછી તો મુંબઈ જવાનું થતાં શ્રી 'શિક્ષણ-સંઘ'ની ઓફીસે શ્રી ચીમનલાલ પાલિતાણાકરને મળવા જાઉં ત્યારે શ્રી મનસુખભાઈ પણ ઘણીવાર મળી જાય, જ્યારે ઘણી સાહિત્ય ને સમાજને સ્પર્શતી વાતો કરીએ જેમાંથી ઘણું જાણવાનું મળતું.

એક સ્મરણીય ને પ્રેરણાદાયી પ્રસંગ મળ્યો, છેલ્લે છેલ્લે શ્રી મનસુખલાલભાઈના દુઃખદ અવસાનના થોડા જ દિવસો પહેલા મુંબઈમાં આપણી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની કારોબારી સમિતિની મિટીંગમાં હાજરી આપવા ગયેલ ત્યારે મુલુંડમાં શ્રી ચીમનલાલ પાલિતાણાકર, શ્રી રસિકલાલ કોરા અને શ્રી નગીનદાસ વાવડીકરને મળવા ગયેલ ત્યારે મુ. શ્રી મનસુખભાઈ પણ ત્યાં મળી ગયા.

પૂ. પં. શ્રી પૂર્ણાનંદવિજયજી (કુમાર-શ્રમણ)ને મળવા જતા ત્યાં ઉપાશ્રયમાં જ શ્રી મનસુખભાઈ મળી ગયા. પૂ. મહારાજશ્રી સાથે તેમના વિચાર-વિનિમય પરથી પણ તેમની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સરળતા ને નમ્રતા જણાઈ આવતી. વળી સાહિત્ય ને આગમોની પુષ્ટિ માટે તેમની ધગશ દેખાઈ આવતી. પછી તો અમે સૌ સાથે શ્રી ચીમનલાલ પાલિતાણાકરને ત્યાં ગયાં જ્યાં પણ શિક્ષણ-પત્રિકા, શિક્ષણ-સંઘ અને સાહિત્યમાં કથા-વાર્તાનું સ્થાન આદિ અંગે ઘણી વાતો કરી. પછી તો વિશેષ વાતો કરવા અને મળવા માટે શ્રી મનસુખભાઈએ મને તેમને ત્યાં જમવા આવવાનો આગ્રહ કર્યો. તેમના સ્નેહ ને સૌહાર્દ જોતાં અને તેમની સાથે વાતો કરવાની તક મળશે એ આશાએ ને આકર્ષણે મેં તેમનું આમંત્રણ સ્વીકાર્યું.

બીજે દિવસે મુ. શ્રી મનસુખભાઈને ત્યાં જમવા ગયો. પ્રેમપૂર્વક ને હસતે મુખડે મને આવકાર્યો. શ્રી કુલચંદભાઇ દોશી અને શ્રી ચીમનભાઇ પાલિતાણાકરને પણ આમંત્રણ આપેલ. સૌ સાથે આગ્રહપૂર્વક ને આનંદથી જમ્યા. ઘણી વાતો કરી. ખાસ કરીને તો સાહિત્યને સ્પર્શતી અને સામાજિક ઉત્થાનની, પાલિતાણામાં ઉચ્ચ શિક્ષણ માટે કોલેજની, કવિ-લેખક સંમેલનની આદિ વિચારણાઓ કરી. કોલેજનું તો શ્રી કુલચંદભાઇ દોશીનું જુનું સ્વપ્ન હતું. મને પણ એ પ્રવૃત્તિમાં રસ હતો અને થોડી પ્રાથમિક વિચારણાઓ પણ કરેલ જેને શ્રી મનસુખભાઇએ પુષ્ટિ આપી, મદદરૂપ થવા કહ્યું તેમના હસ્તકના ટ્રસ્ટોમાંથી તેમ જ સાથે ચાલી કેટલાક દાનવીરો પાસેથી શક્ય ફંડ' કરી આપવા વચન પણ આપ્યું. ત્યાં જ શ્રી ધીરજલાલ ટોકરશી શાહ આવી પહોંચ્યા એટલે શ્રીપાળ-મયણાનો વિવાદાસ્પદ પ્રશ્ન, ભગવાન મહાવીરના ૨૫૦૦મો નિર્વાણ કલ્યાણક મહોત્સવ, તિથિ ચર્ચા અને શત્રુંજયની પ્રતિષ્ઠા આદિ ચર્ચાઓ થઇ. દરમ્યાન મને ખૂબી તો એ જણાઈ કે શ્રી મનસુખભાઇ વિરોધાત્મક વલણને બદલે 'સ્યાદ્વાદ'ના પુરસ્કર્તા હોય તેમ સમજણપૂર્વક અને વિવેકપૂર્વક ચર્ચાને છણતા ને નિકાલ આણતા.

ઘણી વાતો બાદ છૂટા પડતા તેઓશ્રીએ મને એક મહત્ત્વની ને અગત્યની વાત કરી - "ડોક્ટર સાહેબ! મારે હવે થોડો વખત એકાંત જીવન ગાળવું છે, જ્યાં કોઈ મળે નહિ કે મુલાકાત નહિ; માત્ર વાંચન-ચિંતન-મનન નિરાંતે વિના અડચણ કરી શકું. તો ત્યાં 'વ્રેટી' જેવા નાના ગામડામાં એકાદ મકાનની સગવડ કરી આપો કે હું ત્યાં માત્ર એકલો જ રહી શકું." ગામડાની કેટલીક અગવડતાઓ વિચારી મેં કહ્યું : "મુરબ્બી, આગમ-મંદિર કે બીજી કોઈ ધર્મશાળામાં સારા સગવડતાભર્યા રૂમની સગવડ કરીએ જ્યાં જરૂરી સુવિધા મળી શકે. ગામડામાં થોડી ઘણી મુશ્કેલી પડશે." ત્યારે તેમણે સ્પષ્ટ કહ્યું : "ના, ના, પાલિતાણામાં રહું તો તમે કે બીજા મિત્રો મળવા આવો, ના પડાય નહિ અને એકાંત સેવાય નહિ ને દખલ રહ્યા કરે મારે થોડો વખત એકાકી જીવન ગાળવું છે ને એકાંતવાસ સેવવો છે જેથી હું મારા આધ્યાત્મિક જીવનને પુષ્ટ કરે તેવું ચિંતન-મનન-અધ્યયન કરી શકું." એટલે મેં કહ્યું : "ભલે, તો તેવી જગ્યા શોધી કાઢીશ અને આપને જણાવીશ." અને અમે હવે પાલિતાણામાં મળવાની આશા સાથે છૂટા પડ્યા. મને તેમના છૂપા આંતરિક-આધ્યાત્મિક જીવનની ઝાંખી થઈ.

પછી પાલિતાણા આવીને તેમના સગા થતા શ્રી ચુનીભાઇ નગરશેઠને મળવા અને સમાચાર આપવા ગયો. શ્રી મનસુખભાઇની એકાંત વાસની ઈચ્છા જણાવી અને આજુબાજુના કોઈ ગામડામાં સગવડ કરીશું એમ વિચાર્યું. ત્યાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો ત્રીજે જ દિવસે દુઃખદ સમાચાર સાંભળ્યા કે શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાનું અચાનક અવસાન થયું છે. આવા અચાનક આઘાતજનક સમાચાર સાંભળતાં જ અમને અત્યંત દુઃખ થયું, જાણે કોઇ આત્મિય જનને ગુમાવી બેઠા. સાહિત્ય જગતનો એક ચમકતો–ઝળહળતો તેજસ્વી સિતારો ખરી પડ્યો! કથા જગતને પ્રકાશિત કરતો સૂરજ જાણે અસ્ત થયો! અનેક મિત્રોનું એક સ્નેહ, સહાનુભૂતિ ને સદ્ભાવનું ઠેકાણું ખોઈ બેઠા! ઘણી સંસ્થાઓના માર્ગદર્શક ને પ્રેરક પિતા તેમને ઓશીંગણા બનાવી બીજી દુનિયામાં ચાલ્યા ગયા!

મને અંગત રીતે મુ. શ્રી. મનસુખભાઈના અવસાનથી ખૂબ ખોટ સાલશે. મારા પર્યુષણ ને નૂતનવર્ષના કાવ્યમય લખાણોનું કોણ મૂલ્યાંકન કરશે ને માર્ગદર્શન આપશે? મને કથા–વાર્તા લખવા હવે કોણ પ્રેરશે? અને મુંબઇ જતાં વાતો કરવાનો ને પ્રેરણા મેળવવાનો વિસામો હવે ક્યાં જડશે? ખરેખર એ સ્વજન ને સજ્જન હરહંમેશ યાદ આવ્યા જ કરશે, એમનો સરળ–પ્રેમાળ ને દયાળુ–માયાળુ સ્વભાવ કદી વિસરાશે નહિ એમની સાહિત્યિક સૃષ્ટિને સામાજિક દૃષ્ટિના પ્રેરકને પ્રોત્સાહક પડઘા કાનમાં ગુંજ્યા જ કરશે. એમનો આચાર વિચારનો સમન્વય અંતર પર રમ્યા જ કરશે.

સ્વ. શ્રી મનસુખભાઈના અકાળ અવસાનથી જૈન સમાજે એક નિષ્ઠાવાન ને પ્રાણવાન કાર્યકર ગુમાવ્યો છે. 'શિક્ષણ સંઘ', 'શિક્ષણ–પત્રિકા', 'આત્માનંદ સભા', 'આત્માનંદ પ્રકાશ' 'એજ્યુકેશન બોર્ડ', અમરેલીનું વિદ્યાર્થી ગૃહ અને અનેક સંસ્થાઓએ જાણે પોતાનો પિતા ખોયો છે એટલું દુઃખ અનુભવશે. કંઇક માસિકોના પાના તેમની કથા વાર્તાને ચિંતનપૂર્ણ લખાણો વિના સુનાં સુનાં, ને નીરસ બની જશે. કેટલાય મિત્રોની આંખો પોતાના સાહૃદયી સ્વજન જતાં અશ્રુભીની બની જશે. ત્યારે એમના કુટુંબની તો વાત જ શી કરવી! તેમનો તો જાણે આધાર–સ્થંભ ટળી ગયો!

મુ. શ્રી. મનસુખભાઇનો દેહવિલય થયો છતાં એમના નામની ને કામની સુવાસ આપણને પ્રફુલ્લિત કરતી રહેશે. એમનું વૈવિધ્યભર્યું ને અર્થપૂર્ણ સાહિત્ય વાંચકોને વર્ષો સુધી પ્રેરણાદાયી બની રહેશે. એમની સેવા પ્રવૃત્તિઓ કાર્યકરોને સેવા ક્ષેત્રે પ્રવૃત્ત બનાવશે. એમ કહીએ તેઓશ્રી દેહથી ભલે વિલીન થયા પણ એમના કાર્યોને કથાઓ અમર બની રહેશે. એમને યાદ કરીએ ને પ્રેરણા મેળવીએ! વાહ મનસુખભાઈ મહેતા! ધન્ય તમારૂં જીવન! ધન્ય તમારૂં કવન!

## ધર્મનું બીજ

આપણે એ ભૂલી જઈએ છીએ કે ધર્મનું બીજ ધર્મશાસ્ત્રોમાં નહિ પણ માનવહૃદયમાં છે. જો એ બીજ માનવહૃદયમાં ન હોય તો ધર્મશાસ્ત્રો અને ધર્મગ્રંથોનો એવા માણસ માટે કશો ઉપયોગ નથી.

—સ્વ. મનસુખલાલભાઇ

'જોયું ને જાણ્યું–પાનું ૫૦'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મનસુખલાલ તારાચંદ: આધુનિક યુગના પરકાયપ્રવેશક એક ગૃહસ્થયોગી

લે. શાહ રતિલાલ મફાભાઈ

પ્રાચીન યુગની કથાઓમાં અનેક યોગીઓએ પરકાય પ્રવેશની વિદ્યા પ્રાપ્ત કરી હતી, જે અંગેની અનેક કથાઓ જોવા મળે છે. એની પાછળનું રહસ્ય શું હતું તે આપણે જાણતા નથી. આપણે માત્ર એટલું જ જાણીએ છીએ કે એ બીજાઓના શરીરમાં પ્રવેશ કરી ધાર્યું કામ કરાવતા અને પોતાનો હેતુ સિદ્ધ થયે એ નવા દેહનો કબજો છોડી દેતા. કહેવાય છે કે ત્યારે એ યોગીના ઉત્તર સાધક યોગીના દેહનું રક્ષણ કરતા. દેહ એ સાધના દરમ્યાન નાશ પામે તો યોગીને અહર્નિશ અન્ય દેહોમાં ભટકવાનું જ રહે. ગમે તે હો, પણ એક વાત છે કે સાધના દ્વારા બીજાના દેહનો કબજો લઈ શકાતો.

આજના આધુનિક યુગમાં પણ બીજાનો કબજો લઈ શકાય છે. પણ પહેલાની જેમ મૂળ જીવને મૂર્છિત કરીને નહીં, પણ સ્નેહ-પ્રેમ-સેવા-સજ્જનતા-પ્રમાણિકતા-ન્યાય આદિના ઉચ્ચ ગુણોથી બીજાના હૈયામાં સ્થાન જમાવી શકાય છે, અને એવી વ્યક્તિ મૂર્છિત ન બનતાં ઊલટી ઉર્ધ્વગામી બને છે.

શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા આવા જ એક ગૃહસ્થ યોગી હતા જે આજના આધુનિક યુગમાં પોતાના ઉચ્ચ ગુણોથી અનેકના હૈયામાં સ્થાન જમાવી શકતા. એમનું દર્શન એવું પવિત્ર અને નિર્મળ હતું કે પ્રથમ દર્શને જ એ પોતાના ઉચ્ચ ગુણોથી સામેની વ્યક્તિ પર છાપ પાડી એને પોતાની બનાવી શકતા, અને વર્ષોનો સંબંધ હોય એવું વાતાવરણ જમાવી શકતા.

મને આજથી લગભગ દશેક વર્ષ પર એમને મળવાનો યોગ સાંપડ્યો હતો અને ત્યાર બાદ બે ત્રણ વખત મુંબઈમાં ૨૦-૨૦ દિવસના રોકાણમાં એમના ઘનિષ્ઠ પરિચયમાં આવ્યો હતો. મને યાદ છે ત્યાં સુધી મારા પુસ્તક અંગે હું મુંઝવણ અનુભવતો હતો ત્યારે એ પોતે જ મને સામેથી મળવા આવ્યા હતા અને ઉપયોગી સૂચનો કર્યા હતા. એમની સેવા સજ્જનતા, નમ્રતા તથા નિર્મળ સ્નેહ જોઈ હું મુગ્ધ બની ગયો હતો, અને એકવાર અન્ય મિત્રો સાથે મને પણ આગ્રહ પૂર્વક પોતાને ત્યાં ભોજન લેવા આમંત્રી મારા હૈયામાં એમણે ઊંડું સ્થાન જમાવી દીધું હતું.

મારા સાહિત્ય અંગે કથા વાર્તા અંગે તથા કેટલાક વિવાદાસ્પદ પ્રશ્નો અંગે હું એમની સલાહ માંગતો, માર્ગદર્શન ઈચ્છતો ત્યારે એ તરત જ મને જોઈતી સહાય આપતા અને વિચારો માટે પણ આપ લે કરતા. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના અવસાન પછી મુંબઈ ખાતે એ મારૂં પૂછવા ઠેકાણું હતા. આ કારણે એમના અકાળ અવસાનથી સમાજને તો મોટી ખોટ પડી છે પણ મને તો તેથી ય વિશેષ ખોટ પડી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારા સમારોહ અંગે એમણે મને જણાવ્યું કે તમારૂં પ્રચાર તંત્ર ખૂબ જ નબળું છે. તે અંગે કેટલાક ઉપયોગી સૂચનો કર્યા. મેં પ્રત્યુત્તર વાળ્યો કે મુંબઈ ખાતે મારા પ્રચાર-કાર્યના તમે જ મંત્રી અને સંચાલક બની જેમ કરવું ઘટે તેવા માર્ગો લેવાની હું તમને સત્તા આપું છું. આ પછી એમણે 'જૈન', 'આત્માનંદ પ્રકાશ' વગેરેમાં જાહેરાતો કરી વાચકોને પ્રેરણા આપતું સાહિત્ય પણ પ્રગટ કરાવ્યું અને અવારનવાર પત્રો લખી સૂચનો પણ કરવા શરૂ કર્યા.

મારા સમારોહ અંગે તેમણે રૂા. ૫૧) અમદાવાદ સન્માન કમિટિને ભર્યા. મેં જણાવ્યું કે તમારો ફાળો લેવાનો નથી. એના જવાબમાં એમણે તા. ૧-૧૨-૭૬ના પત્રમાં લખ્યું કે "તમે મને અસ્પૃશ્ય જેવો ગણી લીધો. એથી મને ઘણું દુઃખ થયું છે. પૈસા મહત્વની ચીજ નથી પણ આ તો તમારા પ્રત્યેની ભક્તિનું પ્રતીક છે, એટલે તમારાથી ના પાડી શકાય જ નહીં. બાકી હવે પ્રચાર કાર્ય ગોઠવાઈ ગયું છે તો એકાદ માસમાં તેનું ફળ મળશે જ. માટે ધીરજ રાખશો. અને અગાઉના પત્રોમાં તો જણાવેલું કે હું ૩૦૦૦) ત્રણ હજાર તો સહેલાઈથી મેળવી શકીશ ને તમારી જરૂરિયાત પૂરી કરી દઈશ.

મેં બીજી તારીખે પ્રત્યુત્તર આપ્યો કે મારે અંગે હવે ચિંતા કરવાનું નહીં રહે. ઠીક ઠીક ફાળો 'પ્રબુદ્ધ જીવન' ઓફિસે મેળવ્યો છે. બાકી તમારૂં દિલ દુભાતું હોય તો હું તમારા રૂા. ૧૧) સ્વીકારીશ, પણ દુઃખની વાત કે મારો એ પ્રત્યુત્તર એ વાંચે એ પહેલાં જ તેઓ તા. ૨-૧૨-૭૬ ના રોજ અચાનક ચાલ્યા ગયા.

જે એક દિવસ આ દુનિયા પર આવે છે એ એક દિવસ તો જવાના જ છે. પણ જેઓ પોતાના ઉમદા ગુણોથી એક સુવાસ પાથરી જાય છે એનો મઘમઘાટ લાંબા કાળ સુધી પણ ભુલાશે નહીં. આજના યુગમાં સજ્જનતાની આવી મૂર્તિ મેં ભાગ્યે જ બીજે જોઈ હશે અને સજ્જનતા સાથે સ્નેહ-ત્યાગ-નિર્મળ પવિત્ર જીવન અને સેવાવૃત્તિ ભાગ્યે જ બીજે જોવા મળશે. આમ અનેક ગુણોનો એમનામાં સુયોગ થયો હોઈ એમની ખોટ સમાજને લાંબા વખત સુધી સાલ્યા કરશે.

આપણે તો હવે શાસનદેવને પ્રાર્થના કરીએ કે એમનો આત્મા જ્યાં હોય ત્યાં શાંતિ પ્રાપ્ત કરે અને એમની ખોટ પૂરાય એવી સમાજ પર કૃપા વરસાવે.

જ્ઞાનનો દીપક પ્રગટાવશો તો
હતાશાનો અંધકાર હટીને દિવાળી પ્રગટી રહેશે.



દરેક પ્રકારના...
સ્ટીલ તથા વુડન ફર્નીચર માટે
મહાલક્ષ્મી સ્ટીલ કોર્પોરેશન
શો રૂમ :— ગોળ બજાર ☐ ભાવનગર ☐ ફોન નં. 4525



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અધ્યાત્મજ્ઞાની તત્ત્વચિંતક શ્રી મનસુખલાલભાઇ

લેખક : ગોતમલાલ અ. શાહ ( ઉપપ્રમુખ : અધ્યાત્મજ્ઞાન પ્ર. મંડળ )

યોગ અને અધ્યાત્મ સાહિત્યના ઊંડા અભ્યાસી અને તત્ત્વચિંતક શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાએ અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળના ઘણા વર્ષો સુધી પ્રમુખ તેમજ ટ્રસ્ટી તરીકે એ મંડળની અમૂલ્ય સેવા બજાવેલ છે. આ મંડળના સહકાર્યકર તરીકે હું તેમના ઘણા નિકટના સંપર્કમાં હતો.

મંડળની કાર્યવાહીમાં અતી ઊંડો રસ લેતા. તેનું વર્ષો સુધી સુકાન સંભાળી અનન્ય માર્ગદર્શન તેમણે આપેલ છે. તેમની છેલ્લી ઘડી સુધી પણ આ મંડળની પ્રવૃત્તિ તેમને હૈયે હતી. તેમના દેહ વિલયના થોડા દિવસ અગાઉ મંડળની કાર્યવાહક સમિતિની એક સભા મળી હતી. આ મીટીંગમાં મહેસાણા મુકામે તા. ૯મી ડિસેમ્બરે પૂજ્યપાદ શ્રી પદ્મસાગરજી મહારાજ સાહેબને અપાનાર આચાર્ય પદવીદાન સમારંભમાં હાજરી આપવા માટે મંડળના પ્રતિનિધિઓ નક્કી કરવામાં આવ્યા હતા. તેમના નેતૃત્વ હેઠળ આ પ્રતિનિધિ મંડળે ત્યાં હાજરી આપવા જવાનું હતુ. તેમની ટિકીટ પણ તે પ્રમાણે રીઝર્વ થઈ હતી. દરમ્યાન તેમના આત્મીય સગા પંડિત બેચરદાસની અચાનક માંદગી અંગે અમદાવાદ જવાનું થયું. પણ પાછા આવી તેમને મને તા. ૨-૧૨-૭૬ના રોજ સવારમાં ટેલીફોન આવ્યો. આ સમારંભમાં જવા અંગે અમોએ વિસ્તૃત રીતે દશેક મિનિટ સુધી ચર્ચા-વિચારણા કરી અને છેવટનું સ્વરૂપ આપી તે જવાબદારી કાંઈક રીતે અમને સોંપી. વાતચિત દરમ્યાન તેમણે કહ્યું કે તા. ૯મીએ હું કયાં હોઇશ તેની મને ખબર નથી. મેં બધી તૈયારી કરી રાખી છે. તા. ૯મીએ હું કદાચ પ્રત્યક્ષ નહિ તો પરોક્ષ રીતે પણ મહેસાણાના પ્રસંગમાં હાજર હોઈશ. મેં આ વાતને કાંઈક સહજ રીતે ગણી. કારણ અમારી પણ ઈચ્છા હતી કે મુસાફરીનો પરિશ્રમ ન વેઠે તો સારૂં ! કારણ અચાનક એમને અમદાવાદ જઈ આવવું પડયું હતું.

તા. ૩જી ડિસેમ્બર એટલે બીજે જ દિવસે સવારે જ્યારે તેમના દેહ વિલયના સમાચાર મળ્યા ત્યારે મારૂં મન શૂન્ય થઈ ગયું અને એક તીવ્ર આઘાત અનુભવ્યો. ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે ગઈ કાલે તેમણે ટેલીફોન પર ઉચ્ચારેલી વાણીમાં ઊંડો સંકેત હતો અને મર્મભરી વાણી હતી. આમ મંડળની અનેકવિધ પ્રવૃત્તિમાં તેમની ચીવટ અને સુઝ વિશિષ્ટ પ્રકારના હતાં.

આ મંડળની વિવિધ પ્રવૃત્તિમાં તેમણે અર્પેલ અમૂલ્ય ફાળો અને કાર્યશક્તિ દીપી ઊઠે છે. યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજીના સાહિત્યનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો હતો અને તેમના સાહિત્ય પર મનનીય પ્રવચનો પણ આપ્યાં હતાં.

જૈન ધાર્મિક અભ્યાસના એક મહાન પ્રેરક હતા. જૈન બાળકોમાં ધર્મનાં સંસ્કાર રેડાય તે માટે તેઓ ચિન્તન કરતા. ધાર્મિક શિક્ષણ સંઘ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્વારા ધાર્મિક શિક્ષણને વેગ આપવામાં તેમનો ઘણો ફાળો છે. જૈન એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષાની પ્રવૃત્તિમાં તેઓએ મંત્રી તરીકે અતિ ઉપયોગી સેવા અર્પેલ છે. પરીક્ષક તરીકે પોતાની અમૂલ્ય સેવાનો ઉપયોગ કરી હરહંમેશ સક્રીય માર્ગદર્શન આપતા રહ્યા હતા. આ ઉપરાંત જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તેમજ જૈન સમાજની કેટલીક અન્ય સંસ્થાઓમાં પણ પ્રસંશનીય સેવા અર્પેલ છે. તેઓ જે સંસ્થામાં જોડાતાં તેમાં તે સંસ્થાઓના કાર્યમાં રસપૂર્વક જતન કરતા અને તે સંસ્થા ફૂલીફાલી કેમ બને તેની અહોનીશ ખેવના રાખતા.

તેમના જીવનનો શરૂનો વ્યવસાય વીમા કંપનીના એજન્ટ તરીકેનો હતો. પરંતુ વીમા કંપનીના રાષ્ટ્રિયકરણ પછી તેમની સાહિત્યિક પ્રવૃત્તિ અને સમાજ સેવાની વૃત્તિ ઝડપથી વિકાસ પામી. સાહિત્યનો ઊંડો અભ્યાસ કર્યો અને સમાજને કેવું સાહિત્ય જોઈએ છે તેની નાડ પારખી. સમાજને પોતાના સાહિત્યનું ઊંડું જ્ઞાન પોતાના પ્રવચનો દ્વારા તેમજ પુસ્તકો દ્વારા આપ્યું. શીલધર્મની કથાઓ તેમણે અનેક લખી છે. આ કથાઓનું પ્રેરક વાંચન આબાલ વૃદ્ધ સૌને ગમે તેવું સરળ અને પ્રેરણ દાયક છે. તેથી તેમના આ પુસ્તકનું પ્રકાશન આ મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પુસ્તકની પ્રશસ્તિ એટલી પ્રચાર પામી કે મંડળે પ્રગટ કરેલ આવૃત્તિની સઘળી કોપીઓ ખલાસ થઈ ગયેલ હતી. આ એમના સાહિત્યની પ્રશસ્તિ અને રૂચી બતાવે છે.

તેમની જીંદગી જીવવાની રીત અનોખી હતી. હંમેશાં કાર્યરત રહેતા. Simple living અને High thinking–સાદું જીવન અને ઉચ્ચ વિચારો એ એમનો જીવનમંત્ર હતો. નિખાલસતા, કૌટુમ્બિક વાત્સલ્યતા અને મતમતાંતરથી વેગળા રહેવાની નીતિ એ તેમના વિશિષ્ટ ગુણો હતા. તેમના સ્વર્ગવાસી પત્નીની માંદગીના સમયમાં જે ધીરજપૂર્વક સેવા બજાવેલ છે તેનો જોટો મળવો મુશ્કેલ છે. ખૂબ જ સાદું જીવન જીવતા અમે જ્યારે તેમને ઘેર જતા ત્યારે તેમની રૂમમાં તેમનું વાંચન અથવા લેખન ચાલતું હોય તે પણ એકાગ્ર ચિત્તે. તેઓ જે માન્યતા ધરાવતા તે તેમણે પોતાના જીવનના આચરણમાં ઉતારેલી હતી. પ્રસિદ્ધિ તેમને પ્રિય ન હતી. પ્રસિદ્ધિના ઝળહળાટથી હમેશાં વેગળા રહેતા, પરંતુ તેમના સેવા કાર્યો અને તેમનું આચરણ સ્વયં પ્રસિદ્ધિ પામતું હતું. આમ તેમના દેહાવલયથી અનેક સંસ્થાઓએ તેમજ સારાયે જૈન સમાજે એક ઉત્તમ કોટીનો સમાજ સેવક, તત્ત્વ ચિંતક, અધ્યાત્મ અને શીલકથાઓનો સાહિત્યકાર ગુમાવેલ છે. આ મંડળે તો તેનો એક અનન્ય સુકાની ગુમાવેલ છે.





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તત્ત્વચિંતક-સૌજન્યશીલ સ્વ. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

# શીલધર્મની કથાઓ-પ્રકાશન અંગે

# પ્રશંસા પત્ર

તળાજા,
તા. ૫-૧૦-૭૦

સુજ્ઞ આત્મિય સ્નેહી
શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાની સેવામાં
મુંબઈ.

સવિનય,

આપશ્રીની ઓજસ્વી કલમની કુશળતાથી લખાયેલી શીલધર્મની કથાઓ ભાગ ૧-૨ સદ્ગત મુરબ્બી શ્રી ફત્તેહચંદ ઝવેરભાઈ શાહના સ્મારક ટ્રસ્ટ તરફથી સાભાર મને ભેટ મળી છે, તે બદલ ટ્રસ્ટીઓ શ્રી જયંતિલાલ રતનચંદ શાહ તથા શ્રી લક્ષ્મીચંદ દુર્લભજીભાઈ શાહનો આભારી છું.

આ કથાઓ મને એવા સમયમાં મળી છે કે જ્યારે મારૂં મન અને ચિત્ત થોડું ક્ષોભયુક્ત હતું. તેમાં આ કથાઓથી ઘણુંજ શાંત્વન મળ્યું છે, તે અંગે મેં તે બુકના પૃષ્ઠ ઉપર નોંધ સહજ લખી છે તે આપને લખી જણાવવા પ્રેરણા થવાથી રજુ કરૂં છું.

શીલધર્મની કથાઓમાં તત્ત્વજ્ઞ-સંસ્કારી લેખકની કલમથી જે કુશળતાપૂર્વક વાણીની વિમળતા, પ્રસંગની ગંભીરતા અને સાથોસાથ જે ગુંથણી ઘણી ઊંડાણપૂર્વક કરી કથારસને છલકાવ્યો છે તે વાંચતા, સંસારમાં આપણા જીવનમાં બનતાં અનેક સુખદુઃખના નાટકોના પ્રસંગો જાણે આ કથાઓમાં ન વણાઈ ગયા હોય અને આપણને એ દ્વારા જાણે પ્રેરણાના પાન ન કરાવતા હોય તેવી રીતે એકેએક કથા આપણા શીલધર્મને, સંયમધર્મને, આત્મધર્મને સ્પર્શી જાય છે.

શૈલી સરળ પ્રસન્ન અને આત્મબોધક છે. ઘણા લેખકોની કથા વાંચી છે, તેમાં પિષ્ટપોષણ પ્રસંગને ઘટાવવામાં થયેલ હોય છે, પણ આ કથાઓમાં તો ઘણી જ મુદ્દાસરની હકીકત તત્ત્વજ્ઞની અદાથી રજુ કરાયેલી છે.

આવી કથાઓ અનેક આત્માઓના આંતરચક્ષુઓ પ્રકાશિત કરવામાં પ્રબળ કાર્ય કરશે એમ મારૂં મંતવ્ય છે. આવી કથાઓ અનેક વ્યાખ્યાન પીઠો ઉપરથી વંચાય છે, શ્રોતાઓ સાંભળે છે, પરંતુ આ કથાઓનું જે નિરૂપણ લેખકશ્રીએ આગવી શૈલીમાં ગંભીરતાપૂર્વક કર્યું છે તેવું બળ અન્ય કથા લેખકોમાં ભાગ્યે જ જોવા મળે છે.

આ બધી કથાઓ ઘણાયે આગમ ગ્રંથોમાંથી ઉદ્ધરેલી છે, ઘણી આધુનિક છે, પણ તેનું હાર્દ ઘણા જ ગાઢ અનુભવમાંથી પ્રગટેલું સહજ નિરૂપણ છે.

લેખકશ્રીનો હું થોડો પરિચિત છું, પરંતુ આ કથાઓના વાંચનથી મને શાંત્વન મળ્યું છે, મારી એકની એક બ્હેન કંચનબેન સં. ૨૦૨૬ ના ભાદરવા સુદિ ૧૦ના દીને પાલીતાણામાં કલ્યાણ ભુવનમાં ચાતુર્માસ કરતા હતા. અચાનક



For Private And Personal Use Only

પ્રતિક્રમણ કરવા તૈયાર થઇને જતા હતા ત્યારે છાતીમાં દુઃખાવો થયો અને એક કલાકમાં શુભ ભાવનાપૂર્વક એકાકીપણે યાત્રાળુઓના સ્મરણો સાંભળતા સ્વર્ગવાસી થયા. આ સમાચાર કોલથી તળાજા મળતાં મને અચાનક બનાવથી આઘાત લાગ્યો, આવી ધર્મિષ્ઠ બેનનો વિયોગ એકાએક થવાથી મન અસ્વસ્થ હતું. આ આઘાત દૂર કરવામાં આ કથાઓએ મને ઘણી હીંમત અને પ્રેરણા આપી છે. આ કથાઓમાં ચારે અનુયોગનું સુંદર નિરૂપણ ગર્ભીત રીતે છે. આ કથાઓએ મને શાંત્વન આપ્યું છે. આવા ગ્રંથો સમાજને ઘેર ઘેર પહોંચવા જોઇએ, કારણ કે ભારતમાં શીલધર્મની કરૂણ સ્થિતિ થઈ છે અને કુશીલતાનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે, તેમાં આવી કથા પ્રસાદી ભવ્ય જીવોને શીલધર્મ તરફ દોરી જવામાં મહાન સાધનરૂપ બનશે.

લી. આપનો
**અમરચંદ માવજી શાહ**
ના પ્રણામ.




*With best compliments from :*

**Steelcast Bhavnagar Private Ltd.**

Manufacturers of :
STEEL & ALLOY STEEL CASTINGS

Ruvapari Road,
BHAVNAGAR 364 001
(Gujarat)

Gram : STEELCAST
Telex : 0162-207
Phone : 5225 (4 Lines)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન ૭૪મા પેજથી ચાલુ )

લખતા. ધીમે ધીમે વધારતા ગયા અને પછી તો દર મહિને એકાદ કથા તો ખરી જ. મારી નિવૃત્તિ બાદ તેમણે 'શ્રી આત્માનંદ પ્રકાશ'નું તંત્રીપદ સ્વીકાર્યું. તેમને આ માસિકને જૈનોમાં પ્રથમ પંક્તિનું માસિક બનાવવાના મનોરથો હતા, અને તે બાબતમાં હંમેશા પ્રયત્નશીલ રહેતા.

સ્વર્ગવાસ પહેલાં થોડાક સમયે તેઓ ભાવનગર આવ્યા હતા અને મને મળ્યા હતા. પોતાની તબિયત હવે સુધરી ગઇ છે અને કોઈ જાતની ચિંતા જેવું નથી એમ કહેતા હતા. ઊલટું, મને મારી તબિયત ઉપર ધ્યાન રાખવા સલાહ આપી હતી. મુંબઇ જઈ 'દ્વાદશારં નયચક્રમ્'ના બીજા ભાગની પ્રકાશનવિધિ માટે વ્યવસ્થા કરવામાં ગુંથાયા. તે બાબતમાં કેટલીક માહિતી આપતો પત્ર પણ તેમણે મને લખ્યો હતો. હું તેનો પ્રત્યુત્તર આપવાનો વિચાર કરતો હતો, એટલામાં તેમના સ્વર્ગવાસના દુઃખદ સમાચાર સાંભળ્યા, કેવી વિધિની ક્રૂરતા!

શ્રી મનસુખભાઈની સજ્જનતા બેનમૂન હતી. દરેકની સાથે મીઠાશથી વર્તવું તે તેમને સહજ હતું. તે અજાતશત્રુ જેવા હતા. કોઈની સાથે વેરભાવ તો શું, પણ અમૈત્રીભાવ પણ તેમને ન હતો. નમ્રતા અને સાદાઈ તેમના સ્વભાવમાં વણાઈ ગયા હતા.

શ્રી મનસુખભાઈની જિજ્ઞાસા-જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા વૃત્તિ ખૂબ સતેજ હતી. તેઓ હંમેશાં નવું નવું જાણવા અને નવું નવું શીખવા પ્રયત્નશીલ રહેતા. ઉંમર તેમાં અંતરાય રૂપ બની ન હતી. એક રીતે તેઓ નિત્ય-વિદ્યાર્થી જેવા હતા. જ્યાંથી જેવું અને જેટલું જાણવાનું-શીખવાનું મળે, ત્યાંથી તે ગ્રહણ કરી લેવું એ તેમનો મુદ્રાલેખ હતો.

મુંબઇના જૈન સમાજમાં તેમણે પોતાની વિદ્વતા, નમ્રતા, સાદાઇ, સૌમ્યતા અને સેવા-ભાવનાથી એક વિશિષ્ઠ સ્થાન પ્રાપ્ત કર્યું હતુ મુંબઇની શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક સભાના તે સભ્ય હતા, થોડા સમય માટે પ્રમુખ પણ હતા. અન્ય ઘણી સંસ્થાઓ સાથે તેઓ જોડાયેલા હતા.

તેમણે પોતાનું આખું નિવૃત્ત જીવન ધર્મ અને સમાજને અર્પણ કરી દીધું હતું. જીવનનો હેતુ અને મૃત્યુનો મર્મ તેઓ પૂરેપૂરો સમજી ચૂકયા હતા, અને તેથી જ તેમને જીવન પ્રત્યે મોહ રહ્યો ન હતો કે મૃત્યુની બીક ન હતી. તેઓ બંનેને પચાવી ગયા હતા.

ચંદન વૃક્ષો જેમ પોતાના દેહની શીતળતા અર્થે નહીં, પરંતુ પોતાની આસપાસ સુવાસ પ્રસરાવવાના હેતુથી ઉત્પન્ન થાય છે, તેમ માનવ જન્મ પણ માત્ર પોતાના જ કલ્યાણ અર્થે નહીં પરંતુ માનવજાતની સેવા અર્થે પ્રાપ્ત થાય છે એ તથ્ય શ્રી મનસુખભાઇએ પોતાના જીવનથી સિદ્ધ કરી બતાવ્યું છે. શ્રી શાસનદેવ તેમના આત્માને શાશ્વત સુખ-શાંતિ અર્પે તે જ પ્રાર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. માનનીય લાડીલા કુશળ લેખક શ્રી મનસુખલાલભાઈ તારાચંદને હાર્દિક શ્રદ્ધાંજલિ

—સાંડસા ચીમનલાલ રતનચંદ

**કાવ્ય**

આ જગમાં જન્મ્યા ઘણા, ઘણા સીધાવ્યા સ્વર્ગ,
સુકૃત જેઓ કરી ગયા, તેહને સમરે લોક. ૧
આજ આવ્યા કાલે જવું, કુદરતનો વહેવાર,
જન્મ મરણના દિવસનું મૂરત કો ન કહેનાર. ૨
આપ ગયા સૌને જવું, પણ જીવન કર્યું કુરબાન,
સેવાભાવી શાસન તણા, અર્પ્યું તન-મન ને ધન. ૩
વખત વીત્યો વીતી જશે, આપ સીધાવ્યા સ્વર્ગ,
ગુણ સંભારૂં શું આપના ? નમું પ્રણમું ધરી પ્રેમ. ૪
લગની લાગી સેવાતણી, પરદુઃખ પરખણ હાર,
પરદુ:ખે હૈયું જળે ભાઈ, ધન્ય ધન્ય તુમ અવતાર. ૫

સ્વર્ગસ્થ શ્રી મનસુખલાલભાઈ તારાચંદભાઈ આપણા શાસનમાં સુજ્ઞ બુદ્ધિશાળી લોક લાડીલા કુશળ લેખક હતા. તેમના લેખો સુંદર બોધદાયક રસપ્રદ અને પ્રેરણાત્મક હતા તેઓશ્રીની તંત્રી તરીકે નીમણુંક થતાં ઘણો આનંદ થયો હતો પરંતુ કુદરતે ઉલટું પગલું લીધું જેથી બહુ જ દીલગીરી થાય છે. તેમનો આત્માનંદ પ્રકાશના અંકમાં ફોટો જોતાં તેમના ગુણોનું આપણા અંતરમાં આબેહ પ્રતિબિંબ પડે છે. તેઓશ્રી સરળ સ્વભાવી હસમુખા સૌમ્ય પ્રકૃતિના શાંત લાગે છે. વળી તેઓશ્રી શ્રી આત્માનંદ પ્રકાશમાં ગયા વરસે તેમના જીવનના પ્રસંગોનો સવિસ્તર વૃત્તાંત આપીને આપણને મહાન ઉપદેશ આપી ગયા છે. આપણા શાસનમાં તેમની તંત્રી તરીકે, સારા લેખક તરીકે અને સેવાભાવી તરીકે મહાન ખોટ પડી છે તેથી આપણને બહુ જ દુઃખ થાય છે, પરંતુ કર્મની ગતિ ઘણી વિચિત્ર છે. સંસારનું નાટક આવું જ સમજવું. ઘડીમાં હસાવે અને ઘડીમાં રડાવે. તેમના કુટુંબ પરિવારને દિલાસો પાઠવીએ છીએ અને તેમના સ્વર્ગસ્થ પવિત્ર આત્માને પરમ શાંતિ મળો તેમ ઇચ્છી અમારા અંતર ભાવથી આ હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રત્યાખ્યાનની નોંધ

પૂ. પિતાશ્રીને અમરેલીમાં તા. ૨૨-૧૨-૧૯૫૮ સોમવાર માગશર શુદ ૧૨ના દિવસે પૂ. મુનિશ્રી પ્રભાકરવિજયજી પાસે નીચે પ્રમાણે પચ્ચખાણ અપાવેલા તેની યાદી નીચે પ્રમાણે છે.

—શશીકાન્ત

૧. જેમ મને દુઃખ ગમતું નથી, તેમ સર્વ જીવોને પણ દુઃખ ગમતું નથી, એમ સમજીને કોઈપણ જીવને દુઃખ થાય, તેવું કોઈપણ કાર્ય હું કરીશ નહીં, તેમજ કોઈ વચન પણ હું બોલીશ નહીં, તેમ એવા પ્રકારનું કોઈ ચિંતવન પણ હું કરીશ નહીં.

૨. ચારેય પ્રકારના અસત્યનો હું હવે આજથી ત્યાગ કરું છું.

૩. જીવદયા રૂપી પરમ ધર્મ અંગીકાર કરી આજથી દાંત ખોતરવાની એક સળી જેવી માસુલી વસ્તુ પણ તેના માલીકની રજા વિના હું ગ્રહણ કરીશ નહીં.

૪. કામ ઘણા દોષથી ભરેલો છે, એમ જાણીને હું શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરીશ.

૫. સંગના નિમિત્તથી જ જીવ જીવને મારે છે, જુઠું બોલે છે, ચોરી કરે છે, મૈથુન સેવે છે, અને ઈચ્છાની મર્યાદા નક્કી કરતો નથી. એટલે અભ્યંતર અને બાહ્ય એમ બંનેય પ્રકારના સંગનો ત્યાગ કરું છું.

(अ) પાંચ ધોતીયા, પાંચ ઓછાડ, પથારી અને પાગરણ, પાંચ બંડી અને ઠંડીથી બચવા જરૂરીઆત પ્રમાણે ગરમ કપડાં.

(ब) (કંદમૂળ સિવાયના) શરીર પોષણના અભાવે નિર્જીવ ન બને, એ દૃષ્ટિ ધ્યાનમાં રાખી, જરૂરી પ્રવાહી અને ભોજન પદાર્થો.

(क) મદ્ય, માંસ, વિ. તમામનો જીવનભર ત્યાગ.

(ड) મારા સ્થાનથી ચારે બાજુમાં એક એક માઈલ દૂર ન જવાના હુ પચ્ચખાણ લઉં છું.

૬. મારા આજીવન દરમ્યાન મારાથી જે જે ખરાબ આચરણ થયા હોય, રોષ અને કષાયથી મારાથી જે જે મિથ્યાવાણી બોલાઈ હોય, રાગ અને દ્વેષ થકી જે જે જીવોના મેં મન દુભવ્યા હોય, કલેશ પહોંચાડયા હોય, તે દરેક કાર્યોને હું સાચા ભાવથી નિંદુ છું, તેમજ આવા સર્વ જીવોને હું ખમાવું છું, અને દરેક જીવો પણ મને ખમાવો.

૭. અરિહંત, સિદ્ધ, સાધુ, શ્રુત (જ્ઞાન) અને ધર્મ એ મને મંગલ છે, હું હવે તેઓનું શરણ સ્વીકારું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૮. અરિહંતો મને મંગલ છે, અરિહંતો મારા દેવ છે, અરિહંતોની સ્તુતિ કરી હું પાપ વોસિરાવું છું.

૯. સિદ્ધો મને મંગલ છે, સિદ્ધો મારા દેવ છે, સિદ્ધોનું કીર્તન કરી હું પાપ વોસિરાવું છું.

૧૦. આચાર્યો મને મંગલ છે, આચાર્યો મારા દેવ છે, આચાર્યોનું કીર્તન કરી હું પાપ વોસિરાવું છું.

૧૧. શ્રી ઉપાધ્યાય મને મંગલ છે, શ્રી ઉપાધ્યાય મારા દેવ છે, શ્રી ઉપાધ્યાયનું કીર્તન કરી પાપ વોસિરાવું છું.

૧૨. દેહની વેદનાઓ મારો આત્મા સમભાવે સહે છે, કારણ કે આ રીતે સમભાવે સહવાથી જ જીવ બાંધેલા કર્મોથી મુક્ત થઇ શકે છે.

૧૩. કર્મની આવી વેદનાઓ અનંતીવાર ભોગવી છે, છતાં મારો જીવ કોઈ વખત અજીવ થયો નથી, અને થવાનો નથી, એ હું જાણું છું. તો જીવ જ્યારે નિત્ય જીવરૂપે રહેવાનો જ છે, તો આવી વેદના શાંતિપૂર્વક સહી લેવામાં મારા આત્માને આનંદ જ થાય છે.

૧૪. હું એકલો છું, મારૂં કોઈ નથી, હું પણ કોઇનો નથી, એક આત્મા જ મારો આધાર છે.

## ધર્મનિષ્ઠ શ્રીયુત મનસુખલાલભાઇને શ્રદ્ધાંજલી

શ્રીયુત મનસુખલાલ તારાચંદ મહેતા એટલે જૈન સમાજની એક વિરલ વિભૂતિ. ગર્ભશ્રીમંત હોવા છતાં અત્યંત વિનમ્ર, પરમ સાદાઇની મૂર્તિ, નિર્દંભ જીવન, પરમ તત્ત્વ ચિંતક, માનસ શાસ્ત્રના ઊંડા અભ્યાસી, ત્યાગ અને તપથી પરિપ્લુત, જૈનકથા સાહિત્યના માર્મિક લેખક, જૈનોની કેટલીક અસંગત પ્રવૃત્તિઓ પ્રત્યે દુઃખી, જૈન સમાજની ધાર્મિક, સાહિત્યિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં નિષ્ઠાપૂર્વક સક્રિય ભાગ લેનાર અને માર્ગદર્શક, આવા એક સેવાપરાયણ મહાપુરૂષના સ્વર્ગગમનથી જૈન સમાજને અને ખાસ કરીને ધાર્મિકક્ષેત્રે ન પૂરી શકાય તેવી મહાન ખોટ પડી છે. દિવંગત આત્માને ચિરશાંતિ પ્રાપ્ત થાઓ અને તેમના કુટુંબ પર આવી પડેલી આપત્તિને સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ અને ધૈર્ય આપો એ જ પ્રાર્થના.

અમૃતલાલ તારાચંદ દોશી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિષ્કામ કર્મયોગી
# શ્રી મનસુખભાઈ



લેખક : 'રક્તતેજ'

સ્વ. શ્રી મનસુખલાલનો જન્મ સુપ્રસિદ્ધ શ્રી હંસરાજજી માવજી તથા વચ્છરાજ માવજી મહેતાના કુટુંબમાં તા. ૧૭–૩–૧૯૦૮માં થયેલો. જેમ તીર્થંકર ભગવંતો ત્રણ જ્ઞાન સાથે જન્મ લે છે એમ જાણે કે સ્વ. શ્રી મનસુખલાલભાઇ ચોક્કસ આધ્યાત્મિક ગુણો સાહત જન્મેલા, તેથી તેમના જીવનમાં આવેલ ચડતી–પડતી, માન–મરતબા, વૈભય–કીર્તિ વગેરે તેમના આધ્યાત્મિક વિકાસના માર્ગમાં કશી રૂકાવટ કરી શકયા નથી.

તેમના પિતાશ્રી તારાચંદ મહેતા પાસેથી ઉદારતા અને સચ્ચારિત્રના સંસ્કારો તેમને પ્રાપ્ત થયેલા. તેઓ પાંચ વર્ષના હતા ત્યારે જ તેમના માતુશ્રી જડાવબેનનું અવસાન થયેલું, એટલે વ્યવહારિક રીતે કહીએ તો તેમને માતાની હુંફ ઝાઝો સમય મળી નહિ, પણ તેમનામાં રહેલા જન્મજાત આધ્યાત્મિક ગુણોને કારણે તેમના માતુશ્રીના ટુંક સંપર્કમાંથી પણ તેમણે ઘણી પ્રેરણા અને માર્ગદર્શન મેળવેલા અને માતુશ્રીના સ્વર્ગવાસ પછી પણ ગૂઢ શક્તિ દ્વારા તેમને માતાની પ્રેરણા તેમની પ્રગતિને માટે મળતી રહી હતી.

તેમના મનની અનેક મુંઝવણોમાં પણ અગોચર રીતે તેમના સ્વર્ગવાસી માતુશ્રી પાસેથી તેમને માર્ગદર્શન મળતા રહેલા.

માતા–પિતા તરફથી મળેલ અણમોલ સંસ્કારપાન કરી, મેટ્રીક સુધીનું શિક્ષણ અમરેલીમાં મેળવી તેઓશ્રી ધંધાર્થે મુંબઈ આવી વસ્યા. નાનપણમાં અમરેલીના મારકેટવાળા શ્રી ગુલાબભાઇ સંઘવી સાથે એમને સારો સંબંધ હતો, અને છેવટ સુધી અણીશુદ્ધ જળવાઇ રહ્યો હતો. નાનપણમાં અવાર–નવાર પાટણવાવ જતા અને મોસાળ પક્ષના સ્મરણો તેમના જીવનના અંત સુધી જીવંત રહ્યા હતા.

ઇ.સ. ૧૯૨૬માં એમના લગ્ન જાણીતા શેઠશ્રી દેવકરણ મુળજીનાં સુપુત્રી લીલાવંતીબેન સાથે થયાં હતાં. તેમનું દંપતી–જીવન સુખ, સુમેળ અને ધાર્મિકતાના રંગે રંગાયેલું જ રહ્યું હતું.

સં. ૧૯૪૨ થી ૧૯૪૬ સુધી એમના પત્ની શ્રી લીલાવંતીબેન બીમાર રહ્યા. તેમને જલોદરનો રોગ થયેલો. તેમની પત્નીની આ માંદગી દરમીયાન તેમણે જે સેવા અને સુશ્રુષા કરી છે અને જે કાળજી લીધી છે તેનું વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી. તેમની પત્નીના અવસાન પછી સંતાનોની સંભાળમાં જરાય પણ ઉણપ ન આવે તે રીતે સંતાનોની માતાની ખોટ ન સાલે એ રીતે માતા બની તેમની સંભાળ લીધી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમના ધંધાની શરૂઆત કાપડના વેપારથી થયેલી પણ પછી તેમણે નેપચુન લાઈફ ઈન્સ્યુરન્સ કું.ની સ્થાપના કરી અને તેના કામ અંગે તેઓશ્રી દેશના અનેક ભાગમાં ફર્યા અને બહોળું અનુભવ જ્ઞાન મેળવ્યું, જેનો લાભ તેમણે સાહિત્ય દ્વારા સમાજને આપ્યો છે.

વિમા કુંપનીનું રાષ્ટ્રીયકરણ થયા પછી તેમણે તેમાંથી નિવૃત્તિ લઈ લીધી અને પછીનો સમય લગભગ સંપૂર્ણપણે તેમણે સમાજ સેવા, સાહિત્ય સેવા, અને આધ્યાત્મિકવિકાસ, અને ચિંતન મનનમાં ગાળ્યો હતો.

તેમની સાહિત્ય સૃષ્ટિમાં 'યોગદૃષ્ટિ સમુચ્ચય' 'જોયું અને જાણ્યું' 'શીલધર્મની કથાઓ' તેમજ છુટાછવાયા લેખો દ્વારા તેમણે સમાજને ચરણે ઘણું જ્ઞાન પીરસ્યુ છે.

ભગવદ્દગીતાના શબ્દોમાં કહીએ તો તેઓ એક નિષ્કામ કર્મયોગી હતા. પોતાને માથે આવી પડેલી જવાબદારીઓ અને ફરજો તેઓ નિષ્કામ ભાવે બજાવતા. તેમણે અનેક સંસ્થાઓ દ્વારા અનેક સ્વરૂપે જૈન સમાજની સેવા કરી છે, પણ એ બધું નિષ્કામ ભાવે, કંઈ ફળ કે માન પાનની અપેક્ષા રાખ્યા વગર, બીલકુલ નિર-હંકારપણે, અને નિરાડંબરપણે. તેમણે જીવનમાં મહાન કાર્યો 'નાના' બની જઈને કર્યા છે અને વિરાટ કાર્ય કરનાર વિરાટ પુરૂષ બની ગયા છે.

આવા અનેક ગુણોથી વિભૂષિત, સાચા નિરહંકારી, સેવાપરાયણ, જ્ઞાનનિષ્ઠ સ્વર્ગસ્થ શ્રી મનસુખલાલભાઈને અમારા હાર્દિક વંદન.

卐

## સ્વ. શ્રી અમૃતલાલ કાળીદાસ દોશીનો તા. ૩/૩નો પત્ર

વિપશ્યાનાની શિબિરમાં તમે ભાગ લીધો અને તે વિષેના તમારા અનુભવોનો લેખ તમે મને મોકલી આપ્યો ત્યારથી તમારી કલમ માટે માન થવા લાગ્યું છે. તમે એક રીટાયર્ડ વેપારી નથી પણ લેખક છો તેવો ખ્યાલ ત્યારે આવ્યો. ત્યાર પછી તમારા લેખો હું જ્યાં દેખું ત્યાં વાંચવાનું ભૂલતો નથી. ' દામ્પત્ય જીવનનો અંતિમ દિવસ ' આ લેખમાં તમે ભાવના પરાયણતાની અવધિ કરી છે. આ લેખ વાંચીને મને અશ્રુ પડી રહ્યા હતા અને દેવને કોપાયમાન થઇને કહ્યું કે આવી બેલડી શા માટે નંદવી નાખી ? પછી થયું કે આમાં પણ સાર હશે. તમારૂં વિરહભર્યું છતાં ધીર, ગંભીર અને શાંત જીવન એક ઉદાત્ત જીવનનો નમુનો છે. તમે પુત્રીઓને જે પાઠ શીખવ્યા હશે-પિતૃ દેવો ભવ-એનો હાલ થતો અમલ, આ સઘળું નોંધપાત્ર છે, જીવનમાં ઉતારવા જેવું છે. તમારી પુત્રીઓના કોઇ વખતે દર્શન કરવા ઇચ્છા થાય છે. ૐ શાન્તિ:

**અમૃતલાલ કાળીદાસ દોશી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી મનસુખલાલ તારાચંદ મહેતાને શ્રદ્ધાંજલિ

રચયિતા : **જયંતિલાલ એમ. શાહ–પાલીતાણા**

( છંદ અનુષ્ટુપ )

શ્રી અને સંપત્તિથી, હતા જે નિરાલંબ;
મન વચન ને કાયાથી, કાર્ય માટે અવલંબ.

નથી કામના રાખી, કીર્તિ કે શ્રેયઃ તણી;
સુતાને જે જગાડીને, આત્મભાવે હતા ધણી.

ખલ અને દુષ્ટ લોકોને, સંવેદનો જગાવતા;
લાલન પાલન પ્રેમથી, સદ્બોધ અપાવતા.

લખ્યું છે ઘણું પત્રોમાં, યાદી નિરંતર આવશે;
તારૂં મારૂં રાખ્યું નથી, સૌને વાંચવું ગમશે.

રાજયોગી હતા સદા, નિજાનંદે રમણતા;
ચંદ્ર સમ હતા સૌમ્ય, ચાંદની પ્રસરાવતા.

દમ કર્યું ઈન્દ્રીય તણું, ધર્મ પ્રત્યે અમલતા;
મહા જ્ઞાની હતા છતાં, નહિ જરા અભિમાનતા.

હે કુદરત કેવી ક્રૂર, પંજો પાડયો કાળનો;
તારા કર્મથી લોકો, સમજી ના શકે જાળને.

નેત્ર ધારા વહે છે જ્યાં, પુન્ય પવિત્ર યાદમાં;
શ્રવણો દુઃખી થાય છે, મહા માનવની યાદમાં.

ધાર્મિક કાર્યો માટે, ખોટ પડતી મહાનની;
જશે તેને સંભારશે, કાર્ય માટે બહુનવી.

લિખિતંગ જયંતીના, શ્રદ્ધાંજલી સ્વીકારશો;
સ્વર્ગના હેમ દ્વારેથી, આશીર્વાદ જણાવશો.

દોહરો

એકજ અક્ષરમાં લખું, વિદ્યા વિનય વિવેક;
ત્રિવેણી સંગમ તણા, હતા જે સુવિવેક.

આજના સુસંસ્કારી અને મહા જ્ઞાની એવા શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાને હાર્દિક શ્રદ્ધાંજલિ પાઠવું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બાપુજીની ઝાંખી

લે. : સૌ. કોકીલાબેન વિનયચંદ પારેખ



બાપુજી ! આપણે દિલ્હી જવું છે, વવાણિયા રહેવું છે એવું વિચારેલું, તેને બદલે ક્રીસ્ટમસ આવતા પહેલા જ તમે એકલાએ જ મહાયાત્રા માટે પ્રયાણ કર્યું, મારી હાજરીનું પણ ઋણ લાગ્યું ? Death is certain life is uncertain એ તમે કહેતા હતા, તેવું જ થયું. અહીં ભાણેજના લગ્નની જાન આવવાની તૈયારી, પણ રાજકોટ લગ્નમાં જે આનંદથી ભાગ લીધો તેવી રીતની તૈયારીમાં હું પૂરી જોડાઈ શકતી ન હતી. મને કંઇક ધુંધળાપણું લાગતું હતું. પણ કાળનો ઝપાટો મારા વ્હાલસોયા પિતાને આમ અચાનક ઝડપી લેશે એવી કલ્પના પણ ક્યાંથી હોય ?

તમારી સાથેના પ્રસંગો ચિત્રપટની જેમ એક પછી એક દેખાયા કરે છે. આપણને મળ્યાને બાર દિવસ જ થયેલા ત્યારે સ્વપ્નેય ખ્યાલ નહી કે આ મળવાનું છેલ્લું હશે.

મારા જન્મ પહેલા ત્રણેય ભાઇઓ જ હતા. (નાના અનિલભાઈ ગુજરી ગયા) તેથી તમને બંનેને દિકરીની બહુ હોંશ હતી. ગર્વ લેવા જેવા માત પિતાને ત્યાં મારો જન્મ થતાં મલાડ વાડીમાં જમણવાર કર્યો અને જરમન સીલ્વરના રૂપ-રકાબી આપ્યા. તમારી લાગણી એવી હતી કે હું પ્રથમ શબ્દ બોલી તે હતો 'બાપુજી'. તમે આપી તે ચાંદીની ડબ્બીમાં સુવર્ણમાં કોતરાવ્યું. संजोग मूला जीवेण पत्ता दुःख परंपरा આ તમારા પ્રિય સૂત્ર સંથારા પોરસીમાંનું એક વાક્ય છે. અર્થાત નાશ પામનારી વસ્તુઓનો સંયોગ જ દુઃખરૂપ વૃક્ષનું મૂળ છે. આણું પણ તમે પોતે જ ખરીદ્યું. કલકત્તા, બનારસ, મુરાદાબાદ વિ. સ્થળોએથી અને સાથે સાથે આણામાં અને દરેક વખતે ભાતામાં પણ પુસ્તકો તો ખરા જ. લગ્ન પછી અમરેલીના પાદરે વળાવવા આવ્યા ત્યારે તેમનું હૃદય અને આંખ થોડો સમય નીતરતા જોઈ હું પણ રડી (ત્યાર પહેલા રડી ન્હોતી શકી.) ધાર્મિક શિક્ષણ આપ્યું. સ્વ. માવજીભાઈ ભણાવવા આવતા. આ રીતે અમારૂં જીવન ઉર્ધ્વગામી કેમ બને એ માટે એમણે એમના સમૃદ્ધ ખજાનામાંથી આપ્યા જ કર્યું, પણ પાત્રતા પ્રમાણે ઝીલાયને ?

અમે સંસારના રચ્યાપચ્યા જીવનમાં પડ્યા હોઇએ ત્યારે અમને જાગૃત કરી જતા. માતા-પિતા વચ્ચે પ્રેમ એવો હતો કે માતાએ પોતાનું માતૃત્વ પિતાના હૈયામાં રેડી નિરાંતે વિદાય લીધી. પોતાને વસ્યુ, દુઃખથી લાગવું નથી, ઘડતર કરવું છે, બાળકોનું અને પોતાનામાં વળાંક લઇ રહેલા આધ્યાત્મિક જીવનનું. અમને માતાની ખોટ પૂરી, એમના હૃદયના વહેતા ઝરણાના મીઠા જળ પાઇને અમને તૃપ્ત કર્યા. તે દર્શાવતા પત્ર જોઇએ.

તા. ૨૭-૭-૭૬ના પત્રમાંથી-"શ્રીકૃષ્ણ તો ધર્મની સ્થાપના અર્થે જન્મ્યા હતા, પાંડવો ક્ષત્રિય હતા. તેઓમાં ક્ષત્રિયનું લોહી વહેતું હતું અને ક્ષત્રિયનો ધર્મ અધર્મને શરણે ન થતાં યુદ્ધ કરવાનો જ હોવો જોઇએ. (ધર્મ ફરજનું દર્શન કરાવે છે). તારી બાના મૃત્યુ વખતે સાધુ થવા માટે બધા જ સંજોગો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાનુકૂળ હતા. બાળકોની રક્ષા તો તેમના કર્મ મુજબ થતી હોય છે. મારે તો જે સંજોગો પ્રાપ્ત થાય તેનો લાભ લઈ ત્યાગધર્મ અપનાવી લેવા જોઈએ. આમ વિચારી સાધુ થાત તો તેમ કરવામાં ધર્મથી ચ્યુત થઈ મેં અધર્મ જ આચર્યો કહેવાત. મારો ધર્મ સ્વાભાવિક તમોને ઉછેરવાનો હતો. એ ધર્મમાંથી ચ્યુત થઇ ત્યાગધર્મ અપનાવ્યો હોત તો મારો સ્વધર્મ ચૂકી પરધર્મ આચર્યો કહેવાત. આમ દરેક માનવે બુદ્ધિપૂર્વક વિચારવું જોઇએ કે તે જે સંજોગોમાં મૂકાયો છે તેમાં તેનો વાસ્તવિક ધર્મ શું છે? અને તેને વળગી રહેવું–તે મુજબ જ વર્તવું."

શશીકાંતભાઈ (મોટા ભાઈ) માંદા પડ્યા ને પોતે ચાની બાધા લીધી. અને ઘણી મુશ્કેલીથી શંખેશ્વર જઇ બાધા પૂરી કરી. પછી લાગ્યું કે આ તો દેવ–દેવીઓને લાલચ આપવા જેવું કાર્ય છે. એટલે આ બાધા પરથી બીજા પણ બોધ લે એ હેતુએ સુંદર લેખ લખ્યો.

આવો જ બીજો પ્રસંગ ફરી ઉપસ્થિત થયો. રમેશભાઈ (નાના ભાઇ)ને એડનમાં કાર એક્સીડંટ થયાના સમાચાર મળ્યા અને પોતે લોહી આપી આવ્યા પોતાનું. અને પછી લોહી આપવાનું કાર્ય ડાયાબિટીસ થયું ત્યાં સુધી ચાલુ રહ્યું. (૮ વખત તો આપેલું જ તેવો ખ્યાલ છે.)

બાપુજીનો પ્રેમ ફક્ત કુટુંબ પૂરતો સિમિત નહોતો પણ સગા–સંબંધી સમાજમાં બધે વિસ્તર્યો હતો. આજે બધા એ રીતે યાદ કરે છે. પેલી પંક્તિ યાદ આવે છે:

અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા,
વિશાળી કાયા એ સકલ અમ સંતાપ હરતાં.

પૂજ્ય પિતા સાથે ઘણા તીર્થોની યાત્રા કરી છે. બીજાઓ પણ સાથે અને બન્ને બ્હેનોએ. તીર્થનો ઇતિહાસ, તેનું માહાત્મ્ય, કહે તારે તે તીર્થ તે સમજાવે. તારાચંદ બાપાની સ્મૃતિમાં પાલીતાણાની ૯૯ યાત્રા ચાલીને કરી ત્યારે તો કુટુંબ પરિવાર બધા વારા ફરતી આવેલા. ચંદન ફઈબાએ પણ ૯૯ સાથે કરી. બાપુજી હસીને કહે, મેં આદિશ્વર દાદા, નેમનાથ ભગવાન, બધાની ભાવથી પૂજા કરી છે અને આંગી તો ગોઠીઓએ કરી છે. (અર્થાત્ ગોઠીઓને કંઇ ભેટ આપી ખુશ કરેલ.)

समानशीलव्यसनेषु सख्यम्—એવું જ એમનું મિત્ર મંડળ હતું. એમના મિત્રો મુ. શ્રી ખીમચંદભાઇ, મુ. શ્રી ગુલાબચંદભાઈ, મુ. શ્રી હીરાલાલભાઈ, મુ. અનોપબેન, મુ. શ્રી કાંતીભાઈ વગેરેનો સદ્ભાવ આ અંક પ્રસિદ્ધ કરવામાં, તેમાં સારો રસ લેવામાં દેખાઇ આવે છે. તેમજ તેમની સ્મૃતિ માટે સ્મારક ફંડ એકઠું કરવામાં તેમના મુંબઈના અને બીજા મિત્રોએ પણ સારો રસ લીધો છે. તેમના પ્રતિનો સદ્ભાવ તેઓએ ગુણાનુવાદ સભામાં વ્યક્ત કરેલો. આ પરથી બાપુજી સાથે તેઓની કેટલી આત્મીયતા હતી તેની ઝાંખી થાય છે.

આવું જીવ્યું જીવ્યું ગણાય,
લાંબે ટૂંકે જીંદગી ના મપાય.

જીંદગી–મૃત્યુ વિશે મારા પરનો પત્ર જોઇએ. હવે તો એમના લખાણોને જ જીવંત સમજી અક્ષરદેહને પૂજી પ્રેરણા લેવાની ને! તેમના જન્મ દિવસ નિમિત્તે મેં Greeting Card મોકલેલ. તેનો જવાબ આવ્યો તે મને ન ગમ્યો. નિરાશાવાદી લાગ્યો. તે હકીકત મેં જણાવેલ. તેના જવાબમાં ૨૨–૩–૭૬નો પત્ર:

'મારા પત્રનો મર્મ તું સમજી શકી નથી, સમજી હોત તો દુઃખ થવાને બદલે આનંદ જ થાત. સંસાર અને જગત પર અભાવ અને અણગમો થાય એ દુઃખની વાત નથી, એ તો જ્ઞાનની વાત છે. જે જે જીવો કર્મોનો નાશ કરી મુક્તિ પામ્યાં છે એ બધા જ જીવોને એક વખત જગત પર અભાવો–અણગમો થયો જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોવો જોઈએ. જો એવી ઇચ્છા જ ન હોત તો એ જીવો મુક્ત થયાં જ ન હોત. મરણની ઇચ્છા કરવી એ પાપ છે. મનમાં સ્વાભાવિક એવો વિચાર ઉત્પન્ન થાય કે આ બધી જંજાળમાંથી કાયમ નિવૃત્ત થઈ જવાય. ફરી જન્મવાની પણ જરૂર ન પડે એ દશા પ્રાપ્ત થાય તો કેવું સારૂં? તો એ પાપ નથી પણ સુખદાયક વસ્તુ છે. અલબત્ત, એ ભાવના સ્વાભાવિક ઉત્પન્ન થતી હોય તો જ જીવના માટે એ આવકારદાયક છે. કંટાળાના કારણે કે હતાશ અને નિરાશ થઈ આવા વિચારો–ભાવના આવે તો તે બરોબર નથી. મને કોઇ જાતનું દુઃખ કે પરિતાપ નથી. લાખમાંથી એકાદ વ્યક્તિ એવી નીકળે કે જેને મારી જેવા સાનુકૂળ સંજોગો હોય, પણ સંસાર અને જગતનો જે અનુભવ થયો અને જે અનુભવ થતો જોઉં છું ત્યારે તો ચોક્કસ એમ લાગે છે કે લાંબુ જીવવું અને ફરી ફરી જન્મ લીધા કરવા એ જીવ માટે શુભકર નથી. બાકી કર્મનો સિદ્ધાંત તો એવો છે કે જે કર્મ બાંધ્યા હોય તે અવશ્ય ભોગવવા જ પડે છે. એવી રીતે ભોગવવા જોઇએ કે તેમાં બાંધેલા કર્મની નિર્જરા જ થતી હોય અને દુર્ધ્યાન સેવી તેના પરિણામે નવા કર્મનું પાછું બંધન ન થાય.'

'કીડનીનું ચેકીંગ કાલે કરાવવાનો છું. (ડૉ. ભૂપતભાઇ (મહેતા કુટુંબમાંથી) પર ઘણી આસ્થા હતી. તેની ટ્રીટમેન્ટ લેતા.) બાકી આમ તો તબીયત બહુ સારી છે. હાશ! એક વર્ષ ઓછું થયું એ ભાવના ચિત્તની અપ્રસન્નતાને કારણે નહીં પણ પ્રસન્નતાને કારણે જ ઉદ્ભવે છે એમ મારૂં માનવું છે. અમદાવાદથી બસમાં ભાવનગર આવતી વખતે ધંધુકા સુધી આવીએ ત્યારે આનંદ થાય કે ચાલો અર્ધુ Distance કપાઇ ગયું, એવું જ મારી ભાવનાની બાબતમાં છે.' વળી આ પહેલાના એક પત્રમાં લખે છે, 'તારી બા સાથેનું મારૂં લગ્ન એ મારા જીવ માટે સદાને માટે અંતિમ લગ્ન જ બની રહેવાનું.' આવું કોણ લખી શકે?

સમ્યક્ દૃષ્ટિ જીવ.

હોળીને દિવસે જન્મ, હોળીને દિવસે શું હોય ભડકા! પણ જ્ઞાની માટે શાના? તો–

વેરઝેર વિસારે પાડી, ડંખો દિલના ધોઈ;
ઘસી મૂકી દિવાસળી દઈએ રહીએ ભડકા જોઇ.

–એટલે બાપુજીએ તો વેરઝેરમાં દિવાસળી મૂકવાનું કાર્ય કર્યું છે.

એમની એવી સૌમ્ય પ્રેમાળ પ્રકૃતિ હતી કે તેઓ બેઠા હોય ત્યારે વાતાવરણમાં પવિત્ર ઊંચે આસને છીએ તેમ લાગતું. એટલે મારી બેનપણી શશીબેન–પ્રવિણાબેન વિ. એમની તત્વભરી વાણી સાંભળતા થાકતા નહીં. તે તો ગુરુ, માતા–પિતા અને મિત્ર હતા.

સંવત્સરી પ્રતિક્રમણ અમે ઘરે જ મોટા હોલમાં કરતા, બાપુજી ભણાવે એ પ્રતિક્રમણ પણ ભાવપૂર્વક થતું, અવાજ તો બહુ મધુર, સ્તવન એને કંઠે સાંભળતા. સ્તવનના ભાવોનું વેદન અનુભવાય.

બાળકોને વાર્તા તો એવી સરસ કહે કે દુઃખનો પ્રસંગ આવે ત્યારે છોકરાઓ રડી પડે, હર્ષનો આવે ત્યારે આનંદથી તાળી પાડે, એટલે પૌત્ર–પૌત્રીઓને પણ બાપાનું આકર્ષણ હતું.

બાપુજીએ વર્ધમાન તપની ૨૦ ઓળી પૂરી કરેલી. ૨૧મી કરતા હતા તે મને ખબર પડી ને મને ડર લાગ્યો. બાપુજીને ડાયાબીટીસ છે ને ક્યાંક Sugar ઘટી જશે તો તબીયત બગડશે ને મેં ફોન કર્યો, પારણું કરવા વિનંતિ કરી ને બીજે દિવસે જ પારણું કર્યું. એટલે કે ૭મે દિવસે. ત્યારપછી ઘણા વખતે આ બાબત ચર્ચા થતાં પત્રમાં લખ્યુ કે '૨૧મી ઓળી કરતી વખતે તું કોચવાણી એટલે મેં ઓળી તોડી નાખી, પણ તેમ કરતાં ૨૧મી ઓળીનું જે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફળ પ્રાપ્ત થાત તે કરતાં વધુ થયું, કારણ મારી ભાવના સ્પષ્ટ હતી પણ અન્ય કોઈનું મન દુભવીને હું કરૂં તેનો કશો અર્થ નહીં. મારી આંબેલની ઓળી શારીરિક તપ-બાહ્ય તપ હતું, પણ ઓળી જતી કરી, એ મારૂં માનસિક તપ હતું-અભ્યંતર.' દુઃખથી ઘડતર થાય છે તેવી પૂ. બાપુજીની સમજ હતી. શારીરિક તપ દ્વારા આપણે માનસિક તપની ભૂમિકા પર આવી જવા પ્રયત્ન કરવો જોઈએ મહત્વ અભ્યંતર તપનું છે. તે વડે અંતર શત્રુઓ (ક્રોધ-માન માયા-લોભ અને પરિવાર) તે જીતવાના છે.

પોતાના કુટુંબમાં પોતે નાના, મોટા ભોગીલાલભાઈ, ચંદનબેન પછી મનસુખભાઈ. આમ ભાઈ-ભાભી-બેન-પિતા સૌના લાડકવાયા હતા, તેથી પોતે છેલ્લે પણ તે ત્રણેય વડિલોના આશીર્વાદ લેવા તેમની પાસે ગયા! અને વિદાય લીધી.

નાનપણથી જ દયાળુ-તેથી પાઇ પૈસો વાપરવા મળે તેમાંથી રક્તપિત્તિઆ ભિખારીને આપે બીજી-ત્રીજી ભણતા ત્યારથી સત્ય તરફ પ્રેમ. તેથી જુઠું બોલી જવાય ત્યારે એક પાઇ ધર્માદે વાપરવી તેવો નિયમ કરેલો આવા પતિને પત્ની પણ એવી મળી. શેઠ દેવકરણ સંઘવીની ચોથી દિકરી લીલાવંતી, પતિના કાર્યને દિપાવનાર, પૈસાદારની પુત્રી છતાં પ્રેમથી, વિનયથી, પ્રેમાળ સ્વભાવથી બધામાં ભળી જનાર. અમને અમારા પ્રેમાળ પૂ. શાંતા માશીબા જોઈ એમ થાય છે કે બા પણ આવા જ હતા. આવા બા પણ માગશર વદ અમાસે ગયા. તેમને તથા બાપુજીને મૌન એકાદશીનું મહત્ત્વ બહુ હતું. બાએ પૌષધી ઓને છેલ્લા પારણા બારસે કરાવ્યા, પછી માંદા પડ્યા હશે. બાદ બાપુજી વંથળી પૌષધીઓને પ્રભાવના અર્થે રૂા મોકલતા આમ તમે મૌનની આરાધના કરી તમારા જીવનનો છેલ્લો દિવસ પણ મૌન અગિયારસ બન્યો!

બાપુજીનો આત્મા ઊંચી ગતિમાં જ હોય.

જ્યાં હશે ત્યાં પ્રસન્નતામાં જ હશે

અમને મોટી ખોટ પડી ગઇ. ન પૂરાય તેવી.

મૃત્યુ છે કુસુમની શૈય્યા, મૃત્યુ છે પંથ ઉજ્જવલ,
મૃત્યુ ના જિંદગી અંત મૃત્યુ અમૃત મંગલ.

મનસુખભાઈએ નામ પ્રમાણે મનનું સુખ મેળવીને સાચો જ્ઞાનનો માર્ગ અપનાવ્યો. તેમના જીવન ઝરણમાંથી બીજાને ઘણું આપી ગયા. અમને પણ અમરતાનો પંથ પૂર્વ મહાપુરૂષ તરફ અંગુલિ નિર્દેષ કરી સાચો માર્ગ ચીંધી ગયા. આવા પૂ. પિતાને સજળ નયને વંદન સિવાય મારૂં શું ગજુ!

## શ્રી મનસુખભાઈ હસ્તક બહાર પડેલા ગ્રંથો

**જાણ્યું અને જોયુ** : શ્રી જૈન આત્માનંદ સભાએ ભેટ પુસ્તક તરીકે છપાવેલ.

**શીલધર્મની કથાઓ** : ભાગ ૧-૨.

**ધર્મકથાઓ** : એજ્યુકેશન બોર્ડના વિદ્યાર્થીઓના કોર્સમાં ચાલે છે.

**બ્રહ્મચર્ય વિષેનો લેખ**: પોતે નવાણુ યાત્રા કરી ત્યારે નવાણુ યાત્રા કરનારને ભેટ આપેલ

**મહાવીર વાણી** : પંડિત બેચરદાસ દોશી લિખિત- તેમની બાના સ્મરણાર્થે છપાવેલ. તે પુસ્તક ત્યારે ઈન્ટર આર્ટસમાં ચાલતું.

**યોગદૃષ્ટિ સમુચ્ચય** : ડો. ભગવાનદાસ મહેતા લિખિત- તેમના ધર્મપત્ની શ્રી લીલાવતીબેનની સ્મૃતિમાં છપાવેલ બી.એ ના કોર્સમાં ચાલતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મારા સંસ્મરણો



લે. સૌ. અરૂણા જે. મહેતા

મારા પૂ. બાના અવસાન સમયે મારી ઉંમર સાત વર્ષની, બાનું મોઢું પણ બરાબર યાદ નહિ. પૂ. બાની માંદગી લાંબી ચાલી અને પૂ બાપુજીએ ખૂબ સેવા કરી. હું તો બાથી દૂર હતી, પણ કાગળ આવે, અથવા તો ઘરનાઓને ચિંતાતુર જોઉં કે આકાશમાં (ભગવાન ત્યાં જ હોય તેવી સમજ) જોઈને પ્રાર્થના કરૂં કે, હે ભગવાન મારી બાને જલ્દી સાજા કરી દેજો. બા ગુજરી ગયા તે દિવસે બધાં બહુ રડતાં, તેવું પણ થોડું યાદ છે. પૂ બાપુજીએ બાની ખોટ સાલવા ન દીધી; અને અમારા ઉછેરમાં ખૂબ ધ્યાન આપ્યું સ્કૂલમાં જ્યારે અમને બોટાદકરની કવિતા ચાલતી, 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ' અને બીજી કવિતા કલાપીની યાદ આવે છે 'અરરર બાલુડા બાપલા અરે, જનની આ હવે સ્વર્ગમાં જતી' ત્યારે વાંચતી વખતે આંખમાંથી દડદડ આંસુ જતાં, અને એમ થતું કે અમે નાનાં હતાં તો બાને કેમ જગતમાંથી વિદાય લેવી ગમી હશે, પણ કુદરત પાસે આપણું કંઈ ચાલતું નથી, એમ મનને મનાવતી.

૧૯૭૬નો ૨જી ડીસેમ્બરનો દિવસ ખૂબ પવિત્ર. મૌન અગ્યારશ. આખો દિવસ ખૂબ શાંતિથી પસાર થયો. રોજ સવારના ૧૧-૩૦થી ૧૨ વચ્ચે બાપુજીનો ફોન આવે પણ તે દિવસે ન આવ્યો, તેમ જ મારાથી પણ ન થયો. રાતના ૧૧-૩૦ વાગે ફોન આવ્યો કે તરત પાર્લા જવા નીકળ્યાં. પાર્લા જતાં ૩૫થી ૪૦ મિનીટ થાય પણ રસ્તો કોઈ વાતે ખૂટે નહિ. મનમાં એમ જ થાય કે બાપુજી તરત કહેશે કે તમે બધાં શું ભેગા થયાં છો? અહિંયા મફતની ધમાલ કરી છે, મને તો સારું છે. આ વિચારમાં જ પાર્લા આવ્યું, બાપુજીને મળવા જલ્દી દોડી પણ વિધિએ કંઈ જુદું જ નિર્માણ કર્યું હશે. રડવાનો નીચે અવાજ સાંભળ્યો, અને એકદમ મનમાં થયું કે અઘટિત એવુ કંઈ બની ગયું છે, અને મારા ભાઈ (ઈંદુભાઇ)ને કહ્યું કે, કેવા કમનસીબ અમે છીએ કે માગસર મહિનામાં અમે મા-બાપ બંનેને ખોયાં. નવા વર્ષનું પંચાંગ આવે ત્યારે સૌથી પહેલાં હું એ જ જોઉં કે માગશર વદી અમાસ (મારી બાની પુણ્યતિથિ) ક્યારે છે? તે દિવસે પૂ. બાપુજી ઉપવાસ કરશે. હવે માગશર મહિનામાં બે તિથિ જોવાની. માતા-પિતા બેઉનો વિયોગ એક જ મહિનામાં, એઓ તો શોક કરવાની ના પાડી ગયા છે, તે ઉપરાંત જ્ઞાની તેથી આપ્તજનોના શોક કરવાથી મરનારના આત્માને ખૂબ સંતાપ થાય છે-તેમ પણ લખ્યું છે-એમની મરણને આવકારવાની કેવી અપૂર્વ તૈયારી! એમણે તો હસતે મુખે એને વધાવી લીધું. એ મૃત્યુને પણ ધન્ય છે. એમણે એક ઠેકાણે લખ્યું છે કે હું તો એકાએક અને આકસ્મિક મૃત્યુ જ ઝંખુ છું. હું કોઇને બોજારૂપ ન થાઉં, માંદો પડું તો મને એમાં શરમ આવે છે. એટલે એમની ઈચ્છા હતી તેવા મોતને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓ ભેટ્યાં અને પાછું ઉમેર્યું છે કે મારા મૃત્યુ બાદ મારા કુટુંબીજનો, મારા સંતાનો, સ્નેહીઓ મારી આવી તીવ્ર અભિલાષાનો વિચાર કરે અને મારા એવા મૃત્યુનું જરાય દુઃખ ન લગાડે, પણ મારી ઈચ્છા પાર પડી છે તેનો આનંદ અનુભવે.

જે બની ગયું છે તે મિથ્યા નથી થવાનું, પણ બાપુજી માટે તો ફક્ત પિતા નહિ પણ બાપુજીમાં તો (માતા, મિત્ર, સ્વજન, વડીલ, સર્વસ્વના દર્શન થતાં) બધું આવી જતું–મન આક્રંદ કરી ઊઠે છે કે આ શું બની ગયું? બાપુજી ચાલ્યા ગયા મળવા ય ન રહ્યાં. ફક્ત મૃતદેહ જ જોવા મળ્યો. તેમની કંઈ સેવા ન કરી શક્યા, છેલ્લે ટાઈમે અમને ખબર ન પડી, કંઈ ધર્મ ન સંભળાવી શકયાં (પણ એમના ખીસામાંથી ભક્તામર સ્તોત્રની ગાથાઓ નીકળી હતી, તેઓ કંઠસ્થ કરતા) કંઈક મનમાં અફસોસ થયા કરે છે, પણ પછી તો એમની ડાયરી વાંચતા પોતે લખ્યું છે કે હું મારા મૃત્યુના ટાઈમે મેં શુદ્ધિ ગુમાવી હશે કે ન મૂમાવી હશે, પણ મારા હૃદયમાં તો એ વખતે આ લાઈનો જ રમતી હશે. (જુલાઈ ૧૯૫૩માં શિક્ષણ સંઘની પરીક્ષાનો પેપર તૈયાર કરતાં કરતાં 'સંથારા પોરિસી સૂત્ર' વાંચવામાં આવ્યું ત્યારની આ વાત ડાયરીમાં લખે છે કે 'આ સૂત્ર સાધુ મહારાજ બોલી ગયા હશે, રાત્રિ પોષધમાં પણ આ સૂત્રમાં આવી સરસ હકીકત કહેવામાં આવી છે તે આજે જ ખબર પડી. આખું સૂત્ર લખ્યું છે.)

એગોઽહં નત્થિ મે કોવિ, નાહમન્નસ્સ કસ્સવિ ।
એવં અદીણમણસો, અપ્પાણ મણુ સાસઈ ॥

મરણની કેવી ભવ્ય તૈયારી! કેટલાં વર્ષો પહેલાં કરી હતી ત્યારે તો તેમની ઉંમર ફક્ત ૪૫ વર્ષની. આ પ્રસંગ ૧૯૫૯નો છે. નવેમ્બરની ૧૭મીએ મારા લગ્ન થયાં તે પહેલાંની ડાયરીમાં પોતે લખે છે કે 'અરૂણાના લગ્ન વખતે, સાચા હીરા અને સાચા દાગીનાની કિંમત કરતા અધિક એવું મારે કંઈક આપવું છે, અને તેથી જ આ પુસ્તિકાની મેટર તૈયાર કરવામાં મેં જે રસ લીધો છે તેટલો રસ લગ્નના કોઈ કાર્યમાં મને આવવાનો નથી. ચિ. બેન અરૂણાની ગૃહસ્થાશ્રમની દીક્ષા વખતે એવી પુસ્તિકા બહાર પાડી હતી. તેમાં ટોલ્સ્ટોય, ખલિલ જિબ્રાન, અરવિંદ અને આપણા જૈન સાહિત્યમાં પણ સદ્વિચારો, સારા વાક્યો. વિ. લખ્યું છે. લગ્નને દિવસે વિદાય વખતે હું ખૂબ રડી. હૃદય તો બાપુજીને છોડીને જતાં ભાંગી ગયુ હતું. જેનું વર્ણન થાય તેમ નથી. હું ચારેય ભાઈ–બેનોમાં નાની, અને મારા લગ્ન પછી બાપુજીના મનમાં એવી ઇચ્છા ખરી કે મુંબઈ છોડીને કોઇ એવી શાંત જગ્યામાં કાંઈક આધ્યાત્મિક વિકાસ સાધવા જવું, તેથી બાપુજી હવે મુંબઈ છોડી દેશે એ વિચારનો સતત ભય રહેતો. વિદાય વખતે સંદેશાની ચોપડીમાં લખ્યું છે કે, જીવનના મધ્યાહ્નકાળે માતા બદલે જેણે માતા બની મારી કાળજી, ધ્યાન અને સંભાળ રાખી તે અરૂણાને સપ્રેમ ભેટ. મેં બીજે દિવસે બાપુજીને કહ્યું કે તમે લખ્યું છે, પણ હું એને લાયક છું? અમારે તો તમે જ માતા, તમે જ પિતા. તમે અમને કોઈ પણ પ્રકારનાં પ્રેમથી વંચિત રાખ્યાં નથી. આ તો તમારી મહાનતા દેખાડે છે, પણ આજે લાગે છે કે બાપુજીએ અમારે માટે સંતાનોને ખાતર જે ભોગઆપ્યો છે તે ખરેખર અવર્ણનીય છે, અને એ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાન માણસમાં એટલા બધા ગુણો કે એનું વર્ણન કરવાની મારામાં તાકાત નથી. પૂર્વ ભવનાં કોઇ ખૂબ ખૂબ પુન્યે જૈન ધર્મ અને આવા પુણ્યશાળી માતા–પિતાને ખોળે જન્મવાનું સદ્‌ભાગ્ય સાંપડયું. પિતાનો ખૂબ પ્રેમ મળ્યો, માની મમતા હુંફ બધું એમણે આપ્યું. પણ આવા પિતાની કંઈ પણ સેવા કરવાની તક સાંપડી નહી એટલા કમભાગ્ય!

આવા મહાન પિતાના આત્માને મારા કોટી કોટી વંદન હોજો! એતો જીવનમાં અને મરણમાં ખાટી ગયા છે. એમનો આત્મા જ્યાં હોય ત્યાં ઈશ્વર પાસે માગું છું, અને સાથે આવા મહાન પિતાની ખોટ તો પૂરી શકાય તેમ નથી, પણ એમના વિયોગનું દુઃખ સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા અમને શક્તિ આપે, અને તેઓએ લખ્યું છે ડાયરીમાં કે મૃત્યુ પામનાર વ્યક્તિના અધુરા કાર્યો કરવા એ જ સાચી સ્મરણાંજલિ અને શ્રદ્ધાંજલિ છે. મૃત્યુ પામનાર વ્યક્તિઓ આપણા જીવનદ્વારા જીવંત રહી શકે છે.

કોઇ પણ ક્ષણે તમને આ દુનિયામાંથી બોલાવી લેવામાં આવશે. વાતો કરતાં, કામ કરતાં અને કોઇ પણ વિચાર કરતાં કરતાં આ વાતનું ધ્યાન રાખો અને વખતસર પ્રાણ છોડવા તૈયાર રહો.

મરણમાં દુઃખ જેવું છે શું? માણસોથી છૂટા પડી દેવતાઓ પાસે જવામાં ખોટું શું છે? દેવતાઓ તમને કોઇ રીતે દુઃખી નહીં કરે. કદાચ એમની હૈયાતી વિશે તમને વિશ્વાસ ન હોય, કદાચ તમે ઇશ્વરને માનતા ન હો, તો પણ મૃત્યુથી ડરવું શા માટે? હું તો કહું છું કે ઇશ્વર છે એ જ આખા બ્રહ્માંડનો રક્ષક છે

પોતાની જાતને બચાવવા માટે આત્મરક્ષાના જાત જાતના ઉપાયો માણસ જાણે છે. એ બધા ભગવાનના જ દીધેલા છે. વાસ્તવિક સંકટોથી બચવા માટે માણસો પાસે ઉપાયો છે, જે સંકટો અનિવાર્ય છે એ વાસ્તવિક સંકટો નથી. બાહ્ય વસ્તુઓનો પ્રભાવ આત્મા પર પડવો ન જોઈએ. જ્યાં સુધી આત્માને સહેવું પડે નહીં ત્યાં સુધી, સંકટ ખરી રીતે સંકટ જ નથી, જો એ ખરૂં સકટ હોત તો એનાથી બચવાનો ઉપાય પણ જરૂર હોત. ભગવાન માનવના સંકટો સમજે છે અને એથી બચાવે પણ છે.

આ દુનિયામાં સજ્જન અને દુર્જન બન્નેયને સુખ અને દુઃખ ભોગવવા પડે છે. સજ્જનો પર ઓછા સંકટ પડે અને દુર્જનો પર વધુ–આવું જોવામાં આવતું નથી. જેને આપણે સુખ–દુઃખ માનીએ છીએ તે જો ખરેખર જ સુખ–દુઃખ હોત તો ભગવાન ક્યારેય એવું થવા ન દેત. દરેક માણસનુ સુખ અને દુઃખ, ભલું અને બૂરૂં એમના જ હાથમાં છે. આદર અને અપમાન, કષ્ટ અને આરામ, ધન અને દરિદ્રતા, લોકોના ગુણો પ્રમાણે પ્રાપ્ત થતા નથી. જો આપણે વિચારપૂર્વક જોઈશું તો સમજાશે કે, જેને આપણે સારી વસ્તુ–સુખ માનીએ છીએ અથવા જેને આપણે બૂરી વસ્તુ–દુઃખ માનીએ છીએ તે વસ્તુ બરાબર એવી જ હોતી નથી. અમુક વસ્તુ ખરાબ છે અને અમુક સારી છે એનો નિર્ણય સારી રીતે વિચાર કર્યા વિના કરવો ન જોઇએ. (શ્રી મનસુખભાઇની ડાયરીમાંથી)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મારા પૂ. પિતાશ્રીની ડાયરીમાંથી કેટલીક મહત્વની નોંધો

લે : અ. સૌ. અરૂણા જે. મહેતા

20 Nov. 1953

'પ૩માં ઘણે ઠેકાણે રાજસ્થાન, જયપુર, વિ. સ્થળોએ યાત્રા પોતે કરી અને ખૂબ આનંદ આવ્યો. એમાં લખે છે કે—

"રાજપરાના ભોંયરામાં ભગવાન પાર્શ્વનાથની ભવ્ય શ્યામ પ્રતિમા. પ્રતિમાઓને નિહાળું છું અને હૃદયમાં એક પ્રકારની શાંતિ અનુભવું છું. આટલી આટલી પ્રતિમાઓના દર્શન કર્યા, પૂજન કર્યા પણ મને હજુ સંતોષ નથી થતો. જીવનભર આવી પ્રતિમાઓના દર્શન કર્યા જ કરું અને પૂજન કર્યા કરું એવી મારી ઈચ્છા સફળ થાય એમ ઈચ્છું છું."

પછી નવ્વાણું યાત્રા ૧૯૬૧માં કરી ત્યારની વાત છે.

9 Octo. 1961

"સિદ્ધાચળના સ્તવનો, મોટી શાંતિ લઘુ શાંતિ, વંદિત્તુ, સૂત્રો વિ. તૈયાર કરું છું. દશ દશ વરસથી નવ્વાણું યાત્રા કરવાના સ્વપ્નો સેવવા છતાં નવ્વાણું યાત્રા માટેની લાયકાત હું પ્રાપ્ત કરી શક્યો નથી. આશ્વાસન તો માત્ર એજ છે કે એ ભવ્ય તીર્થમાં તેના નાનામાં નાના અને ઓછામાં ઓછી અક્કલવાળા બાળક તરીકે હું જઈ રહ્યો છું, અને ભવ્ય માતાપિતાને જેમ એનું નબળામાં નબળું બાળક વહાલું લાગે, તેમ આ તીર્થયાત્રાઓ–અધિષ્ઠાયી દેવતાઓ મારા પર પ્રેમ વરસાવશે, મારી ભાવના અતિ અતિ શુદ્ધ છે."

8 Dec 1961

"બધા તીર્થંકરો તો એકસરખા છે. ઘાતિ કર્મોનો નાશ થતાં તેઓ બધા એક સરખી ભૂમિકા પર આવી જાય છે, અને નિર્વાણ વખતે તો તમામની સ્થિતિ એકસરખી રીતે થઈ જાય છે. તેમ છતાં બધા તીર્થંકરોમાં નેમનાથ ભગવાન પ્રત્યે મને વધુ આકર્ષણ રહે છે. સામાન્ય રીતે પણ જે ગુણ આપણામાં ન હોય અને બીજી વ્યક્તિમાં એવો ગુણ જોવાનો મળે ત્યારે તેની પ્રત્યે આપણને સદ્ભાવ અને માન ઉત્પન્ન થાય છે. નેમનાથ ભગવાનને ફૂલનો હાર ચડાવતી વખતે મને જે એક વાત યાદ આવી જાય છે, તે એ છે કે આ ભગવાને રાજીમતીને પરણ્યા વગર ત્યજી દીધાં. એમની વિશાળતા અને મારી પામરતાનું ભાન મને એમની પૂજા કરતી વખતે થાય છે. એમનો એ મહાન ગુણ પ્રાપ્ત કરવા ભારે ભાવપૂર્વક હું એમની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રતિમાની પૂજા કરું છું. એ ગુણ તો કોણ જાણે કેટલાયે ભવો કર્યા પછી આવશે–પણ એ ગુણ મારે પ્રાપ્ત કરવો છે એ ચોક્કસ છે."

મૃત્યુ વિષે તેમણે બહુ નોંધ કરી છે અને પોતે કોઇને જરા પણ ભાર રૂપ ન બને એ રીતેના મૃત્યુ માટે ઈશ્વર પાસે સતત પ્રાર્થના કરતાં–આ વાત તો તેમની ડાયરીઓમાં ઠેર ઠેર જોવા મળે છે.

17 March 1973

"બાપુજીનો જન્મદિવસ–તે દિવસે ડાયરીમાં લખે છે કે જન્મદિવસનું પણ મોટું તૂત છે. અનંતા જન્મો લીધાં, અને અનંતા બાકી હશે, તેમાં વર્ષના સઘળા દિવસો કોઇને કોઈ જન્મની ગણતરીએ જન્મ દિવસ તરીકે આવી જ જતા હશે. કયા જન્મનો દિવસ–કયા જન્મનો જન્મ દિવસ ઉજવવો? જીવને જે જન્મે મોક્ષ થાય-જે ભવ પછી ફરી જન્મવાનું ન આવે–તે જ વખતના જન્મનો જન્મદિવસ સાચો માનવો જોઇએ."

11 Jan 72

અમારા સંબંધીની સાદડીમાં જઈ આવ્યા પછી પોતે લખે છે કે—

"મારૂં તો Heart-failથી જ મૃત્યુ થવાનું છે, એટલે કોઇને ભલામણ કરવાનો સમય જ નથી રહેવાનો. કોકિલા–અરૂણા સિવાય હવે કોઈ અન્ય પર મોહ નથી રહેવા પામ્યો. (આ રાગ–મોહ હું ઓછો કરવા પ્રયત્ન કરૂં છું) હું મર્યા પછી મારો આત્મા તો જીવંત રહેવા જ સર્જાયો છે, અને આત્મા તો કદી કોઇનો મરતો જ નથી. એટલે મારા આત્માની શાંતિ જો એ બંને બહેનો સાચા અર્થમાં સમજતી હોય તો આંખમાં એક આંસુ પણ આવવા ન દે. કાળો સાડલો કે કાળી કિનારવાળો સાડલો ન પહેરે–જો એમને ખાતરી હોય કે જીવનમાં શરમાવા જેવું કોઈ કાળું કામ કે અપકૃત્ય મેં નથી કર્યું. બાકી તો મેં ડાયરીમાં લખેલું છે કે મારા મૃત્યુ બાદ તેમનું એક એક આંસુ મારા આત્મા પર એક એક ટનના બોજારૂપ બની રહેશે. બાકી હાલ મરૂં તો પણ ૬૫ની ઉંમરે મર્યો ગણાઉં અને વળી પાછો વિધુર અવસ્થામાં, એટલે મારા મોત માટે તો મહોત્સવ હોય, હાય–વોય નહિ જ. કોકિલા–અરૂણા પ્રત્યેની આસક્તિ–મારા મૃત્યુ પછી–તેઓના અથાગ દુઃખનું નિમિત્ત ન બને તે માટે પણ તેમના પ્રત્યે આસક્તિ ઘટાડવી જોઇએ."

1 Oct. 70

કોઈ ગુજરી ગયું તેની પાછળ પૂજા ભણાવવા માટે Problem થતો હતો. તેથી પોતાના વિચારો બાપુજી આ દિવસની ડાયરીમાં જણાવે છે—

"મારા જીવનમાં 'શીલ' મને સૌથી વધુ પસંદ છે, અત્યંત આનંદ અને કાળજીપૂર્વક શીલનું હું જતન કરતો આવ્યો છું. આ બાબતમાં ૬૩ વર્ષની ઉંમરમાં મારી જાતને મેં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કદી છેતરી નથી–બાંધછોડ કરી નથી. મનથી ભૂલ થઇ હશે પણ કાયા કે વચન દ્વારા મારાથી કદી ભૂલ થવા નથી પામી–તો મારા આત્માને મારી પાછળનાઓ જો શાંતિ આપવા ઇચ્છતા હોય તો તેઓએ પણ તેમના શીલની બાબતમાં મારૂં અનુકરણ કરવું. નામનો મોહ ખોટો છે. મોહ રાખવો જ હોય રાગ કરવો જ હોય તો–તો મારી માફક તમારા શીલનો જ કરજો અને તેથી જ મને (મારો આત્મા જ્યાં હશે ત્યાં) શાંતિ પહોંચશે. શીલ એ જ જીવન છે અને શીલનો ભંગ એ જ મૃત્યુ છે.''

27 March 75

હોળીએ એમનો જન્મ દિવસ. તે દિવસે લખે છે કે—

''વર્ષ દરમિયાન જરા પણ આધ્યાત્મિક પ્રગતિ કરી હોય તો જન્મદિવસે આનંદ માણી શકાય, પણ મારી બાબતમાં તો એવી કોઈ પ્રગતિ થવા પામી નથી. ભક્તામર સ્તોત્રની ૧૫ ગાથાઓ થઇ. આજે પંદરમી કરી, તેટલા પૂરતો આનંદ થયો. આવતું વર્ષ પૂરૂં થવા પહેલાં 'ભક્તામર' અને 'આત્મ સિદ્ધિ' અર્થ સાથે પૂરા કંઠસ્થ થઈ જાય તો જરૂર આનંદ થશે.''

રાગ–દ્વેષ અજ્ઞાન છે, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ.

વિવેકને ભ્રષ્ટ કરનારા રાગ–દ્વેષ વગેરે છોડો. અહંકાર, દંભ, ઇશ્વર પ્રત્યે અસંતોષ વગેરે હલકી ભાવનાઓને મનમાં સ્થાન દીધા વિના પોતાના કર્તવ્યોનું પાલન કરો. તમને ખાત્રી થશે કે ધર્મથી ચલિત થયા વિના શાંત ચિત્તે જીવન વિતાવવું મુશ્કેલ નથી.

બહારની વસ્તુઓથી તમે શા માટે અકળાઓ છો! કોઈ સારા કાર્યમાં મન લગાડીને પોતાના દુ:ખને ભૂલવાનો પ્રયત્ન કરો. અસલી ચીજને પારખ્યા વિના, અનેક પ્રકારના કાર્યોમાં ગુંથાઇને જીવન એમ જ પૂરૂં કરી નાખવું એ મૂર્ખાઈ છે પોતાના આચરણને અને પોતાના વિચારને કર્તવ્ય–ધર્મથી નિયમિત કરો, આ જ શાંતિનો માર્ગ છે.

બીજાઓના મનમાં કેવા વિચાર આવે છે, તેઓ શું વિચારે છે અને શું નથી વિચારતા– આવા બધા વિચારો છોડી દો. એથી દુ:ખ સિવાય કાંઈ મળવાનું નથી. પોતાના અંતરને તપાસ્યા વિના બીજાઓના મનની અવસ્થાનો વિચાર કરવામાં કશો લાભ નથી.

ક્રોધને કારણે કરવામાં આવતા ગુના કરતાં લોભથી કરવામાં આવતા ગુનામાં વધુ પાપ છે. ક્રોધની સ્થિતિમાં માણસ પોતે કંઈક દુ:ખ ભોગવે છે, પણ બીજી સ્થિતિમાં માણસ જ્યારે કાંઈ ગુનો કરે છે ત્યારે એ પોતે કોઈ સ્વાભાવિક દુ:ખનો અનુભવ કરતો નથી.

(શ્રી મનસુખભાઇની ડાયરીમાંથી)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક અગત્યનો આશ્વાસન પત્ર

## શીલાંક ચંદુલાલ મહેતા

અમદાવાદ, તા. ૨૭-૧-૭૭

શ્રી તંત્રી સાહેબ,

જત વિનંતી સાથે જણાવવાનું કે આ સાથેનો પત્ર સ્વ. પૂ. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાએ મારા સ્વ. પૂ દાદા શ્રી ગુલાબચંદ વછરાજ ઉપર તા. ૧-૪-૧૯૩૧ના રોજ લખેલ છે. તે મારા સ્વ પૂ. પિતાશ્રી ચંદુલાલ ગુલાબચંદ મહેતાની ફાઇલમાંથી નીકળેલ છે તે આપના અંકમાં છાપવા માટે મોકલું છું.

પૂ. મનસુખકાકાના ૧૯૩૧માં કેવા વિચારો હતા તે આ પત્રમાં દર્શાવ્યા છે. તેઓ આટલી નાની ઉંમરમાં કેટલું જ્ઞાન ધરાવતા હતા તે તેમાં બતાવેલ છે. તેમના ઊંચા વિચારો નાની વયમાં જ હતા અને તેથી જ તેઓ મહાન બની ગયા.

મારા સ્વ. પૂ. બાપા શ્રી જયંતિલાલ ગુલાબચંદ મહેતા નાની વયમાં સ્વર્ગવાસ પામેલ હતા ત્યારનો આ પત્ર અતિ સુંદર છે આશ્વાસનની જે લાગણી આમાં પ્રદર્શિત કરી છે તે ખરેખર પ્રશંસનીય છે.

મુંબઈ, તા. ૧-૪-૩૧

પરમ પૂજ્ય પિતાશ્રી તુલ્ય કાકાશ્રી ગુલાબચંદ વછરાજની પવિત્ર સેવામાં

વિ. તમારો પત્ર મળ્યો છે. ભાઈ ચંદુલાલ આનંદથી પહોંચી ગયા છે

મુ જયંતીભાઈની ગેરહાજરી પછી તમારી ફરજ ડબલ થાય છે. માંદગીની અજોડ માવજતમાં જે ધીરજથી શાંતિથી કામ લીધું છે, તેથી ડબલ ધીરજથી અને શાંતિથી હવે કામ લેવાનું છે. જયંતીભાઈનાં દાખલા સાથે અભિમન્યુનો દાખલો બહુ મળતો આવે છે. જુવાન ઉંમરમાં ભલભલાને થકવી નાંખે તેવું અભિમન્યુનું યુદ્ધ, અજબ યુદ્ધનાં પછીનું તેનું મરણ, અને તે પછીનો પાંડવોનો વિલાપ એ બધું વાંચનારને અને આપણું જોનારને સરખામણી કરવાનું મન થાય. જ્યારે આવાં ધર્મી પુરૂષોને પણ એ ઉંમરમાં એવું દુઃખ થયું તો આપણે તો માત્ર મનુષ્ય.

આવાં જ દાખલાઓ શ્રી તિલક, સુરેન્દ્રનાથ બેનરજી, અને સી. આર દાસની બાબતમાં બન્યા છે તિલકનો જુવાન પુત્ર જ્યારે ગુજરી ગયો તે જ દિવસે અમુક સંસ્થા તેને હાથે ખુલવાની ક્રિયા થવાની હતી. અજબ હિંમતે તેણે તે કામ કરેલું. સુરેન્દ્રનાથ બેનરજીનો પણ પુત્ર ગુજરી ગયો તે જ દિવસે પ્રેસીડેન્ટ તરીકેનું તેનું એક ભાષણ હતું. અજબ શાંતિથી તેણે તે કરેલું. આ દાખલાઓ આપણને શાંતિ અને ધીરજ પકડવાનું શીખવે છે અભિમન્યુનો દાખલો લઈ આપણને અભિમાન લેવા જેવું થાય છે. જેવો પાંડવોનો અભિમન્યુ તેવો જ આપણો જયંતીભાઈ. બાકી તો જન્મનાં ટાઇમે જ મૃત્યુની તિથિ લખાઈ છે એટલે એમાં ફેરફાર તો કોઈ કરી શકેલ નથી અને થઈ શકે જ નહિ, એટલે એ માટેની ઉપાધિથી શું ફાયદો.

લિ. છોરૂ મનસુખલાલના પ્રણામ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવો ઝભ્ભો



લેખક : નંદલાલ રૂપચંદ શાહ-મુંબઈ

કોઇ કોઈ મહાપુરૂષોની પ્રતિમા અને પહેરવેષ એવો હોય છે કે દૂરદૂરથી જોતા મોટા માનવ સમુદાયમાં પણ તે કોણ સજ્જન વ્યક્તિ છે તે આપોઆપ જણાય આવે છે.

એવા સજ્જન મહાપુરૂષ શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા આપણે ગુમાવી દીધા તેનું દુઃખ તેમના કુટુંબીઓ ઉપરાંત સમાજના સૌને છે જ. છતાં જેઓ તેમના વધારે પરિચયમાં આવ્યા તેમને વધારે છે. કેમકે જે જે વ્યક્તિઓ તેમના વધુ પરિચયમાં આવી તેમની સાથે એકસરખી આત્મીયતા અનુભવી છે.

સંસર્ગમાં આવનાર પ્રત્યેક વ્યક્તિઓ અને સંસ્થાઓ એકસરખી આત્મીયતા અનુભવે એવી વિરલ વ્યક્તિઓ જવલ્લે જ જોવા મળે છે.

સ્વર્ગસ્થ શ્રી મનસુખલાલભાઇને શ્રદ્ધાંજલિ અર્પના નિમિત્તે એક શોક સભા કોટના શ્રી શાન્તિનાથજી દેરાસરમાં પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ભુવનચંદ્રસૂરીશ્વરજી તથા વિદ્વાન વ્યાખ્યાનકાર પૂ. મુનિવર્ય શ્રી મહાનંદવિજયજીની નિશ્રામાં મળી હતી. તે સમયે જુદી જુદી જૈન સંસ્થાના આગેવાનોએ સ્વ. શ્રી મનસુખભાઈના ઉચ્ચ જીવન વિષે મનનીય વક્તવ્યો કર્યા હતા.

જે સદ્‌ગૃહસ્થના આટલા બધા ગુણોનું વર્ણન થયું, ત્યારે તેની બીજી બાજુ કઇ છે કે નહી તે તપાસવા વિચાર આવ્યો. પરંતુ જ્યાં એક જ બાજુ છે ત્યાં બીજી બાજુ મળે જ ક્યાંથી? વળી વિચાર આવ્યો કે આનું કારણ શું?

અંતરમાંથી અવાજ આવ્યો કે કારણમાત્ર ‘ ભગવો ઝભ્ભો ”

લગભગ બધાએ અનુભવ્યું હશે કે લગભગ ભગવા રંગને મળતા રંગનો જ ઝભ્ભો તેઓશ્રીનો કાયમનો પહેરવેશ હતો, જે રંગ તેમના શુદ્ધ ચારિત્રનો હંમેશા પડઘો પાડ્યા કરતો.

પ્રમાણમાં નાની વયમાં જે ગૃહસ્થ વિધુર થયા પછી ધાર્મિક જીવન જીવવામાં અને ધાર્મિક કાર્યો કરવામાં મન પરોવી દે છે તેઓ ચારિત્રવાન સંસારી સાધુ જ છે. સ્વર્ગસ્થના જીવનમાં આપણે હરહમેશ એ જ અનુભવ કર્યો છે

છેલ્લે છેલ્લે આપણે જોયું કે તેમને તેમનો અંતકાળ નજીક આવે છે તે સુઝી આવ્યુ હતુ. તેની સાબિતીમાં તેમનો ગયા જાન્યુઆરી મહીનાના જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકામાં લખેલો લેખ ‘દંપતી જીવનનો અંતિમ દિવસ’.

આટલા વર્ષો પછી આ હકિકત લખવાની પુણ્યશાળી આત્માઓને જ ઝાંખી થાય છે. ઉપરાંત તેઓશ્રીએ અમુક ચીજોની જાવ-જીવ પ્રતિજ્ઞાઓ લીધી હતી તે પણ ઘણાઓની જાણમા છે.

જીવન જીવવાની કલા અને ઉદ્દેશ તેઓશ્રી આપણને બતાવી ગયા, એટલું જ નહીં પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૃત્યુમાં પણ ખાટી ગયા એમ કહું તો અસ્થાને નહિ ગણાય. મૃત્યુ સમયની વેદનાઓ અસહ્ય હોય છે; જ્યારે તેઓશ્રી વગર બિમારીએ કોઇને પણ સેવાનો લાભ કે તકલીફ આપ્યા સિવાય પોઢી ગયાં, જેને આપણે સમાધિમરણ (માનીયે છીએ) કહી શકીએ.

સ્વર્ગસ્થ શ્રી મનસુખભાઈ માનવ નહીં પણ મહામાનવ હતા. આવા મહામાનવ ગયા પછી તેમની ગેરહાજરી કે ખોટ સાલે છે અને હવે પછી વધુ સાલશે, કારણ કે તેમના વિદ્વત્તા-ભર્યા લેખો, ધર્મકથાઓ અને બોધકથાઓ હવે જોવા નહીં મળે. ધાર્મિક વિષયોમાં તેમનું મનન, ચિંતન અને સંશોધન ઘણું વિશાળ હતું, એથી જ આવી ધર્મકથાઓ અને બોધદાયક શીલધર્મની વાર્તાઓ આપણને નિયમિત વાંચવા મળતી હતી.

'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિકમાં સ્વ. શ્રી મનસુખભાઈની બોધકથા વાર્તા નિયમિત અચૂક હોય જ, પત્ર હાથમાં આવતાંની સાથે જ પહેલું વાંચન તેમની જ વાર્તાનું જ લગભગ સૌને વ્યસન થઈ ગયું હતું.

તેઓશ્રીની વાર્તા જે જે પાક્ષિક કે માસિકમાં હોય તે પત્ર સભર લાગ્યા વગર રહે જ નહીં. તેમની છેલ્લી વાર્તા 'મહાભિનિષ્ક્રમણ' તેમના પોતાના જ મહાભિનિષ્ક્રમણ જેવી નથી લાગતી?

આવા ભગવા ઝભ્ભાધારી ગુણજ્ઞ તત્ત્વચિંતક ધર્માનુરાગી અને સાહિત્યકારની સમાજને જે ખોટ પડી છે તે શ્રી શાસનદેવ બીજાઓને પુરી કરવાની શક્તિ આપે અને સદ્ગતના અમર આત્માને ચિરશાંતિ અર્પે એ જ અભ્યર્થના.

## અનેકના સ્નેહી

૬, અમુલ સોસાયટી,
અમદાવાદ ૭
તા. ૧૬-૧૨-૭૬

અનેકના સ્નેહી અને સલાહકાર શ્રી મનસુખભાઈના અવસાનથી લાગણીશીલ સ્વજનની જે ખોટ પડી છે, તે ભૂલી ભુલાતી નથી અને અવાર-નવાર એમની યાદ આવ્યા કરે છે. આપણે સૌએ કેવા સાત્ત્વિક અને સાચા મિત્ર ગુમાવ્યા છે. સમાજમાં સાધુ જીવનની ફોરમ પ્રસરાવતું એક ઉત્તમ ફૂલ ખરી પડયું!

રતિલાલ દીપચંદ દેસાઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રદ્ધાંજલિ



અર્પનાર :

**શતાવધાની પંડિત**
**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**

મિત્ર ગયો મમતા રહી, આવે ફરી ફરી યાદ;
કાળ કબાડું કરી ગયો, કોને કરું ફરિયાદ?

સને ૧૯૩૨માં સ્વ. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાનો પરિચય થયો અને થોડા વખત પછી તે ગાઢ મૈત્રીમાં પરિણમ્યો. અમે બન્ને વારંવાર મળતા અને સાહિત્ય અને સમાજના અનેકવિધ પ્રશ્નોની ચર્ચા કરતા. તેમને મારા પ્રકાશનોમાં અને તે નિમિત્તે યોજાતા સમારોહમાં ઘણો રસ હતો. તેની પ્રાથમિક ચર્ચા તેમને ત્યાં થતી. તેનું આયોજન પણ ત્યાં જ ઘડાતું. આ સમારોહમાં કેટલીક વાર તેમણે મંત્રીપદ સંભાળ્યું હતું, કેટલીક વાર સ્વાગતાધ્યક્ષનું પદ સંભાળ્યું હતું અને બે વાર અધ્યક્ષનું પદ પણ સંભાળ્યું હતું. ગ્રંથ પરિચય તો મોટા ભાગે તેઓ જ આપતા. છેલ્લાં પંદર વર્ષમાં જે જે સમારોહો યોજાયા તે બધામાં તેમણે અચૂક હાજરી આપી હતી.

મારો આવો એક મિત્ર ચાલ્યો ગયો, પણ તેની મમતા દિલમાં રહી ગઇ છે અને તેથી ફરી ફરીને યાદ આવે છે. કાળદેવે સમય કરતાં તેમને વહેલા ઉપાડી લઈને ઘણું ખોટું કામ કર્યું છે, પણ તેની ફરિયાદ કોને કરવી? મનસુખભાઇ આટલા વહેલા ચાલ્યા જશે? તેની કલ્પના ન હતી છેલ્લાં બે-ત્રણ વર્ષથી શરીરમાં રોગે પેસારો કર્યો હતો, પણ તે સુધરી જવાની પૂરી આશા હતી; પરંતુ એ આશા ઠગારી નીવડી.

મનથી તું મથતો સદા, આતમ સુખને કાજ;
આંસુ લૂછયાં અનેકનાં, રાખી ઘણાની લાજ.

હે મિત્ર! આત્મસુખ કેવી રીતે મળે? તેનું તારા દિલમાં અહોનિશ મથન ચાલતું. દુનિયા એ જાણતી હોય કે ન જાણતી હોય, પણ હું તો એ જાણતો જ હતો, કારણ કે આ વિષયના તેં મારી સાથે અનેક વાર સૂક્ષ્મ ચર્ચા-વિચારણાઓ કરી હતી.

વળી તારા અંતરમાં દયા અને પરોપકારની ભાવના ઊંચા પ્રકારની હતી. તેથી જ તેં અનેક દુઃખિયાઓનાં આંસુ લૂછયાં છે અને અનેકની લાજ રાખી છે. 'જમણો કહે તે ડાબો ન જાણે' એ ન્યાયે તેં આ વાતની કોઇને ખબર પડવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દીધી નથી, પણ હું તો આ વસ્તુ બરાબર જાણું છું.

સંયમ અને સેવા તણો, લાગ્યો અવિહડ રંગ;
**મનસુખ** તું જીતી ગયો, જીવન કેરો જંગ.

મિત્ર! તારા ધર્મપત્ની લીલાવતીબેન સને ૧૯૪૬માં બે પુત્ર અને બે પુત્રીઓને મૂકી વિદેહ થયા, તેનો અસહ્ય આઘાત તેં જ્ઞાનદૃષ્ટિ કેળવી સહી લીધો. ઘણા મિત્રો અને સંબંધીઓએ ફરી લગ્ન કરવા કહ્યું. પણ તેં આ વાતનો સવિનય અસ્વીકાર કર્યો. તારી દલીલ એ હતી કે પત્ની પાસે પતિપરાયણ થવાની આશા રાખીએ તો પતિએ પત્ની પરાયણ કેમ ન થવું? તાત્પર્ય કે વિધવા થયેલી સ્ત્રી જેમ પતિનું સ્મરણ કરી વૈધવ્યનું પાલન કરે છે તેમ વિધુર થએલ પતિએ પત્નીનું સ્મરણ કરી વૈધુર્યનું પાલન કરવું જોઇએ. આ પ્રસંગ પછી તેં સંયમનું-બ્રહ્મચર્યનું જીવનભર પાલન કર્યું.

નેપચુન ઇન્સ્યુરન્સ કું.નો કારોબાર સરકાર હસ્તક ગયા પછી તેં સેવાવૃત્તિમાં ચિત્ત લગાડયું અને તેમાં દિન-પ્રતિદિન વૃદ્ધિ થતી જ રહી. આ રીતે તારા જીવનમાં સંયમ અને સેવાનો અવિહડ રંગ લાગ્યો.

જીવનનો જંગ તો બધાને લડવો પડે છે, પણ તેમાં જિત મેળવનારા કેટલા? પણ મિત્ર! તું તો તારા સદ્વિચાર અને સદાચારથી તેમજ સેવાપરાયણતાથી જીવનનો જંગ જીતી ગયો છે, એમ હું દૃઢતાથી માનું છું.

ફરકે પતાકા યશ તણી, ત્યાં શું કરવો શોક?
અનુસરીએ તુજ ગુણને, તો સુધરે બંને લોક.

તારા યશની પતાકા સર્વત્ર ફરકી રહી છે, ત્યાં તારા મૃત્યુનો શોક શું કરવો? તેં તો તારી પાછળ સગા-સંબંધીઓ તથા મિત્રોને શોક ન કરવાની સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. છતાં તારા પ્રત્યેના મમત્વના કારણે શોકની લાગણી ઉદ્ભવી જાય છે, પણ તે અમારી કમજોરી છે, અમારી જ્ઞાનદૃષ્ટિની ખામી છે. ખરી વાત તો એ છે કે તેં તારા જીવનમાં જે મહાન ગુણો કેળવ્યા હતા તેનું અમારે અનુસરણ કરવા જેવું છે જો એ ગુણોને અમે અનુસરીએ તો અમારો આ લોક અને પરલોક બન્ને સુધરી જાય.

આ સાચી શ્રદ્ધાંજલિ, આ સાચો ગુણવાદ;
ધર્મ કરો ધીરજ ધરી, તો પ્રકટે જયનાદ.

મારી દૃષ્ટિએ તો મનસુખભાઈના ગુણોને અનુસરવા એ જ એમનો સાચો ગુણાનુવાદ છે અને એ જ એમને સાચી શ્રદ્ધાંજલિ છે. તેમના જીવનનો એક જ સૂર હતો કે મનુષ્યે ધૈર્ય કેળવી ધર્મનું આચરણ કરતા રહેવું. તેથી આ જગતમાં જયશાળી થવાય છે, જીવનની બાજી જીતી શકાય છે અને સર્વત્ર જયનાદ પ્રકટે છે.

સ્વ. શ્રી મનસુખભાઈ વિષે લખવા જેવું ઘણું છે, તે તેમના સ્મૃતિ ગ્રંથમાં લખાશે ત્યારે જ જૈન સમાજ તથા જગત્ જાણી શકશે કે આપણને એક કેવી વિરલ વ્યક્તિની ખોટ પડી છે.

હાલમાં તેમને ભાવભરી આટલી શ્રદ્ધાંજલિ સમર્પિત કરીને અંતર્વ્યથા સાથે વિરમું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. શ્રી મનસુખલાલભાઈના જીવનનાં મહત્વના પ્રસંગ ચિત્રો



આ. શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજ
શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાને વાસક્ષેપ કરી રહ્યા છે.



એક સમારોહમાં તેમને અધ્યક્ષ તરીકે તિલકવિધિ થઈ રહ્યો છે.
શ્રી ચંપાબેન ધીરજલાલ શાહ તેમને કુંકુમ તિલક કરી રહ્યા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સને ૧૯૬૬માં પ્રજ્ઞા પ્રકાશન દ્વિતીય સમારોહ વખતે
તેના અધ્યક્ષ **શ્રી** કે. કે. શાહને સમારોહના એક કાર્યકર્તા તરીકે
શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા પુષ્પહાર કરી રહ્યા છે.



સને ૧૯૭૫માં પ્રજ્ઞા પ્રકાશન મંદિર તરફથી મુંબઈ–પાટકર હોલમાં
અધ્યાત્મ – લલિત કલા સમારોહ યોજાયો, તેનું અધ્યક્ષસ્થાન
શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાએ શોભાવ્યું હતું. સમારોહના
મંત્રીઓ તેમને બિલ્લો પહેરાવી રહ્યા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રજ્ઞા પ્રકાશન મંદિર તરફથી 'સંકલ્પ સિદ્ધિ' ગ્રંથની બીજી આવૃત્તિનું પ્રકાશન થયું ત્યારે સમારોહના એક કાર્યકર્તા તરીકે શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા સમારોહના અધ્યક્ષ શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડીને પુષ્પહાર કરી રહ્યા છે.



**શ્રી દીપચંદભાઇ ગાર્ડી**
સ્વ. શ્રી મનસુખલાલ મહેતાનું બહુમાન કરી રહ્યા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ જ સમારોહમાં તેઓ
આત્મદર્શનની અમોઘ વિદ્યાનું
પ્રકાશન કરી રહ્યા છે.
બાજુમાં પ્રજ્ઞા પ્રકાશન મંદિરના
વ્યવસ્થાપક શ્રી નરેંદ્રકુમાર
ધીરજલાલ શાહ થાળમાં પુસ્તક
લઇને ઊભેલા છે.



**મિત્રો સાથે :**

સને ૧૯૬૨ માં શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ શાહ કૃત
શ્રી વીરવચનામૃતનું પ્રકાશન થયું
તે વખતનું દશ્ય.

સ્વ. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા,
પં. શ્રી ધીરજલાલ શાહ તથા સ્વ. શ્રી
ફત્તેહચંદભાઈ ઝવેરભાઈ તથા સ્વ. શ્રી
પ્રાણજીવન હ. ગાંધી સાથે નજરે પડે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ફુલ ગયુ ફોરમ રહી



મહામૂલા માનવ મનસુખભાઈ વિષે લખવા માટે મારી કલમ ઝાંખી પડે. જે માનવે ધર્મના સંસ્કારો રેડવા જીવનનું સર્વસ્વ સમર્પણ કરી તેની પાછળ અમૂલ્ય સમયનો ભોગ આપી તેના મનને શાંતિ મળે તે રીતે કલમના જાદુ પ્રગટાવ્યા છે. નાનો અગર મોટો ગમે તે હોય તેને મન બધા જ સરખા હતા.

અજ્ઞાની એવા ઘણા લોકોને જ્ઞાન પીરસવામાં તેમણે જીવનના અંત સુધી કોશિષ કરી છે. તેમણે નાજુક તબીયતમાં પણ કદી મૃત્યુની બીક ન રાખતા તેની સામે ઝઝુમી હીંમત પૂર્વક સામનો કરી મૃત્યુ ઉપર વિજય મેળવ્યો છે. તેના પુત્ર પુત્રીઓને 'મા'ની ખોટ ન સાલે તે રીતે માતા પિતા બંનેનું વાત્સલ્ય વરસાવી ધર્મના તથા માનવતાના મૂલ્યોનું જતન કરવાના સુસંસ્કારો રેડ્યા છે.

સાદાઈ નમ્રતા અને વિવેક પૂર્વકનું સદ્‌ભાવના ભર્યું જીવન જીવી નીવૃત્તિમાં પણ પરોપકારી જીવન જીવવા પ્રવૃત્તિ સ્વીકારી હતી. તેમના પરિચયમાં આવવાનો આનંદ કંઈક પણ મેળવવાની થતી વૃત્તિ જ્યારે તેમની સાથે હોઈએ ત્યારે જ ખ્યાલ આવે છે. હંમેશા મનને સુખ આપનાર મનસુખભાઈ મહેતા તેમના પરિચયમાં આવનારથી કદિ વિસરાશે નહિ.

—મનુભાઈ શેઠ

પાતંજલ યોગસૂત્રમાં 'સાધનપાદ'ના ૩૪મા સૂત્રમાં મહર્ષિએ એક સુંદર વાત કરી છે કે " કોઈના વિષે મનમાં પણ તિરસ્કારભર્યા વિચાર ન કરો. એવા વિચારોની જે પ્રતિક્રિયા થાય છે તે આપણા અંતઃકરણ ઉપર થયા વિના નથી રહેતી. તુરતમાં નહિ તો ભવિષ્યમાં તે દુઃખના સ્વરૂપમાં આપણા ઉપર પૂરેપૂરા બળથી આઘાત કરે જ છે એક વાર માણસ પોતાની વિચાર શક્તિને બહાર પ્રેરી દે એટલે તેનો પ્રત્યાઘાત માણસે સહન કર્યે જ છૂટકો છે."

આપણને કોઈ પથ્થર મારે તો પથ્થર પર આપણે ગુસ્સો નથી કરતા, કારણ કે દોષિત તો પથ્થરનો મારનારો છે, પથ્થર તો નિમિત્ત માત્ર છે. એમ આપણને જે અન્યાય થાય છે તેના મૂળમાં તો આપણું કર્મ જવાબદાર છે. અન્યાય કરનાર તો નિમિત્ત માત્ર બનતો હોય છે. આ દષ્ટિએ વિચારશો તો તમારા મનનું સમાધાન થશે.

( શ્રી મનસુખભાઈના એક પત્રમાંથી )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# દેના બેંક
# સમૃદ્ધિ ડિપોઝિટ યોજના
## હેઠળ આપનાં નાણાં મહિને મહિને વધુ ઝડપથી વધતાં જ રહે છે.




**રૂ. ૧,૦૦૦ હમણાં રોકો અને ૬૧ મહિના બાદ રૂ. ૧,૬૫૯,**
**૧૨૦ મહિના બાદ રૂ. ૨,૭૦૭ અને ૨૪૦ મહિના બાદ રૂ. ૭,૩૨૯ મેળવો.**

આપની બચત પર વધુ નાણાં મેળવવાનો આ એક સરળ માર્ગ છે. **દેના બેંક**ની સમૃદ્ધિ ડિપોઝિટ યોજના હેઠળ મૂળ રકમ ઉપર દર મહિને વ્યાજ જમા થતું જાય છે, અને આ વ્યાજ ઉપર પણ વ્યાજ મળતું રહે છે. આમ ચક્રવૃદ્ધિ વ્યાજને કારણે આપની મૂળ રકમ ઉપર, મુદતને આધારે આપને ૮.૩% થી ૩૧.૬૪% સુધી વાર્ષિક વ્યાજ છૂટે છે.

વધુ વિગતો માટે આપની નજીક આવેલી દેના બેંક શાખાની મુલાકાત લો.

**દેના બેંક**
(ગવર્નમેંટ ઑફ ઈંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ: હોર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૨૩

RATAN BATRA/DB/G/288


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'द्वादशारं नयचक्रम्'

## द्वितीयो भागः

## ઉદ્ઘાટન સમારંભ તા. ૧૦–૧–૭૭નો અહેવાલ




પૂ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં
પૂ. શ્રી યશોવિજયજી મહારાજના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

અતિથિ વિશેષ : દાનવીર શેઠશ્રી તુલસીદાસ જગજીવનદાસ સવાઈ તથા
જવાહરનગર જૈન શ્વે. મૂર્તિ. સંઘના માનદ્ ટ્રસ્ટી
શેઠશ્રી રમણલાલ મંગળદાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના ઉપક્રમે તા. ૧૦-૧-૭૭ના રોજ મુંબઈના ગોડીજી ઉપાશ્રયમાં "દ્વાદશારં નયચક્રમ્" ગ્રંથના ભાગ ૨ ના**

# ઉદ્દઘાટન પ્રસંગનું ગીત

સંશોધન ને તૈયારી કરતાં વર્ષો વિતી જાય,
એવા અપૂર્વ મહાન ગ્રંથનું આજ પ્રકાશન થાય.

**'દ્વાદશારં નયચક્રમ્'** એવું ગ્રંથનું છે શુભ નામ,
તર્ક અને પ્રમાણ શાસ્ત્રની સામગ્રી છે તમામ;
ટીકા ટિપ્પણ શુદ્ધિથી સમજાવ્યું શાસ્ત્ર ન્યાય. એવા૦

પ્રથમ ભાગ પ્રકાશિત પામ્યો સૌરાષ્ટ્રના ભાવનગરમાં,
બીજો આજ પ્રકાશન પામે મહારાષ્ટ્રના મુંબઈ શહેરમાં;
નર નારી ને જ્ઞાની સૌના હૈયા અતિ હરખાય.
એવા૦

દૂર દૂર દેશ વિદેશથી જેની માહિતીઓ મંગાવી,
સૂક્ષ્મ ને શાસ્ત્રીય વાતો સઘળી પાને પાને સજાવી;
સૌ અભ્યાસીના અંતરમાં જ્ઞાનનાં તેજ પથરાય.
એવા૦

વિદ્વાન મુનિશ્રી **જંબુવિજયજી** છે ગ્રંથના ઘડનારા,
સાહિત્ય કલારત્ન **શ્રી યશોવિજયજી** ઉદ્દઘાટન કરનારા;
આચાર્ય શ્રી **ધર્મસૂરી**ની નિશ્રામાં પ્રકાશન વિધિ થાય.
એવા૦

**'શ્રી જૈન આત્માનંદ સભા'**એ મંગળ કાર્ય આ કીધું,
અમૂલ્ય સાહિત્યનું સર્જન કરીને શાસનને ચરણે દીધું;
મંગળકારી અવસર આજે **'બંસી'** ગુણગાન ગાય.
એવા૦

**—શ્રી બંસીલાલ શાહ ખંભાતવાળા**
[ રચયિતા : ઉપાસના સ્તવન સંગ્રહ ]
૧૫, 'નવનિધાન' દોલતનગર રોડ નં. ૯
**બોરીવલી ( પૂર્વ )** મુંબઈ ૪૦૦.૦૬૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરના ઉપક્રમે મુંબઇમાં ઉજવાયેલ 'દ્વાદશારં નયચક્રમ્' ગ્રંથના બીજા ભાગનો

# ઉદ્ઘાટન–પ્રકાશન સમારોહ

અનેક વર્ષોની પ્રચંડ મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન મુનિરાજ શ્રી જંબુવિજયજી મ. સા ના વરદ હસ્તે સંપાદિત થયેલ, દિગ્ગજ વિદ્વાન મહાવાદી શ્રી મલ્લવાદિ વિરચિત અને પ્રખર વિદ્વાન ક્ષમાશ્રમણ શ્રી સિંહસેનસૂરિની ટીકાથી અલંકૃત ભારતીય સંસ્કૃતિના અજોડ અને અમૂલ્ય મહાન જૈન ગ્રંથ "દ્વાદશારં નયચક્રમ્"ના બીજા ભાગનો પ્રકાશન સમારોહ સંસ્થાના ઉપક્રમે મુંબઇમાં પાયધુની–શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં તા. ૧૦-૧-૭૭ને સોમવારે સવારે ૯-૦૦ વાગે, યુગદિવાકર પૂ, આ. શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મ. સા. તથા સાહિત્ય–કલા–રત્ન પૂ. મુનિપ્રવર શ્રી યશોવિજયજી મ. આદિની શુભ નિશ્રામાં અપૂર્વ ઉત્સાહ અને આનંદભર્યા વાતાવરણમાં ઉજવાયો હતો. આ પ્રસંગે દાનવીર ધર્મપ્રેમી શેઠ શ્રી તુલસીદાસ જગજીવનદાસ સવાઈ તથા ગોરેગામ–જવાહર શ્વે. મૂ. જૈન સંઘના માનદ્ ટ્રસ્ટી શેઠ શ્રી રમણલાલ મંગળદાસ શાહ અતિથિ વિશેષ તરીકે પધાર્યા હતા. તેમજ આ પ્રસંગ માટે સભાના ઉપપ્રમુખ શ્રી હીરાલાલ ભાણજી શાહ અને મંત્રી શ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાલા ભાવનગરથી ખાસ આવ્યા હતા.

પ્રારંભમાં સમુહ ગુરુવંદન કર્યા બાદ પૂ. આચાર્ય મહારાજશ્રીએ મંગલાચરણ કર્યું હતું. ત્યાર બાદ સંગીતકાર શ્રી બંસીલાલ કાંતિલાલ શાહે ગ્રંથ અંગેનું મંગળ ગીત ગાયું હતું. ત્યારબાદ સભાના ઉપપ્રમુખ શ્રી હીરાલાલ ભાણજીભાઈ શાહે ગ્રંથ અને આજના સમારંભ અંગેનું વક્તવ્ય કર્યું હતું. ત્યાર બાદ શ્રી ચીમનલાલ પાલીતાણાકરે, પૂ. આચાર્ય મહારાજશ્રી, તથા પૂ. મુનિશ્રી યશોવિજયજી મ. તથા બંને અતિથિવિશેષશ્રીઓનો પરિચય આપ્યો હતો. ત્યાર બાદ આ પ્રસંગે આવેલા શુભેચ્છાના સંદેશાઓ સભાના મંત્રી શ્રી હિંમત-



ગ્રંથ ઉદ્ઘાટન બાદ પૂ. મુનિશ્રી ગ્રંથ દર્શન કરાવી રહ્યા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાલ અનોપચંદ મોતીવાળાએ વાંચી સંભળાવ્યા હતા. ત્યાર બાદ સભાના મંત્રીશ્રી હીરાલાલભાઈ જુઠાલાલ શાહે સંસ્થાનો તથા તેની પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ ડૉ. શ્રી રમણલાલભાઈ સી. શાહ, પં. શ્રી પુનમચંદ ભાઈ કે. શાહ, શ્રી રાયચંદ મગનલાલ તથા અતિથિવિશેષ શ્રી તુલસીદાસ જગજીવનદાસ સવાઈ અને શ્રી રમણલાલ મંગળદાસ શાહે ગ્રંથ વિષે અભ્યાસપૂર્ણ પ્રવચનો કર્યા હતા. તેમજ યુગદિવાકર પૂ. આ. શ્રીમદ્ વિજય-ધર્મસૂરીશ્વરજી મ. સા નો આજે ૨૭મો આચાર્ય પદવીનો શુભ દિવસ હોઈ તે અંગેનું શ્રી બંસીલાલ કાંતિલાલ શાહે સ્વરચિત ગુરુભક્તિનું ગીત મધુર સ્વરે ભાવવાહિ રીતે ગાયું હતું અને શતાવધાની પંડિત શ્રી ધીરજલાલભાઈ ટોકરશી શાહે દ્વાદશાર નયચક્ર ગ્રંથ અને તેના રચયિતા મહાવાદી શ્રી મલ્લવાદિ તેમજ પૂ. આ. શ્રીમદ્‌વિજયધર્મસૂરીશ્વરજી મ. સાહેબે રત્નત્રયીની આરાધના કરતાં મહાનગરી મુંબઈની સ્થિરતા દરમિયાન શ્રી સંઘ અને સમાજની અનેકવિધ સેવાનાં તથા શાસન પ્રભાવનાના કાર્યો દ્વારા કરેલ અનેકાનેક ઉપકારો વર્ણવ્યા હતા. ત્યારબાદ સાહિત્ય કલા-રત્ન પૂ. મુનિપ્રવર શ્રી યશોવિજયજી મ. સાહેબે ગ્રંથનું વિધિસર ઉદ્‌ઘાટન પ્રકાશન કર્યું હતું. અને બંને અતિથિવિશેષ ભાઈઓએ તેમજ સભાના ઉપપ્રમુખશ્રી તથા સભાના બંને મંત્રીશ્રીઓએ ગ્રંથનું પૂજન કરી તે ગ્રંથ પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પૂ. મુનીશ્રી યશોવિજયજી મ.ને અર્પણ કરવા સાથ આ ગ્રંથનો એક એક સેટ ભાગ ૧-૨ બંને પૂજ્યોને સભા વતી અર્પણ કરવામાં આવેલ હતા તે સાથે બંને અતિથિવિશેષને પણ ગ્રંથની એક એક નકલ ભેટ આપવામાં આવેલ. શ્રી તુલસીદાસભાઈ, શ્રી રમણભાઈ તથા સભા તરફથી શ્રી હીરાલાલ ભાણુજીભાઈએ પૂ. આચાર્ય મહારાજશ્રીને કામળી વ્હોરાવી હતી. ત્યારબાદ પૂ. આચાર્ય મહારાજશ્રીએ તથા પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજે દ્વાદશાર નયચક્ર ગ્રંથ અંગે વિદ્વત્તાપૂર્ણ પ્રવચન કરવા સાથે સંસ્થાને આશિર્વાદ આપતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે જૈન સંઘમાં સાહિત્યના ક્ષેત્રે આ એક જ એવી સંસ્થા છે કે જે પંચોતેર વર્ષથી એક ધાર્યું વ્યવસ્થિત કાર્ય કરી રહેલ છે અને સંસ્કૃત-પ્રાકૃત અને ગુજરાતીમાં નાના-મોટા અનેક ગ્રંથોનું આજસુધીમાં પ્રકાશન કરેલ છે અને આ ગ્રંથનું પ્રકાશન એ તો સંસ્થાનું એક અજોડ અને અદ્‌ભૂત પ્રકાશન છે. આ ગ્રંથનું પ્રકાશન-ઉદ્‌ઘાટન કરવા માટેનો સમારંભ અમારી નિશ્રામાં યોજવા અને અમારા હાથે ઉદ્‌ઘાટન કરવા માટે શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા અમારી પાસે બેથી ત્રણ વખત આવ્યા હતા અને મૃત્યુ પહેલા એમણે અમને પત્ર પણ લખ્યો હતો, પણ તેઓ આજે વિદ્યમાન નથી. આ સમારોહ યોજવા માટે તેમની ઘણી તમન્ના હતી. તેમનું અત્યારે સ્મરણ થઈ આવે છે અને આ સભામાં તેમની ખરેખર ખોટ સાલે છે. સંસ્થાને પણ તેમના અવસાનથી જે ખોટ પડી છે તે નજીકના સમયમાં તો પૂરી શકાય તેમ નથી જ. શાસનદેવ તેમના આત્માને પરમ શાંતિ અર્પો એવી પ્રાર્થના સાથે આ તકે અમારી શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. ત્યારબાદ સભાના મંત્રી શ્રી હીરાલાલ જુઠાભાઈએ પૂ. મહારાજ સાહેબોનો ઉપકાર અને અન્ય સૌનો આભાર માન્યો હતો અને સર્વ મંગલ બાદ સમારંભ પૂર્ણ થયો હતો. આ પ્રસંગે એક સદ્‌ગૃહસ્થ તરફથી 'સંઘ પૂજન' કરવામાં આવ્યું હતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ‘દ્વાદશારં નયચક્રમ્’ ભાગ ૨ ના ઉદ્ઘાટન સમારંભ સમયે થયેલા પ્રવચનો



પૂજ્ય આચાર્ય મહારાજ

## શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનું પ્રવચન

શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે. જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈનસંસ્થાઓ છે, તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ ‘દ્વાદશારં નયચક્રમ્’ને શ્રેષ્ઠસ્થાને મૂકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.



સાહિત્ય કલારત્ન પૂજ્ય આચાર્ય

## શ્રી યશોવિજયજી મહારાજનું પ્રવચન

સમય ઘણો ટૂંકો છે; તેથી નયવાદ સમજાવવા માટે પાંચ–દસ મિનિટ ચાલે નહિ પણ કલાકો જોઈએ. છતાં ટૂંકમાં ‘નયચક્ર’ વિષે કહું છું. નય એટલે સત્યનો અંશ છે. નયો અનંતા છે, પૂર્વાચાર્યોએ આ બધા નયોને સાત નયમાં સમાવી દીધા છે. પણ આચાર્યશ્રી મલ્લવાદીજીએ વિસ્તારીને બાર નયરૂપે વર્ણન કર્યું છે તેમાં નયચક્રના બાર આરામાં બાર નયો સમાવી દીધા છે. ચક્રની ધરીની સાથે કુંભની અગત્યતા છે, તેમાં જ અનેકાન્તવાદનું મહત્ત્વ છે.

સભાને ધન્યવાદ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અતિથિવિશેષ શેઠશ્રી રમણલાલ મંગળદાસનું વકતવ્ય

આજનો પવિત્ર દિવસ બે શુભ પ્રસંગોથી વિભૂષિત થયો છે. આજના સમારંભના અધ્યક્ષપદે બિરાજમાન પરમ પૂજ્ય આચાર્ય ભગવંતને આચાર્યપદવી પ્રદાન થયાનો ૨૭મા વર્ષનો આજે પવિત્ર દિવસ છે. પરમ પૂજ્ય આચાર્ય ભગવંતે આ પદે બિરાજીને શ્રી જૈન શાસનોદ્ધારના કેટલાય અવિસ્મરણીય પ્રસંગો પાર પાડયા છે અને હજી કેટલાય પ્રસંગો તેઓશ્રીના હસ્તે પાર પડશે તેમ આપણે સૌ આશા સેવી રહ્યા છીએ. આજરોજ તેઓશ્રીની જ નિશ્રામાં 'દ્વાદશારં નયચક્રમ્' જેવા મહાન ગ્રંથના બીજા ભાગનો ઉદ્દ્ઘાટનવિધિ તેઓશ્રીના જ શિષ્યરત્ન પરમપૂજ્ય મુનિપ્રવર શ્રી યશોવિજયજી મહારાજ સાહેબના શુભ હસ્તે થઈ રહેલ છે તે ખરેખર સોનામાં સુગંધ ભળવા જેવો પ્રસંગ ગણી શકાય.

આપણા જૈન દર્શનમાં અહિંસાનો સિદ્ધાંત પાયામાં રહેલો છે અને તેટલી જ અગત્યની દૃષ્ટિએ તેમાં સત્યના મુલ્યનો પણ સ્વીકાર કરવામાં આવેલ છે. દરેક ચેતનવંત વ્યક્તિ ભલેને ગમે તેટલી નાની કે મોટી હોય તેના જીવન તરફ માનની દૃષ્ટિ કેળવવાનું આ સિદ્ધાંત શીખવે છે, અને તેથી આગળ વધીને તે ધ્યેયની લાગણી અને અભિપ્રાયની ભિન્નતા તરફ પણ સહિષ્ણુતાભરી ભાવના રાખવાનું જણાવે છે. કોઈપણ એક વસ્તુને જુદા જુદા દૃષ્ટિકોણથી અવલોકી શકાય છે અને તે દરેક અવલોકનમાં જો કે સંપૂર્ણ સત્ય ન હોય છતાં તેમાં સત્યનો કંઈક અંશ ઓછાવત્તા પ્રમાણમાં જરૂર રહેલો છે. આવા દરેક આંશીક અવલોકનનો સમન્વય કરીને તેમાંથી સંપૂર્ણ સત્ય પ્રગટ કરી શકાય છે તેમ આપણા તિર્થંકર ભગવંતે જણાવેલ છે. આ સિદ્ધાંત અનેકાંતવાદના નામથી જૈન દર્શનશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે અને તે જૈન દર્શને જગતને અર્પણ કરેલ એક અણમોલ ભેટ છે.

આ જગતમાં અનાદીકાળથી વિચારોની ભિન્નતા અને મતમતાંતરો ચાલ્યા જ કરે છે. જુદા જુદા દર્શનોના જુદા જુદા મંતવ્યો એ વાદો છે અને આ વાદો તે નયો છે. જૈન દર્શનમાં જુદા જુદા નયોનો અનેકાંતવાદથી સમન્વય કરી સંપૂર્ણ સત્યનું પ્રરૂપણ કરેલું છે. આવો સમન્વય આ મહાન ગ્રંથ 'દ્વાદશારં નયચક્રમ્'માં બતાવેલો છે અને તેથી તે અનેક મતમતાંતરોના ઝગડા મીટાવવામાં પૂર્ણકાળમાં ખૂબખૂબ ઉપયોગી નિવડયો છે અને ભવિષ્યમાં પણ તે નિવડશે, તેજ આ મહાન ગ્રંથની ફલશ્રુતિ છે એવું મારૂં નમ્રપણે માનવું છે.

અમારા ગોરેગાંવના શ્રી જવાહરનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના જ્ઞાનખાતામાં થતી આવકનો ઉપયોગ પ્રસંગોપાત વિદ્વાન મુનિવર્યો દ્વારા પ્રકાશિત થતાં નાના મોટા ગ્રંથો તેમજ પુસ્તકોના નિર્માણ કાર્યોમાં થોડા ઘણા અંશે કરવામાં આવે છે. જ્યારે પરમ પૂજ્ય આગમ પ્રભાકર મુનિ મહારાજશ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબ શ્રી વાલકેશ્વરના જૈન ઉપાશ્રયે બિરાજમાન હતા ત્યારે તેઓશ્રીના હસ્તે થતા જૈન આગમોદ્ધાર પ્રકાશનના કાર્યમાં કોઇ એક ઘણા જ મહત્ત્વના ગ્રંથનું પ્રકાશન થવાનું હોય તો તેમાં અમારા સંઘના જ્ઞાનખાતામાંથી રૂપીઆ અગિયાર હજાર જેટલી રકમ સ્વિકારવાની અમારા સંઘે તેઓશ્રીને વિનંતિ કરી હતી અને તેઓશ્રીએ આ મહાન ગ્રંથના પકાશન કાર્યમાં આ રકમ વાપરવાનું સ્વિકાર્યું હતું. આ રકમ અમારા સંઘે કોઇ પણ શરત રાખ્યા સિવાય ફક્ત જ્ઞાનની સેવા માટે જ અર્પણ કરી હતી, છતાં આ ગ્રંથનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજો ભાગ જેનું આજે ઉદ્ઘાટન થઈ રહ્યું છે તેના શરૂઆતના પૃષ્ટોમાંથી એક આખા પૃષ્ટ ઉપર તે બાબતનો આભાર વિધિ છાપવામાં આવ્યો છે. આ બાબત શ્રી જૈન આત્માનંદ સભાના કાર્યકર્તાઓની અમારા શ્રી સંઘ તરફ ઉદારતાનાં દર્શન કરાવે છે. આ ઉપરાંત આ મહાન ગ્રંથના બીજા ભાગના ઉદ્ઘાટન વિધિના આજના શુભ પ્રસંગે અમારા શ્રી સંઘના પ્રતિનિધિને આ સમારંભના એક અતિથિ વિશેષ તરીકે આમંત્રણ આપીને અમારા સંઘનું અભિવાદન કર્યું છે, તે બદલ હું અમારા સંઘ તેમજ મારા પોતાના તરફથી શ્રી જૈન આત્માનંદ સભાનો ઘણો ઘણો આભાર માનું છું. જો કે અમારા શ્રી સંઘને તેમજ મને પોતાને લાગતું હતું અને હજી પણ લાગે છે કે આવા કાર્ય માટે અન્ય કોઈ વિદ્વાન અને અતિ પ્રતિષ્ઠિત વ્યક્તિની વરણી થઈ હોત તો સારૂં થાત પણ તેઓશ્રીના આગ્રહને અમારે વશ થવું પડયું છે.

આ મહાન ગ્રંથના સંશોધનમાં પરમપૂજ્ય આગમપ્રભાકરની વિનંતિ સ્વીકારીને પૂ. મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજ સાહેબે ઘણી જ મહેનત લઈ આ કાર્ય માટે ખૂબ જ જરૂરી તિબટી તેમજ અન્ય ભાષાઓનો અભ્યાસ કરી અતિ ખંત પરિશ્રમ કરી આ ગ્રંથનું નિર્માણ કર્યું છે તે માટે તેઓશ્રીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે વળી આ ગ્રંથના પ્રકાશન માટે શ્રી જૈન આત્માનંદ સભાએ ઘણું જ ભગીરથ કાર્ય હાથ ધર્યું છે, કારણ કે તે ઘણો જ ખર્ચ તેમજ ચીવટાઈભરી દેખરેખ માગી લે તેવું કપરૂં કાર્ય છે.

અંતમાં આપ સૌએ મને ધીરજપૂર્વક સાંભળવા કૃપા કરી તે બદલ આપ સૌનો આભાર માનું છું.

# અતિથિવિશેષ શ્રી તુલશીદાસભાઈનું વક્તવ્ય

પરમ પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી,
પરમ પૂ. મુનિવર્ય શ્રી યશોવિજયજી મહારાજ,
અન્ય પૂ મુનિરાજો, પૂ. સાધ્વીજી મહારાજો,
શ્રી જૈન આત્માનંદ સભાના કાર્યકરો,
ઉપસ્થિત સાધર્મિક ભાઈઓ અને બ્હેનો,

આજનો પ્રસંગ આપણે સૌ જાણીએ છીએ તે 'દ્વાદશારં નયચક્રમ્' ગ્રંથના પ્રકાશન વિધીનો અતિ ગૌરવશાળી પ્રસંગ છે. આવા એક મહાન પ્રસંગના સમારંભના અતિથિ વિશેષપદે મારી નિયુક્તિ કરી મારા પ્રત્યેના આદર અને સદ્ભાવભરી લાગણી બતાવી તે બદલ હું શ્રી આત્માનંદ સભા–ભાવનગરનો ખૂબ ખૂબ આભાર માનું છું.

શ્રી જૈન આત્માનંદ સભાના મંત્રીશ્રીએ ૮૦ વર્ષ જુની આ સભાનો જે પરિચય આપણી સમક્ષ રજુ કર્યો જેમાં સભાએ જૈન દર્શન, સાહિત્ય અને શિક્ષણના પ્રચારાર્થે જે પ્રાચીન સંસ્કૃત પ્રાકૃત અને ગુજરાતી ભાષાના ગ્રંથોનું પ્રકાશન કર્યું છે જે ખૂબ જ પ્રશંસનીય એવમ્ અનુમોદનીય છે, અને તે માટે આવી સભા વધુને વધુ પ્રગતિશીલ અને શક્તિશાળી બનતી રહે તે જોવાની સારાએ જૈન સમાજની ફરજ બની જાય છે એમ હું નમ્રપણે માનું છું.

આજે પ્રકાશિત થતા ગ્રંથ વિષે પણ જે હકીકતો રજૂ કરવામાં આવી તેથી પણ સભા આપણા સૌના અભિનંદન અને ધન્યવાદની અધિકારી બને છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે ગ્રંથના સંપાદન અને સંશોધન માટે ત્રીશ ત્રીશ વર્ષનો સમય લાગ્યો હોય તે ગ્રંથની ગહનતા અને વિરાટતાનો આપણને સહેજે ખ્યાલ આવે છે. અને તે માટે પૂ. મુનિશ્રી જંબુવિજયજી મહારાજે તીબેટન ભાષાનો અભ્યાસ કરેલ તેથી આ ગ્રંથની વિશેષતા અને અગત્યતા સિદ્ધ થઈ જાય છે.

અંતમાં ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભા કે જેણે આવું અપ્રાપ્ય સાહિત્ય પ્રગટ કરવાની હીંમત અને સાહસ કર્યું છે તે સભાને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું અને એ સભા પ્રતિદીન પોતાના મુખ્ય ધ્યેયનાં અમલ માટે ખૂબ ખૂબ પ્રયાસો કરતી રહી વધુને વધુ પ્રગતિ સાધતી રહે એ જ શુભ કામના.

# સંસ્થાના મંત્રી શ્રી હીરાલાલ જુઠાલાલ શાહનું પ્રવચન

પ. પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. સા. પૂ યશોવિજયજી મ. સા. પૂજ્ય મુનિ મહારાજો, પૂ. સાધ્વીજી મહારાજો, સમારંભના અતિથિવિશેષ શ્રી તુલશીદાસભાઈ, શ્રી રમણલાલભાઈ, ઉપસ્થીત ધર્મશ્રદ્ધાળુ સાધર્મીક સન્નારીઓ અને સજ્જનો.

આજનો આ મહામૂલા ગ્રંથના પ્રકાશન અંગેનો સમારોહ જે સભાના ઉપક્રમે યોજાયો છે, તે શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરનો ટૂંક પરિચય આપ સમક્ષ રજુ કરીશ.

જૈન દર્શન, જૈન સાહિત્ય અને જૈન શિક્ષણ માટે કંઇક નવું કરી જવાની તમન્ના સાથે ભાવનગરના જ્ઞાનપીપાસુ યુવકોએ પ. પૂ. શ્રી આત્મારામજી મહારાજે આપેલો સંદેશો ઝીલી તેઓશ્રીના કાળધર્મ પામ્યા પછી તુરત જ પચીસમા દિવસે સં. ૧૯૫૨ના દ્વિતીય જેઠ શુદી ૨ તા. ૧૩–૬–૧૮૯૬ શનીવારના રોજ ભાવનગરમાં શ્રી આત્મારામજી જૈન ફ્રી લાઈબ્રેરી સહીત શ્રી જૈન આત્માનંદ સભાની સ્થાપના પૂજ્ય પંન્યાસ શ્રી ગંભીરવિજયજી મહારાજના શુભ આશીર્વાદ સાથે ધામધૂમપૂર્વક ઉત્સાહથી કરી.

દેશ પરદેશમાં જૈન સાહિત્યનો વ્યાપક પ્રચાર કરવા સાથે જૈન સમાજમાં ધાર્મિક અને વ્યવહારિક શિક્ષણનો ફેલાવો કરવાનો મુખ્ય ઉદ્દેશ આ સભામાં રાખવામાં આવ્યો હતો.

પ. પૂજ્ય ગુરૂદેવની કૃપાથી ગઇ સાલ સભાએ પોતાની ૮૦ વર્ષની મજલ યશસ્વી રીતે પુરી કરી ૮૧મા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

આ સમય દરમીયાન સભાએ પોતાના મુખ્ય ધ્યેયને અનુલક્ષીને સાહિત્ય પ્રચારના ક્ષેત્રે ગણનાપાત્ર સેવા બજાવી છે.

સ્વ. પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીજીની પ્રેરણાથી અને સ્વ. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ, સ્વ. મુનિશ્રી ચતુરવિજયજી મહારાજ તેમજ આગમ પ્રભાકર સ્વ. પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજય મહારાજની સક્રીય સહાયથી આજ સુધીમાં બૃહદ્કલ્પસૂત્ર (છ ભાગમાં), વસુદેવ હીંડી (બે ભાગમાં), ત્રીષષ્ઠિશલાકાપુરૂષ (ચાર પર્વ બે ભાગમાં) કર્મ ગ્રંથો (બે ભાગમાં) દ્વાદશારં નયચક્ર ભાગ પહેલો અને અન્ય એવા મહાન પ્રાચીન પ્રાકૃત સંસ્કૃત અર્ધમાગધી વિ. ભાષાઓના ગ્રંથોનું સંશોધન કરી ઉત્તમ કોટીનું સાહિત્ય પ્રગટ કર્યું છે. તેવી જ રીતે કેટલાયે સંસ્કૃત પ્રાકૃત કીંમતી ગ્રંથોના ગુજરાતી અનુવાદો કરાવીને પણ પ્રગટ કર્યા છે અને જગતના વિદ્વાનોમાં નામના મેળવી છે તેમ જ વિશ્વ વિખ્યાત પૌર્વાત્ય વિદ્યા સંસ્થાઓ સાથે સારા સંબંધો કેળવ્યા છે.

શ્રી આત્માનંદ પ્રકાશ નામનું એક માસીક છેલ્લા ૭૨ વર્ષોથી નિયમીતપણે આ સભા પ્રગટ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરી રહી છે. આમ સાહિત્યક્ષેત્રે પણ સભાએ સારી રીતે પ્રગતિ કરેલ છે.

આ સભા આવું સુંદર કાર્ય કરી શકી છે તેનો પ્રતાપ પ. પૂ. ન્યાયાંભોનિધિ આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને તેમના પરીવારનો છે અને તેમાં ખાસ કરી આગમ પ્રભાકર સ્વ પૂ પુણ્યવિજયજી મહારાજની કૃપા તો આ સભા કદાપી ભૂલી શકે તેમ નથી.

૧૦ વર્ષ અગાઉ એટલે સં. ૨૦૨૩માં સભાએ પોતાનો મણિમહોત્સવ ભાવનગરના આંગણે જૈનોના અગ્રણી જાણીતા ઉદ્યોગપતિ શેઠશ્રી કસ્તુરલાલભાઈના પ્રમુખસ્થાને અને સાહિત્ય પ્રેમી ઉદ્યોગપતિ શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશીના અતિથીવિશેષ સ્થાને ઉજવ્યો હતો. જે પ્રસંગે આજે જે ‘ દ્વાદસાર’ નયચક્રમ્’ બીજા ભાગનું પ્રકાશન (ઉદ્ઘાટન) થઈ રહ્યુ છે, તેના પ્રથમ ભાગનું પ્રકાશન પ્રાચ્ય વિદ્યાના જ્ઞાતા પ્રખર વિદ્વાન સ્વ શ્રી આદીનાથ નેમીનાથ ઉપાધ્યેના વરદ હસ્તે કરવામાં આવેલ.

એ પ્રથમ ભાગના પ્રકાશન અંગે સંસ્થાને રૂ. ૧૭૦૦૦) લગભગનો ખર્ચ થયેલો અને આજે પ્રકાશીત થતાં બીજા વિભાગનો અંદાજ રૂ. ૧૫૦૦૦) ખર્ચ થયો છે. અને આ ગ્રંથનો ત્રીજો વિભાગ સભા વહેલી તકે બહાર પાડવા ઉમેદ રાખે છે. આવા ધર્મ અને સંસ્કૃતિના પાયાના ગ્રંથો એ આપણા સમાજનું ગૌરવ અને તેનું પ્રકાશન આપણા ગૌરવશાળી અસ્તીત્વ માટે આવશ્યક છે.

ફક્ત ૨૦ સભ્યોથી શરુ થયેલ આ સભા આજે ૭૦૦થી વધુ આજીવન સભ્યો અને ૧૭૫થી વધુ પેટ્રન સભ્યોનું લીસ્ટ ધરાવે છે છતાં એ લીસ્ટ ટુકું જ ગણાય. હું અહીંથી આપ સર્વને આ સભાના આજીવન સભ્ય અને પેટ્રન સભ્ય થવા અપીલ કરૂં છું અને એ રીતે સભાને, વધુને વધુ ચેતનવંતી શક્તિશાળી અને વેગવંતી રાખવા વીનંતી કરૂં છું.

જયજિનેંદ્ર.


“ બીજાના આનંદ માટે કરવામાં આવેલી મહેનત ખુદ આપણને આનંદ આપે છે. ”

# લોખંડ

ના

## ગોળ અને ચોરસ સળીયા

## પટ્ટ તેમજ પાટા

વિગેરે મળશે

# ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ

રૂવાપરી રોડ : ભાવનગર

ટેલીગ્રામ : આયર્નમેન

ફોન — ઓફીસ { ૫૬૫૦, ૩૨૧૯ — રેસીડેન્સ { ૪૫૫૭, ૫૫૨૫


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શા પ રી આ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઈફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ

વિગેરે ..................

શીપ

બીલ્ડર્સ

અને

એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે ..................

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.
## પ્રાઈવેટ લીમીટેડ

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેકટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ–૧૫ (ડી. ડી.)
ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૪૩૧૩૩
ગ્રામ: 'શાપરીઆ' શીવરી–મુંબઈ

એન્જીનીયરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ–૧૨ (ડી. ડી.)
ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ–મુંબઈ




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજાના પોષાકમાં શ્રી મનસુખભાઈ

# સૌજન્યમૂર્તિ શ્રી મનસુખલાલભાઈ

લેખક : ડૉ. રમણલાલ ચી. શાહ

સદ્ગત શ્રી મનસુખલાલભાઈ તારાચંદ સાથેનો મારો સંબંધ છેલ્લા પંદરેક વર્ષનો. તેઓ ઉંમરમાં મારાથી લગભગ અઢાર વર્ષ મોટા, પરંતુ મારી સાથે તેઓ વડીલ ઉપરાંત મિત્રની જેમ સ્નેહ રાખતા, આથી જ તેમના સૌજન્યની સુવાસ મારા ચિત્ત પર હંમેશાં અંકિત રહેશે.

શ્રી મનસુખલાલભાઇનો મને પહેલવહેલો પરિચય સ્વર્ગસ્થ મુરબ્બી શ્રી ફતેહચંદકાકા દ્વારા થયેલો. શ્રી ફતેહચંદ ઝવેરભાઈ, શ્રી પ્રાણજીવનદાસ ગાંધી અને શ્રી મનસુખલાલ તારાચંદ એ ત્રણની ત્રિપુટી મુંબઈના ઘણાખરા ધાર્મિક પ્રસંગોમાં, કાર્યક્રમો અને મેળાવડાઓમાં સાથે જોવા મળતી. ત્રણે નિવૃત્ત અને ત્રણે ધાર્મિક શિક્ષણના ક્ષેત્રે કંઈક કરવાની ધગશવાળા. તેઓ નિયમિત એકબીજાને મળે, વિચાર વિનિમય કરે અને પોતાની યોજનાઓ અમલમાં મૂકવા માટે સક્રિય પ્રયત્ન કરે. આ ત્રણે મુરબ્બીઓ મુંબઈમાં જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ, જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ વગેરે સંસ્થાઓ અને ભાવનગરમાં આત્માનંદ જૈન સભા અને બીજી સંસ્થાઓના સક્રિય કાર્યકરો એટલે જુદી જુદી સંસ્થાઓના જુદા જુદા કાર્યક્રમો અને મિટિંગો નિમિત્તે તેઓને વારંવાર મળવાનું થતું. જ્યારથી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળમાં હું જોડાયો ત્યારથી એ ત્રણે મહાનુભાવોના નિકટના સંપર્કમાં આવવાની મને તક મળી અને તેઓની સાચી ધાર્મિકતા, ત્યાગવૃત્તિ, સાદાઈ, સ્વભાવની સરળતા, નિઃસ્વાર્થ લોકસેવાની ભાવના, નવી પેઢીને સાંસ્કારિક ઘડતર આપવાની ધગશ વગેરેની મારા મન ઉપર ઊંડી છાપ પડી.

શ્રી ફતેહચંદકાકા અને શ્રી પ્રાણજીવનભાઇના સ્વર્ગવાસ પછી શ્રી મનસુખલાલભાઈ એકલા પડ્યા. તેમ છતાં ધાર્મિક શિક્ષણ અંગે અને અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળની પ્રવૃત્તિઓ અંગે તેઓ એટલા જ સક્રિય રહ્યા. એ મંડળની પ્રવૃત્તિઓ માટે મારે એમના ગાઢ સંપર્કમાં આવવાનું બન્યું, વિશેષતઃ એમની સાથે વિજા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુર, મહુડી, ધામણ વગેરે સ્થળે વારંવાર જવાનું થયું.

શ્રી મનસુખલાલભાઈ પ્રમાણમાં વહેલી ઉંમરે વિધુર થયા. પરંતુ જ્યારથી વિધુર થયા ત્યારથી તેઓ નૈષ્ઠિક બ્રહ્મચર્ય અને સાદા ત્યાગમય જીવન તરફ વળી ગયા. તેઓ હંમેશાં ભૂખરા ભગવા રંગનું પહેરણ પહેરતા અને તે રંગની ટોપી પહેરતા. વસ્ત્ર પરિધાનમાં તેઓએ સાદાઈ સ્વીકારી અને ટાપટીપને તિલાંજલિ આપી તેવી જ રીતે તેઓ આહારમાં પણ એક પછી એક વસ્તુએ.નો ત્યાગ કરતા જતા હતા.

ધાર્મિક બાબતોમાં, આચાર અને વિચાર બંનેનો સમન્વય તેમણે સાધ્યો હતો. અને જીવનમાં અનેકાંતવાદને યથાશક્તિ ઊતારવાનો પ્રયત્ન કર્યો હતો. તેઓ નિયમિત દેરાસરે જતા, દર્શન–પૂજા વગેરે કરતા, આનંદઘનજી યશો-વિજયજી વગેરેનાં સુંદર ભાવવાહી સ્તવનો તેઓ ચૈત્યવંદનમાં ગાતા, વખતોવખત તીર્થયાત્રાએ જતાં. પરંતુ તેઓ માત્ર ક્રિયાજડ ક્યારેય બન્યા નહોતા. બીજી બાજુ તેઓ માત્ર આચારહીન ચિંતક પણ નહોતા. જે કંઈ અમલમાં મૂકવા જેવું લાગે તેને તેઓ તરત જ આચરણમાં મૂકતા. સાધુ સંસ્થા કે જૈન સમાજમાં જે કંઇ ત્રુટિઓ જણાય તે માટે નિર્ભયપણે પણ પ્રેમથી કહેતા, કયારેક તે તે વ્યક્તિઓને મળીને તેઓ કહેતા, અને તેમની વાત સ્વીકારાતી, કારણ કે તેમાં અંગત સ્વાર્થ ન રહેતો, પરંતુ તે વ્યક્તિના હિતની ભાવના રહેતી.

શ્રી મનસુખલાલભાઈનું નિવૃત્ત જીવન ધાર્મિકતા અને ધાર્મિક પ્રવૃત્તિઓથી સભર રહેતું. તેઓ સવારના નવ વાગ્યા સુધી ટેલિ-ફોન ઉપર મળી શકે. તે પછી તેઓ પોતાને માટે એ જ મકાનમાં રાખેલી જુદી રૂમમાં ચાલ્યા જતા, અને હીંચકા ખાતાં ખાતાં વાંચતાં, વિચારતા કે લખતા હોય. તેઓ જૈનધર્મ અને સાહિત્યના ઊંડા અભ્યાસી હતા. કથાસાહિત્ય તો એમણે પુષ્કળ વાંચેલું અને ભિન્ન ભિન્ન સામયિકોમાં તેઓ નિયમિત જૈન કથાઓ લખતા. તેમની રજૂઆત સરળ, રસિક અને સાધારણ વાચકોને રસ અને સમજ પડે તેવી હતી તેમણે 'શીલધર્મની કથાઓ'ના બે ભાગ પ્રગટ કર્યા હતા, અને ત્યારપછી પણ ઘણીબધી કથાઓ એમણે લખી છે. 'શીલધર્મની કથાઓ'-ની પ્રસ્તાવના મારે લખવી એવો પ્રસ્તાવ જ્યારે એમણે મારી પાસે મૂકયો ત્યારે મેં કહ્યું, "તમે મારા વડીલ છો. મને લખતાં સંકોચ થાય. તમે કોઈ પીઢ લેખકને કહો." પરંતુ એમણે મારે માટે જ આગ્રહ રાખ્યો અને છેવટે મારે એ પ્રસ્તાવના લખવી પડી. એમના આગ્રહમાં જે પ્રેમ અને વિનમ્રતા હતાં તેથી જ મારે એમના પુસ્તકની પ્રસ્તાવના લખ્યા વગર છૂટકો નહોતો.

તેમના સ્વભાવની વિનમ્રતા અને ઉદારતાના ઘણા બધા પ્રસંગો નજર સામે તરવરે છે, માણસના સ્વભાવની ખરી કસોટી સાથે લાંબો પ્રવાસ કરવામાં થાય છે. એક વખત અમે અધ્યાત્મ મંડળની મિટીંગ અગાશી તીર્થમાં રાખી હતી. અમને ખબર પણ ન પડી એ રીતે કમિટિના બધા જ સભ્યોના જમવાના પૈસા એમણે આપી દીધા હતા. મુસાફરીમાં પોતાનો સામાન તેઓ ભાગ્યે જ બીજાને ઊંચકવા દેતા, પરંતુ બીજાનો સામાન તેઓ ઊંચકી લેતા. વળી સૂવામાં, સવારે ઊઠવામાં, જમવામાં, તૈયાર થવામાં પોતાને કારણે બીજાઓને કંઈ પણ અગવડ ન પડે તેનો તેઓ ખ્યાલ રાખતા, એટલું જ નહિ, દરેક બાબતમાં તેઓ તરત બીજાને સાનુકૂળ થઈ જતા.

તેમની વિમગ્ર સજ્જનતાનો તો ઘણાને અનુભવ થયો હશે. અહંકાર તો તેમનામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્યાંય જોવા ન મળે, આત્મપ્રશંસા કે આત્મપ્રસિદ્ધિ માટે તેઓ ઉદાસીન રહેતા. અધ્યાત્મ મંડળ તરફથી દર વર્ષે બુદ્ધિસાગરસૂરીશ્વરજીની સ્વર્ગારોહણ તિથિ મુંબઈમાં ઊજવવામાં આવે તેમાં પોતે મંડળના ઘણાં વર્ષ પ્રમુખ હતા છતાં બોલવા માટે આગ્રહ ન રાખે. તેઓ વિનમ્ર અને મારા પ્રત્યે અંગત લાગણીવાળા એટલા બધા હતા કે જ્યારે બુદ્ધિસાગરસૂરીશ્વરજીની જન્મ શતાબ્દી અને સ્વર્ગારોહણ સુવર્ણ જયંતીનું વર્ષ આવ્યું ત્યારે તેમણે અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળના પ્રમુખપદેથી રાજનામું આપી એ પ્રમુખપદ મારે સ્વીકારવું એનો એટલો બધો આગ્રહ રાખ્યો કે એ સ્થાને સર્વ રીતે રહેવા યોગ્ય વ્યક્તિ તેઓ હતા છતાં મારે એ સ્થાન એમના સ્નેહના ખાતર સ્વીકારવું પડયું. થોડાક સમય પહેલાં મુંબઈમાં 'સ્યાદ્વાદ' વિશેની ઇનામી નિબંધોની સ્પર્ધા યોજવામાં આવેલી જેમાંના નિર્ણાયકોમાં મુરબ્બી શ્રી મનસુખલાલભાઇની સાથે હું પણ હતો. એ અંગે ચર્ચા વિચારણા કરવા માટે એમને ઘેરે જવા માટે હું એમનો સમય માગતો ત્યારે તે હંમેશાં એમ જ કહેતા કે "હું નિવૃત્ત છું અને તમારી યુનિવર્સિટી પાસે જ છે. માટે તમારે સમય બગાડીને મારે ત્યાં આવવાનું ન જ હોય." આમ તેમની વિનમ્રતા અને તેમના સૌજન્યની પ્રતીતિ જ્યારે જ્યારે અમે મળીએ ત્યારે થતી.

અમારા અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળના તો તેઓ સૂત્રધાર હતા. મંડળની કોઇ પણ બાબતમાં ચર્ચામાં જ્યારે કદાચ મતભેદ પડે તો છેવટે મનસુખલાલભાઇ જે કહે તે બધા સ્વીકારી લેતા. મંડળના નાના નાના પ્રકીર્ણ કામો પણ તેઓ પોતાની મેળે કરી નાખતા અને મંડળના કામ માટે બહાર ગામ જવાનું હોય ત્યારે પણ તેઓ સાથ અને સહકાર આપતા. બહાર ગામ જવા માટે પોતાની કોઇ તારીખ તેઓ આપતા નહિ, પણ બીજા કાર્યકર્તાઓએ જે તારીખ નક્કી કરી હોય તે જ તેઓ સ્વીકારી લેતા. તેમની સાથે વિજાપુર અને મહુડી જવાનું અમારે વારંવાર થતું. તેઓ, હું, શ્રી પોપટલાલ પાદરાકર અને શ્રી વિનુભાઈ ગુલાબચંદ અમે ચાર તો સાથે હોઇએ જ, કોઈ વખત ગૌતમભાઈ શાહ અને શ્રી પોપટલાલ ભાખરિયા પણ સાથે હોય. મહુડીમાં નિરાંત હોય એટલે સવારે દેરાસરમાં ચૈત્યવંદન કરતી વખતે અને એમને આનંદઘનજી, યશોવિજયજી અને દેવચંદ્રનાં સ્તવનો ગાવા માટે ખાસ આગ્રહ કરતા. તેઓ ખૂબ ભાવથી સ્તવન લલકારતા અને એમની સાથે અમે બધા તલ્લીન થઈ જતા. એક વખત આનંદઘનજીનું કુંથુનાથ ભગવાનનું સ્તવન જે એમને ખૂબ પ્રિય હતું, તે ગાયા પછી એનો ભાવાર્થ વિસ્તારથી એમણે અમને સમજાવ્યો હતો. એક વખત આખું ભક્તામર સ્તોત્ર ગાયું હતું, તો એક વખત શ્રીમદ્ રાજચંદ્રનું 'અપૂર્વ અવસર' ગાયું હતું. મહુડીમાં સાંજે જમ્યા પછી અડધો માઇલ કે માઈલ ચાલવા માટે અમે જતા ત્યારે રસ્તામાં ઘણી જ્ઞાનગોષ્ઠિ થતી અને વિવિધ કથાઓમાંથી તેઓ પ્રસંગો ટાંકતા.

તેમના સૌજન્યની સુવાસ એટલી બધી કે સુરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર કે બીજે ક્યાંય અમે ગયા હોઇએ તો ત્યાં એમના સ્વજનો કે સ્નેહીઓ તેમની આગતા સ્વાગતા કરવા એટલા ઉત્સુક રહેતા, જેનો લાભ અમને બધાને પણ મળતો. ગયા ઓક્ટોબર મહિનામાં મહુડીથી અમે અમદાવાદ આવ્યા અને સાંજે અમે મુંબઇ આવવા માટે નીકળવાના હતા. જે થોડાક કલાક મળ્યા તેમાં ઘણાંને મળવાની અમારી ઇચ્છા હતી. અમે અમારી વ્યવસ્થા વિચારતા હતા ત્યાં તેમના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક સંબંધીએ પોતાની ગાડી અમારે માટે મોકલાવી અને આખો દિવસ રાખવા માટે કહ્યું. એથી થોડા જ કલાકમાં અમે અમદાવાદમાં પ. પૂ. શ્રી સુબોધસાગરસૂરિજી, પ. પૂ. શ્રી પદ્મસાગરજી મહારાજ, પ. પૂ. શ્રી ચંદ્રોદયસૂરિજી, પ. પૂ. શ્રી વિજય ધુરંધરસૂરિજી, પંડિત સુખલાલજી, પંડિત દલસુખભાઈ માલવણિયા, ભાવનગરવાળા શ્રી ગુલાબચંદભાઈ (જે તે સમયે અમદાવાદ આવ્યા હતા) વગેરે ઘણાંને થોડા કલાકમાં જ મળી શકયા.

છેલ્લા કેટલાક સમયથી તેમને એમ લાગતું હતું કે પોતાનો જીવનકાળ હવે પૂરો થવા આવ્યો છે. અમે ત્રણેક વર્ષ પહેલાં નવસારી પ. પૂ. શ્રી સુબોધસાગરસૂરિજીને મળવા ગયા હતા અને ત્યાંથી ધામણુ શ્રીમદ્ રાજચંદ્રજીના આશ્રમમાં ગયા હતા. ત્યાં તેમણે એક મુનિ મહારાજ પાસે કેટલીક બાધાઓ જાવજીવની માગી, અને કહ્યું કે, મને જાવજીવની બાધા આપો, કારણ કે હવે મારે કેટલાં વરસ જીવવું છે! અમદાવાદમાં પરમ પૂ. શ્રી પદ્મસાગરજી મહારાજ પાસે અમે ગયા હતા, ત્યારે તેમણે હાથ જોડીને કેટલીક બાધા માટે મહારાજજીને કહ્યું 'મને જાવજીવની બાધા આપો' મહારાજજીએ કહ્યું "હું એક વરસથી વધારે બાધા કોઈને આપતો નથી. વરસ પછી તમે ફરીથી બાધા લેજો." મનસુખલાલભાઈએ કહ્યું "હું એક વરસ પણ જીવીશ કે કેમ તે કોને ખબર છે? માટે મને જાવજીવની બાધા આપો." છેવટે મહારાજજીએ એમને એ પ્રમાણે બાધા આપી.

પ.પૂ. પદ્મસાગરજી મહારાજની મહેસાણામાં આચાર્યની પદવીનો પ્રસંગ હતો. અમે બધાંએ સાથે મહેસાણા જવાનું નક્કી કર્યું હતું. અમારી ટિકિટો આવી ગઈ હતી. કાર્યક્રમ બધો ગોઠવાઈ ગયો હતો, પરંતુ ચારેક દિવસ પહેલાં મનસુખભાઈનો ફોન આવ્યો કે "મારી ટિકિટ કેન્સલ કરાવજો. મારી તબિયત સારી રહેતી નથી અને કોણ જાણે કેમ મારું મન ના પાડે છે." તેઓ મહેસાણા આવી શકયા નહિ અને ત્યાર પછી થોડા દિવસમાં જ તેમણે દેહ છોડ્યો.

શ્રી મનસુખલાલભાઈના અવસાનથી જૈન સમાજે એક સંનિષ્ઠ સાહિત્યકાર અને સૌજન્યમૂર્તિ સેવક ગુમાવ્યો છે. તેમણે શ્રીમંતાઈ ભોગવી હતી, પરંતુ તેમના હૃદયમાં ત્યાગ અને વૈરાગ્યના ભાવો જ રમતા. તેઓ ગહન તત્ત્વચિંતનમાં રસ લેતા. 'બ્રહ્મચર્ય' અને 'અપરિગ્રહ' વિશેના તેમના લેખો સાચી અનુભૂતિમાંથી જન્મ્યા હતા. તેઓ કથાઓ લખતા, પરંતુ કથાના રહસ્યને પોતાના જીવનમાં પ્રથમ ઉતારતા. તેઓ ઊંડી આધ્યાત્મિક ખોજમાં લીન રહેતા. તેઓ જીવન અને મૃત્યુની બાબતમાં સ્વસ્થ અને સમદર્શી રહેવાનો પ્રયાસ કરતા. મૃત્યુ એ એક સ્વાભાવિક ઘટના તેમને માટે હતી અને એથી જ તેઓ તેને માટે સજ્જ રહેતા. તેમના જીવનમાં વિવિધ આધ્યાત્મિક પાસાંઓનો તેમના અંગત સંપર્કમાં આવનારને પરિચય થતો. વ્યવહારમાં તો તેઓ સૌજન્યની મૂર્તિ હતા, અને તેમના સંપર્કમાં થોડા સમય માટે પણ જેઓ આવ્યા હશે તેમને એમના સૌજન્યની સુવાસનો પરિચય થયા વગર રહ્યો નહિ હોય. આવા એક ઊર્ધ્વગામી આત્માને આપણા સૌની શ્રદ્ધાંજલિ હો!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મનસુખલાલભાઈ સાથેના મારા બે પ્રસંગોનું સંસ્મરણ

લે. ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા–એમ. બી. બી. એસ.

एक एव सुहृद्धर्मो मृतमप्यनुयाति यः।
शरीरेण समं नाशं सर्वमन्यतु गच्छति ॥

શ્રી હરિભદ્રસૂરિકૃત યોગદૃષ્ટિસમુચ્ચય

સુહૃદ્ સાચો એકલો ધર્મ થાયે,
મૂઆનીયે પાછળે જેહ જાયે;
બાકી બીજું તો બધુંયે બળે છે,
કાયા સાથે ખાખમાંહી ભળે છે.

યોગદૃષ્ટિકળશ કાવ્ય (સ્વરચિત)

સદ્. શ્રી મનસુખલાલભાઈએ જીવનમાં ધર્મ ભાવના કેવી કરી હતી તેનું સહજસૂચન તેમના દેહોત્સર્ગ પૂર્વે થોડા વખતે લખેલ પત્ર પરથી સૂચિત થાય છે, કે જે પત્રમાં 'जातस्य हि ध्रुवो मृत्युः' જન્મેલાનું મૃત્યુ ધ્રુવ–નિશ્ચિત છે ઇ. તથા દેહોત્સર્ગ પછી પોતાના ઉઠમણાદિ લૌકિક ક્રિયાનો નિષેધ અને આર્ત્તધ્યાન નહિ કરતાં ધર્મધ્યાનાદિ કરવાનું સૂચન કરેલ છે, તે પરથી મૃત્યુ અંગે તેમની નિર્ભીક સ્વસ્થતા સ્વયં જણાઇ આવે છે. જીવનમાં જો ધર્મસંસ્કાર આત્મામાં થયા હોય તો તે અંતકાળે મૃત્યુ સમયે પણ સ્વયં આવી હાજર થાય છે; અને દેહ તથા દેહાશ્રિત પરિગ્રહાદિ સમસ્ત અહીંનું અહીં પડ્યું રહેતાં છતાં, એક પરમ આત્મહિતસ્વી કલ્યાણમિત્ર અમૃત ધર્મ જ મૃતને અનુગામી થાય છે. મહર્ષિ શ્રી હરિભદ્રાચાર્યજીનું મથાળે ટાંકેલ ધર્મોત્સાહબોધક સુભાષિત ભાખે છે તેમ 'ધર્મ એક જ સુહૃદ્ મિત્ર છે, કે જે મૃતની પણ પાછળ જાય છે, બાકી બીજું બધું તો શરીરની સાથે નાશ પામે છે.

સદ્ગત શ્રી મનસુખલાલભાઇ એક તત્ત્વરુચિ ધર્મપ્રેમી સજ્જન હતા. એમની તત્ત્વરૂચિ કેવી હતી તે એ પરથી સમજાય છે કે તેઓ પ્રૌઢ વયે પણ એજ્યુકેશન બોર્ડના પાઠ્ય પુસ્તકોનો અભ્યાસ કરી તેની પરીક્ષાશ્રેણીમાં બેઠી ઉત્તીર્ણ થતાં તેમની તત્ત્વજિજ્ઞાસા ઉત્તરોત્તર બલવત્તર બનતી જતી હતી. તે કેવી ઉત્કટ હતી, તે મારી સાથેના યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ અંગેના પ્રસંગના સંસ્મરણ પરથી ઓર જણાઈ આવે છે: અમારો વ્યાવહારિક સંબંધ તો હતો જ, પણ પારમાર્થિક ધાર્મિક સંબંધ તો આના નિમિત્તે શરૂ થયો અને ઉત્તરોત્તર બળવત્તર બન્યો. પ્રસંગવશાત્ શ્રી મનસુખલાલભાઇના જાણવામાં આવ્યું કે હું યોગદૃષ્ટિ સમુચ્ચય શ્રી હરિભદ્રાચાર્યજીકૃત ગ્રંથનું વિશિષ્ટ મહાટીકારૂપ વિવેચન લખી રહ્યો છું. એટલે તે જોવાની તેમની તીવ્ર જિજ્ઞાસા થઈ, અને તે જોવા આપવા મને વિજ્ઞપ્તિ કરી. આ અંગે મારા યોગદૃષ્ટિ સમુચ્ચય સવિવેચન મહાકાય ગ્રંથની પ્રસ્તાવનામાં મેં જણાવ્યું છે તેમ–'આ ગ્રંથના હાથલખાણની શાહી હજુ સુકાઇ ન હતી, ત્યાં તો મારા પરમાર્થસ્નેહી તત્ત્વરસિક શ્રી મનસુખલાલભાઈ તારાચંદ મહેતા (નેપ્ચ્યુન ઇન્સ્યોરન્સવાળા) જિજ્ઞાસાવૃત્તિથી આ હાથલખાણ લઈ જતા, અને અપૂર્વ રસથી તે અવગાહી જતા. એથી એમને આ સત્શાસ્ત્ર પ્રત્યે પરમ પ્રેમ–પ્રમોદભાવ ઉલ્લસાયમાન થયા, અને તેના પ્રકાશનનું શ્રેય પોતાને પ્રાપ્ત થાય એવી સહજ વૃત્તિ ઉદ્ભવી. તે અરસામાં તેમના સુશીલ ધર્મપત્ની ધર્મનિષ્ઠ શ્રી લીલાવતીબહેનનો અકાળ સ્વર્ગવાસ થયો હોઈ, તેમના પુણ્ય સ્મરણાર્થ શ્રેય નિમિત્તે આ ગ્રંથ પ્રકાશિત કરવાની તેમની ભાવના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બળવત્તર બની, અને મેં સાભાર સ્વીકારેલી તે અત્ર ફલવતી થયેલી દૃશ્ય થાય છે. મહર્ષિ શ્રી હરિભદ્રાચાર્યજીકૃત આ અપૂર્વ ગ્રંથ પર બારસો વર્ષમાં સર્વ પ્રથમ આ વિનમ્ર પ્રયાસ રૂપ આવો પરમ શ્રુતની પ્રભાવના કરનારો વિરચનાત્મક ગ્રંથ પ્રકાશન કરવાનું શ્રેય પોતાને પ્રાપ્ત થવાથી પરમ પ્રસન્નતા અનુભવતા શ્રી મનસુખલાલભાઈએ, મુક્ત કંઠે ઋણ સ્વીકાર કરતાં, સ્વયં આ ગ્રંથના પ્રકાશકના નિવેદનમાં આ સહજ ભાવોદ્‌ગાર દર્શાવ્યા છે—'પ્રસ્તુત ગ્રંથનું પ્રકાશન મારી સ્વર્ગસ્થ પત્ની લીલાવતીના સ્મરણાર્થે કરવામાં આવેલ છે, અને આવો અમૂલ્ય ગ્રંથ નિષ્કામભાવે પ્રગટ કરવાની રજા આપવા માટે હું ડૉ. ભગવાનદાસભાઇનો અત્યંત આભારી છું. અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસી માટે આવો 'યોગદૃષ્ટિ સમુચ્ચય' જેવો સુંદર ગ્રંથ મારા જાણવામાં હજુ સુધી આવેલ નથી. ૧૯૪૬માં મારા પત્નીના સ્વર્ગવાસ પછી ડૉ. ભગવાનદાસે પોતાના હસ્તલિખિત રૂપમાં આ પુસ્તક મને વાંચવા આપેલું, પ્રસ્તુત ગ્રંથમાં આઠે દૃષ્ટિ પર એવું સરસ અને ભાવપૂર્ણ વિવેચન કરવામાં આવ્યું છે, કે એ વાંચતાં વાંચતાં અંતરમાં એક નવી જ દૃષ્ટિ ખૂલતી જોવામાં આવે છે, અને તેમાંથી કોઈ દિવ્ય પ્રકાશનો આભાસ થાય છે' (ઇત્યાદિ). આમ આ લેખક-વિવેચનકારને જેમ આ ગ્રંથ વિવેચનાદિ દ્વારા યથાશક્તિ સ્વાધ્યાયમય પરમશ્રુત ભક્તિ દાખવવાનો અપૂર્વ આત્મલાભ પ્રાપ્ત થયો, તેમ પ્રકાશકને પણ આ પરમશ્રુત પ્રકાશન દ્વારા અપૂર્વ શ્રેય-લાભ પ્રાપ્ત થયો. આ લેખક વિવેચનકાર અને પ્રકાશકની આવી નિષ્કામ શ્રુતભક્તિની સદ્‌ભાવનાથી પ્રકાશિત થયેલો આ 'યોગદૃષ્ટિ સમુચ્ચય' સવિવેચન ગ્રંથ સર્વત્ર કેવો પરમ આદર પામ્યો, થોડા વખતમાં કેવો અત્યંત લોકપ્રિય થઈ પડ્યો, માત્ર ગુણવત્તાની દૃષ્ટિએ ગુજરાત યુનિવર્સિટીના M A.ના અભ્યાસક્રમમાં પણ સ્વયં લેવામાં આવ્યો, ઇત્યાદિ હકીકત સુવિદિત છે. આવા ગ્રંથના પ્રકાશનથી પ્રકાશકને પણ સારી નામના મળી અને આના નિમિત્તે સર્વ પ્રથમ જાહેરમાં આવતા શ્રી મનસુખલાલભાઈનો ત્યાર પછી જાહેર સેવા-ક્ષેત્રમાં ઓર વિશેષ પ્રવેશ થયો; શ્રી ફતેહચંદભાઈ આદિના સંસર્ગમાં તેઓ આવ્યા અને તેમના સહયોગથી આત્માનંદ સભા, અધ્યાત્મ પ્રસારક સભા આદિ જાહેર સંસ્થાઓમાં જોડાયા. આમ જાણકારો જાણે છે તેમ તે તે ધાર્મિક સંસ્થાઓમાં એમનું જોડાવાનું અને યથાશક્તિ સેવા આપવાનું મૂળ ઉદ્‌ગમન આ પ્રકાશનશ્રેયના નિમિત્ત થકી બનવા પામ્યું. એમ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથ અંગેના શ્રી મનસુખલાલભાઇ સાથેના પ્રસંગનું સંસ્મરણ અત્ર તાજું કર્યું.

હવે શ્રી મનસુખલાલભાઇના સંસ્મરણના એક બીજા પ્રસંગ પર આવું છું: શ્રી મનસુખલાલભાઇએ 'જાણ્યું અને જોયું' એ પુસ્તક લખ્યું. તે અંગે તેમણે ટૂંકી 'નોટીસ' આપી સ્વલ્પસમયમાં મને પ્રાક્કથન લખી આપવા વિજ્ઞપ્તિ કરી. તેને દાક્ષિણ્યતાથી માન આપી, ટુંક સમયમાં ગ્રંથનું અવલોકન કરી લખવાનું દુર્ઘટ છતાં, મેં કિંચિત્ પ્રાક્કથન લખ્યું, તેમાં તટસ્થભાવે જણાવ્યું કે–'અત્ર અનુભૂત પ્રસંગોનું આલેખન છે. પોતાના અંગત જીવનમાં કેટલાક પ્રસંગોમાં તેમજ કેટલાક સામાન્ય સામાજિક–ધાર્મિક પ્રસંગોમાં પોતાને જે દૃષ્ટિગોચર થયું અને તે પરથી જે વિચારસ્ફુરણા પોતાને થઈ તેનું તાદૃશ્ય શબ્દચિત્ર લેખકે અત્ર આલેખ્યું છે.' મનુષ્યમાં જો નિરીક્ષણ શક્તિ (Observation Power) અને સમીક્ષણ શક્તિ (Thinking Power) હોય તો સાવ સામાન્ય (Common-place) દેખાતા પ્રસંગોમાંથી પણ સુવિચારણાના ફળરૂપ બોધ તારવી શકે છે. આ નિરીક્ષણ શક્તિ અને સમીક્ષણ શક્તિ લેખકમાં વિપુલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રમાણમાં દૃગ્ગોચર થાય છે. પ્રાચીન કથાનકોનો અર્વાચીન સ્વાંગમાં ઉપન્યાસ કરવાની કળા જેમ શ્રી મનસુખલાલભાઈએ સાધી છે, તેમ સામાન્ય દૈનંદિન પ્રસંગો પરથી ફલિત થતો બોધ રજૂ કરવાની કળા પણ તેમણે હસ્તગત કરી છે, તે અભિનંદનને પાત્ર છે, તેમજ કેટલાક સામાજિક કે ધાર્મિક પ્રસંગોમાં અને તદંતર્ગત આનુષંગિક કથાનકોના ઉલ્લેખોમાં પણ તેમની આ કળા તે તે પ્રસંગોને બોધક અને રોચક બનાવે છે, તે પણ પ્રશંસનીય છે. જો કે મહાન્ શ્રી હરિભદ્રસૂરિએ દર્શાવેલી યોગદૃષ્ટિ—જેનું સવિસ્તર દિગ્દર્શન આ પ્રાક્કથન લેખકે 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથ વિવેચનમાં કરાવ્યું છે, તે જગતમાં વિરલ દેખાતી અલૌકિક યોગદૃષ્ટિનું—અધ્યાત્મદૃષ્ટિનું દર્શન અત્ર પ્રસ્તુત નથી; અત્ર તો જગત્‌માં વ્યાપકપણે પ્રવર્તી રહેલી ઓઘદૃષ્ટિનું દર્શન મુખ્યપણે વિવક્ષિત છે, કારણ કે અત્ર લૌકિક પ્રસંગોનું પ્રાયઃ તદનુરૂપ લૌકિક દૃષ્ટિથી બોધદર્શક અવલોકન કરાયું છે. મનુષ્ય જો વિવેકદૃષ્ટિ ખોલીને દેખે તો જગત્‌માં ડગલે ને પગલે બોધ પ્રાપ્ત કરી શકે છે. અરે! ધૂળ ને કાંકરા જેવી તુચ્છ નિર્માલ્ય ગણાતી વસ્તુ પોતાની મહત્તાનો ફાંકો રાખનારા મનુષ્યને બોધ આપી શકે છે. અત્રે લેખકે પણ દૃષ્ટિ ઉન્મીલિત રાખી કેટલાક અંગત જીવનપ્રસંગોનું તટસ્થ અવલોકન કર્યું છે અને તે પરથી સ્વદૃષ્ટિ અનુસાર ફલિત થતો બોધ તારવવાનો પ્રયત્ન કર્યો છે.' આમ ટૂંકી 'નોટિસે' ગ્રંથનું અવલોકન કરી તેનું હાર્દ દર્શાવતું અને ગ્રંથકારને યથાર્થ ન્યાય આપતું પ્રાક્કથન મેં ટૂંક સમયમાં લખી આપ્યાથી આશ્ચર્ય અનુભવતા શ્રી મનસુખલાલભાઈ બહુ આનંદિત થયા, અને અત્યંત પ્રસન્નતાપૂર્વક તેમણે આ ગ્રંથના 'લેખકના નિવેદન'માં ઋજુભાવે ઋણ સ્વીકાર કરતાં આ સ્વયંભૂ ભાવવાહી ઉદ્ગાર લખ્યા.

"મારાં સદ્ગત પત્ની અને હું આ પુસ્તકમાં પ્રાક્કથન લખી આપનાર 'યોગદૃષ્ટિ સમુચ્ચય', 'લલિત વિસ્તરા' અને 'અધ્યાત્મ રાજચંદ્ર' જેવા મહાન ગ્રંથોના વિદ્વાન અને આત્માર્થી લેખક ડૉ. ભગવાનદાસ મહેતાના અનેક રીતે ઋણી છીએ. સંયુક્ત રીતે કરેલા કરજને ભરપાઈ કરવાની જવાબદારી પણ સંયુક્ત રીતે જ રહેલી હોય છે, એટલે એમના ઋણનો ભાર આ જન્મે હવે ઓછો કરવાની તો શક્યતા જ નથી રહી. આવા સામાન્ય પુસ્તકનું પ્રાક્કથન ડોકટર સાહેબ જેવા પાસે લખાવવું એ એક પ્રકારની મારી બાલચેષ્ટા છે એ વાતથી હું અજાણ નથી, પરંતુ તેમની જેવા આધ્યાત્મિક અને આત્માર્થીનું દેવું વધારવામાં પણ એક પ્રકારની લાલચ જ રહી છે. આવા ઋણભાર સંબંધના કારણે અન્ય જન્મોમાં પણ તેમના જીવાત્મા સાથે સંબંધ ચાલુ રહી શકે એવી તીવ્ર ઈચ્છાથી મારા પરના એમના ઋણભારનો વધારો કર્યો છે. આ માટે માત્ર તેમનો આભાર કે ઉપકાર માની એમના દેવામાંથી મુક્ત થઇ શકાય તેમ નથી અને એમ મુક્ત થવાનું હું પસંદ પણ ન કરૂં, તેથી એવી ધૃષ્ટતાથી દૂર રહું છું."

શ્રી મનસુખલાલભાઈના સચ્ચાઇનો રણકાર કરતા આ ભાવવાહી ઉદ્ગારોમાં એમની કેવી ભાવનાશીલતા, કેવી વિનમ્રતા, કેવી ઋજુતા, કેવી ધર્મસ્નેહતા, કેવી માર્મિકતા, કેવી વચનવિદગ્ધતા દર્શન દે છે! પણ આ જ વચનચાતુરીથી પોતે ઋણમુક્ત બની ઋણયુક્ત મને કર્યો! પોતે ઋણના બોજામાંથી છટકી જઈ ઋણનો બોજો મારા માથે નાંખી દીધો! પોતે ન બંધાય ને બીજાને બાંધે એવી અકળ વચનકળાથી ધર્મસ્નેહી શ્રી મનસુખલાલભાઇએ મને ધર્મસ્નેહના બંધને બાંધી દીધો! બાકી ઋણાનુબંધ તો જગતનો નિયમ છે. ઋણાનુબંધ બંધથી બદ્ધ જગજ્જીવો પરસ્પર ઋણાનુબંધ સંબંધથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંબંધિત છે. સ્વજન, પરજન, પરિજન, ધર્મીજન, પરિગ્રહપ્રપંચાદિ સર્વ સંબંધ પૂરો થયે, તે તે ઋણ ચૂકવી, જન્મ જન્મનો જુદો જુદો તે તે સંબંધ અહીંનો અહીં મૂકી, પ્રત્યેક જીવ આવ્યો હતો તેવો ખાલી હાથે પોતપોતાના કર્માનુસાર ગતિમાં એકલો જાય છે, એક માત્ર ધર્મ સન્મિત્ર જ તેની સંગાથે જાય છે. શ્રી મનસુખલાલભાઇએ'યોગદૃષ્ટિસમુચ્ચય'ના પ્રકાશક નિવેદનમાં સત્ય કહ્યું છે તેમ 'આ સંસાર એક પંખી મેળો છે અને થોડા સમયમાં આ મર્ત્ય દેહનો ત્યાગ કરીશું.' પણ અજ્ઞાની જીવ મિથ્યા મોહ માન કરી પરભાવમાં આસક્તિથી બંધાય છે અને ભવભયની પરિપાટી ઉભી કરે છે; જ્ઞાની જીવ અહંકાર મમકારનો ત્યાગ કરી, પરભાવમાં અહંભાવ–મમભાવરૂપ પરિગ્રહબુદ્ધિનો (મૂર્ચ્છાનો) ત્યાગ કરી, સીઽહ એવી આત્મામાં જ આત્મબુદ્ધિ કરે છે, તેને ભવનો ભય નથી, મૃત્યુનો ભય નથી, મૃત્યુને તેનો ભય છે. આથી ઉલટું અજ્ઞાની જીવે અહંકાર–મમકાર બુદ્ધિથી, પરિગ્રહથી, પરિગ્રહબુદ્ધિથી જે કાંઈ કર્યું હોય, શ્રી હરીભદ્રસૂરિજીએ કહ્યું છે તેમ લોક સંજ્ઞાથી ઓઘસંજ્ઞાથી લોકપંક્તિથી લોકારાધનહેતુએ જે કાંઈ ધર્મકાર્ય પણ કર્યું હોય તેની વાસ્તવિક ધર્મમાં ગણના ન હોવાથી તે કાંઈ પણ જીવની સાથે આવતું નથી. સાથે આવે છે જીવને એક સન્મિત્ર સતધર્મ જ.

" પરિગ્રહની મમતા કરીજી,
ભવભવ મેલી રે સાથ;
જે જ્યાંની તે ત્યાં રહીજી,
કોઈ ન આવી સાથ.
રે જિનજી ! મિચ્છામિ દુક્કડં આજ૦ "

(શ્રી વિનયવિજયજી કૃત પુણ્યપ્રકાશ સ્તવન)

'નામ રૂપનો નાશ' છે એમ કહેવાય છે તે સત્ય છે. નામ પણ રૂપને આધીન છે, રૂપ અમુક આકારરૂપ દેહ હોય તો વ્યવહારાર્થે તેનું નામ પાડવામાં આવે છે દેહ છૂટી જાય ત્યારે નામ પણ છૂટી જાય છે; તે નામકર્મથી નિર્મિત દેહની સાથેનો સંબંધ જ્યાં છૂટી જાય, ત્યાં દેહની સાથે જોડાયેલા વ્યવહાર નામનો સંબંધ પણ છૂટી જાય એમાં પૂછવું શું ? અને જ્યાં નામનો સંબંધ પણ છૂટી જાય, ત્યાં પછી તે નામની જે નામના જગતમાં થઈ હોય, થતી હોય કે થવાની હોય, તેની સાથે તે નામધારી દેહમાં રહેલા દેહી આત્માને શો સંબંધ? ગમે તે નામધારી દેહપર્યાયની ગમે તેવી નામના થઇ કે થાય, તેની સાથે દેહાંતર ગતિ કરતાં નામાંતર પામતા આત્માને શો સંબંધ ? એમ જ્ઞાની જાણે છે, એટલે દેહાશ્રિત નામની નામનાની કામના તેઓ રાખતા જ નથી, એક આત્માશ્રિત કામની–આત્મસિદ્ધિ કાર્યની કામના તેઓ રાખે છે.

યશસ્કીર્તિ નામની નામકર્મની પ્રકૃતિ છે, તે પૂર્વકૃત સુકૃતના ફળરૂપ પુણ્યપ્રકૃતિ છે, તે પણ વર્તમાન દેહાશ્રિત હોઈ તે દેહાશ્રિત નામની સાથે સંબંધિતી છે. એટલે તે દેહપર્યાય છૂટી ગયે તે નામની સાથે તેનો કંઈ પણ સંબંધ રહેતો નથી, જે દેહના નામને લગતી યશસ્કીર્તિ છે, તે નામ–રૂપનો નાશ થયો છે, એટલે અન્ય દેહમાં નામાંતર–રૂપાંતર પામતાં તે પૂર્વ નામની સાથે કાંઈ લેવાદેવાનો સંબંધ રહેવા પામતો નથી. આમ યશસ્કીર્તિ માત્ર વર્ત્તમાન દેહાશ્રિત નામને આશ્રીને હોય છે, એટલે યશને અર્થે કીર્તિને અર્થે કે લૌકિક માનને અર્થે કંઇ પણ પ્રવૃત્તિ આત્માર્થી કરતો નથી, પણ કેવળ એક માત્ર આત્માર્થને અર્થે સમસ્ત પ્રવૃત્તિ કરે છે; તેને 'કામ એક આત્માર્થનું, બીજો નહિં મનરોગ' એમ હોય છે, એટલે સદ્દેવ સેવાભક્તિ, સત્પુરુષ–સદ્ગુરુ સેવાભક્તિ, સત્શ્રુત સેવાભક્તિ, સત્ધર્મ સેવાભક્તિ આદિ જે કંઇ પણ સર્વ સત્સેવા કરે છે તે કેવળ એક શુદ્ધ આત્માર્થે જ પરમાર્થે જ કરે છે,-નહિં કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઐહિક યશ-કીર્તિ લાભાદિ અર્થે કે લૌકિક માન-પૂજાદિ અર્થે. જો કે તે સત્‌સેવાદિ સત્‌કૃત્ય કરવાથી તેને યશસ્કીર્તિ આદિ-'જારની પાછળ સાંઠા'ની જેમ આનુષંગિક ફળ પણ અવશ્ય મળે છે, પણ તે અર્થે તે પ્રવૃત્તિ નથી કરતા, માત્ર આત્માર્થે જ કરે છે. આથી ઉલટું માનાર્થી જીવ મુખ્યપણે યશસ્કીર્તિ અર્થે-માનાર્થે-પૂજાર્થે-લોકમાં મનાવા-પૂજાવા અર્થે બધી પ્રવૃત્તિ કરે છે, તેને માનાર્થ-મતાર્થ આદિ મનરોગ લાગુ પડયો છે એટલે તે આત્માર્થને વિસારી વા ગૌણ કરી દેહાશ્રિત યશસ્કીર્તિ આદિ વધે એમ મુખ્ય દેહાર્થ પ્રયોજનથી સર્વ સેવાદિ પ્રવૃત્તિનો જગતમાં દેખાડો કરે છે. માનાર્થી યશસ્કીર્તિની પાછળ દોડે છે, યશસ્કીર્તિ આત્માર્થીની પાછળ દોડે છે. આમ આત્માર્થી અને માનાર્થી બંનેના દૃષ્ટિબિંદુમાં, ઉદ્દેશમાં, પ્રયોજનમાં, પ્રવૃત્તિમાં આકાશપાતાળનું અંતરૂ છે. સુકૃત્યનો યશ તો બંનેને મળે છે, પણ માનાર્થીનો લાભ યશથી આગળ વધતો નથી, અને આત્માર્થીનો આત્મ લાભ અનંત અનુબંધરૂપ સતફલપરંપરા સાનુબંધ કલ્યાણપરંપરા પ્રાપ્ત કરાવે છે.

એટલે જ સહજ સ્વાભાવિક છે કે સદ્‌. શ્રી મનસુખલાલભાઈએ જીવનમાં જે યથાશક્તિ સત્‌ધર્મસેવા કરી હોય, તેનો યથાસંભવ યથાર્હ યશ પણ તેમને મળે, સુકૃત્યની સુવાસ સુગંધ પાછળ રહી જાય, અને એક ધર્મ સન્મિત્ર સદ્‌ગતને અનુગત થાય. ખરેખર! ધર્મરંગ એજ સાચો રંગ છે, 'સાચો રંગ તે ધર્મનો', 'બીજો રંગ પતંગ' સમાન છે. દેહ ભલે જીર્ણ થાય, ધર્મરંગ જીર્ણ થતો નથી; નામ-રૂપનું ઘાટ ઘડામણ ભલે જાય, સોનું વિણસતું નથી.

"સાચો રંગ તે ધર્મનો સાહેલડિઆં,
બીજો રંગ પતંગ રે ગુણવેલડિઆં;
ધર્મ રંગ જીરણ નહિ સાહેલડિઆં,
દેહ તે જીરણ થાય રે ગુણવેલડિઆ,
સોનું તે વણસે નહિ...સાહેલડિઆ;
ઘાટ ઘડામણ જાય રે ગુણવેલડિઆ."

—શ્રી યશોવિજય

# "દ્વાદશારં નયચક્રમ્" બીજા ભાગના ભવ્ય ઉદ્‌ઘાટન સમારંભ પ્રસંગે આવેલ સંદેશાઓ

## તારથી

| | | |
|---|---|---|
| ૧ | શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખ તથા 'આત્માનંદ પ્રકાશ' માસીકના તંત્રીશ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ | ભાવનગર |
| ૨ | શ્રી ભાવનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાસંઘ | " |
| ૩ | શ્રી જૈન ધર્મ પ્રસારક સભા | " |
| ૪ | શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા | " |
| ૫ | શ્રી જૈન આત્માનંદ સભાની કાર્યવાહક કમિટિ | " |
| ૬ | શ્રી રમણીકલાલ ભોગીલાલ મગનલાલ શાહ | " |
| ૭ | શ્રી નગીનદાસ હરજીવનદાસ શાહ | " |
| ૮ | શ્રી રમણલાલ અમૃતલાલ શેઠ | " |
| ૯ | શ્રી ભુપતરાય નાથાલાલ શાહ | " |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૦ શ્રી કાન્તીલાલ રતીલાલ સલોત ભાવનગર
૧૧ શ્રી રમણીકલાલ માણેકચંદ નાણાવટી ,,
૧૨ શ્રી જયંતીલાલ રતીલાલ સલોત ,,
૧૩ શ્રીમતી કોકીલાબેન વીનુભાઈ પારેખ ,,
૧૪ સી. દીપચંદ ઉમરાળાવાળા ,,

## પત્રથી

૧ શ્રી જૈન આત્માનંદ સભાના વર્તમાન પ્રમુખશ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ ભાવનગર
૨ શ્રી જૈન આત્માનંદ સભાના ભુતપુર્વ પ્રમુખશ્રી ખીમચંદભાઈ ચાંપશી શાહ ,,
૩ શ્રી આત્માનંદ પ્રકાશના સહતંત્રી શ્રી કાન્તીલાલ જગજીવન દોશી ,,
૪ શ્રી દલસુખભાઈ માલવણીયા અમદાવાદ
૫ શ્રી હિરાલાલ અનોપચંદભાઇ મુબઇ
૬ શ્રી જગજીવનદાસ ભગવાનલાલ શાહ ભાવનગર
૭ શ્રી એન. સુર્યકાન્ત એન્ડ કું. ,,
૮ શ્રી હર્ષદરાય તલકચંદ શાહ ,,
૯ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ અમદાવાદ

શ્રી જૈન આત્માનંદ સભાના હાલના પ્રમુખ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈએ તેમના સંદેશામાં શ્રી જૈન આત્માનંદ સભાનો તથા પ્રકાશન થતા ગ્રંથનો પરીચય આપ્યો હતો. તે ઉપરાંત શ્રી ગુલાબચંદભાઈ જણાવે છે કેઃ—

"આ શુભ પ્રસંગ સાથે પરમ પૂજ્ય ધર્મપ્રભાવક યુગદિવાકર આચાર્ય મહારાજ શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબનો સત્તાવીશમો આચાર્ય પદવી પ્રદાનનો શુભ દિન છે તેની ઉજવણીનો અમારી સભાને અલભ્ય લાભ મળ્યો છે તે અમારા માટે ભારે ગૌરવનો વિષય છે.

પ. પૂ આચાર્ય ભગવંત શ્રી પ્રતાપસુરીશ્વરજી મહારાજ સાહેબે, પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મસુરીશ્વરજી મહારાજ સાહેબે અને સાહિત્ય કલારત્ન પૂ. શ્રી યશોવિજયજી મહારાજ સાહેબે છેલ્લા થોડા વર્ષોમાં મુંબઈ ખાતે તેમજ પરાઓમાં જૈન શાસનના અનેક ચિરસ્મરણીય મંગળ કાર્યો કરાવ્યા છે. દેરાસર, ઉપાશ્રય, માનવરાહત તેમજ બીજા સમયોચીત જરૂરી લોકોના સેવાના કાર્યમાં તેઓશ્રીએ ભારે જહેમત ઉઠાવી જૈન શાસનને દિપાવેલ છે. તેઓશ્રીને મારા કોટી કોટી વંદણા. તેઓશ્રીના આ સભા ઉપર સદાય આશીર્વાદના ઝરણા વહેતા રહે તે ભાવના."

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. શ્રી મનસુખલાલભાઇને શ્રદ્ધાંજલિ આપતા ઠરાવો નીચેની સંસ્થાઓ તરફથી અમોને મળ્યા છે.

| | |
|---|---|
| શ્રી શાંતિનાથજી જૈન દેરાસર | કોટ–મુંબઈ |
| ઓલ ઇન્ડીયા જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ | મુંબઈ |
| શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ | ,, |
| શ્રી ઘોઘારી મિત્ર મંડળ | ,, |
| શ્રી સિદ્ધક્ષેત્ર સામાયિક મંડળ | પાલીતાણા |
| શ્રી જૈન પ્રગતિ મંડળ | ,, |
| શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ | ,, |
| શ્રી સિદ્ધક્ષેત્ર જૈન મોટી ટોળી | ,, |
| શ્રી વિશાલ જૈન કલા સંસ્થાન | ,, |
| શ્રી મુક્તિ–કમલ જૈન મોહન જ્ઞાન મંદિર સંસ્થા | ,, |
| શ્રી સિદ્ધક્ષેત્ર જૈન સાહિત્ય મંદિર | ,, |
| શ્રી મહાવીર જૈન વિદ્યાલય | મુંબઈ |
| શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ | ,, |
| શ્રી સોરઠ વીસાશ્રીમાળી જૈન સમાજ | |
| શ્રી આત્માનંદ જૈન સભા | મુંબઈ |
| શેઠ દેવકરણ મુળજી સંઘવી ટ્રસ્ટ | ,, |
| શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ | ,, |
| શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી | ,, |
| શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ | ,, |
| શ્રી સેન સાહિત્ય વિકાસ મંડળ | ,, |
| શ્રી પ્રજ્ઞા પ્રકાશન મંદિર | ,, |
| શ્રી હીરસૂરિ ગોડીજી પાઠશાળા | ,, |
| શ્રી ખીમચંદ મુળચંદ જૈન વિદ્યાર્થી ગૃહ | અમરેલી |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. શ્રી મનસુખલાલભાઇએ પોતાના જ હસ્તે લખેલ પત્ર અહિં રજુ કરીએ છીએ.

# 'મારા મૃત્યુ પછી સગા–સંબંધીઓ અને મિત્રોને લખવાના પત્રનો મુસદ્દો'

અહીં બે શ્લોક તથા તેનું ગુજરાતી ભાષાન્તર આ અંકના પહેલા એટલે કે પાના નં. ૯૩ ઉપર છે.

Drafted on 10-2-76
Tuesday at 3-20 P.M.

સુજ્ઞશ્રી,

વિ. જણાવવાનું કે અમારા ભાઇ મનસુખલાલનો દેહોત્સર્ગ ______ વાર તા. ______ ના સવારે / બપોરે / રાતે ______ વાગે શાંતિપૂર્વક થયો છે. જેનો જન્મ છે તેનું મૃત્યુ પણ નિશ્ચિત છે અને વર્તમાનકાળે આ ક્ષેત્રેથી જેનો દેહોત્સર્ગ થાય છે તે આત્માને પુનઃ શરીર પ્રાપ્ત થવાનું પણ નિશ્ચિત છે. તેથી મૃત્યુ પ્રાયઃ નવા જન્મની પ્રાથમિક ભૂમિકા રૂપે હોય તેનો હર્ષ કે શોક સુજ્ઞજનો કરતા નથી. મૃત્યુનો શોક કરવાથી કેવા વેદનીય કર્મ બંધાય છે તે ઉપરના શ્લોકમાં દર્શાવ્યું છે. સદ્‌ગતની ઇચ્છાનુસાર તેમના મૃત્યુ નિમિત્તે કોઇ પૂજ કે તિથિનો દિવસ રાખવામાં આવેલ નથી. સદ્‌ગતના આત્માની શાન્તિ અર્થે તેની ઇચ્છાનુસાર નીચે જણાવેલ સ્થળે, દિવસે અને સમયે સ્વ. આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી કૃત 'બ્રહ્મચર્ય વ્રત'ની પૂજા ભણાવવામાં આવશે. સદ્‌ગત પ્રત્યેની લાગણી અને શુભેચ્છા દર્શાવવા શકય એવી તિથિ કે તિથિઓના દિવસે તેમના આત્માની શાંતિ અર્થે શુદ્ધ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવા સંકલ્પ કરવો એ જ અભ્યર્થના.

ભવદીય

પૂજાનું સ્થળ છે :— ______

તા. ______

મરણના સમાચાર છાપામાં આપતી વખતે સ્પષ્ટ લખવું કે સાદડી, બેસણું ઉઠમણું પ્રથા બંધ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગવાસ નોંધ

જૈન સમાજના અગ્રણી સમાજ સેવક અને દાનવીર શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશીનું તા. ૭-૧-૭૭ના રોજ મુંબઈ મુકામે દુઃખદ અવસાન થયું તેના સમાચારથી અમો ખૂબ જ ઊંડા દુઃખ અને આઘાતની લાગણી અનુભવીએ છીએ.

સ્વર્ગસ્થ શ્રી અમૃતલાલભાઈ એક જાણીતા નિષ્ણાત ઉદ્યોગપતિ હતા. તેઓશ્રી સાહિત્યના અભ્યાસ, સંશોધન અને પ્રકાશનમાં ઊંડો રસ લેતા. તત્ત્વજ્ઞાન અને ખાસ કરીને જૈન દર્શનમાં તેમજ શિક્ષણમાં પણ તેઓ અંગત કાળજી લઈ ઊંડો રસ દાખવતા. તેમના સાહિત્ય વ્યાસંગને કારણે તેમના ગ્રંથ-સંગ્રહમાં ધર્મ, તત્ત્વજ્ઞાન અને સાહિત્યના પુસ્તકોનો ઉમેરો કરેલો.

તેઓશ્રીએ ઈ.સ. ૧૯૪૮માં ધાર્મિક શિક્ષણ અને સંશોધનના કાર્યને વેગ આપવા જૈન સાહિત્ય વિકાસ મંડળની સ્થાપના કરેલી જે યદ્યપિ પર્યંત સુંદર કાર્ય કરી રહેલ છે.

જૈન સમાજની અનેક નાની મોટી સંસ્થાઓના તેઓશ્રી પ્રેરક અને પ્રોત્સાહક હતા.

અમારી શ્રી જૈન આત્માનંદ સભાના તેઓશ્રી માનવંતા પેટ્રન હતા, અને સંસ્થાની સાહિત્ય-પ્રકાશનની પ્રવૃત્તિમાં ખૂબ રસ લેતા અને પ્રેરણા આપતા.

તેમના જવાથી જૈન સમાજને એક સાહિત્ય વ્યાસંગી દાનવીરની ખોટ પડી છે.

પ્રભુ તેમના આત્માને ચિરશાન્તિ આપે એવી પ્રાર્થના કરીએ છીએ. તેમજ તેમના કુટુંબીજનો પર આવી પડેલ આ આપત્તિમાં સમવેદના પ્રગટ કરીએ છીએ.


રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ-૪ નિયમ ૮ પ્રમાણે "આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ પ્રસિદ્ધિ સ્થળ | : | શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ-ભાવનગર |
| ૨ પ્રસિદ્ધિ ક્રમ | : | દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ |
| ૩ મુદ્રકનું નામ | : | શ્રી ગીરધરલાલ ફુલચંદ શાહ |
| કયા દેશના | : | ભારતીય |
| ઠેકાણું | : | સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર |
| ૪ પ્રકાશકનું નામ | : | શ્રી જૈન આત્માનંદ સભા વતી, શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ |
| કયા દેશના | : | ભારતીય |
| ઠેકાણું | : | શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ-ભાવનગર |
| ૫ તંત્રીનું નામ | : | શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ |
| કયા દેશના | : | ભારતીય |
| ઠેકાણું | : | શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ-ભાવનગર |

૬ સામયિકના માલિકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

આથી હું, ગુલાબચંદ લલ્લુભાઈ શાહ જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરોબર છે.

તા ૧૬-૨-૭૭ ગુલાબચંદ લલ્લુભાઈ શાહ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. B.V. 31

### શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર

# અમારી મહત્ત્વાકાંક્ષા

શ્રી આત્માનંદ-પ્રકાશ માસિક છેલ્લા ૭૩ વર્ષથી નિયમિત જ્ઞાનપ્રચારનું કાર્ય કરી સમાજસેવા કરી રહેલ છે એ સૌને સુવિદિત છે.

માસિક વાચન-સામગ્રીથી વાંચકોને સંતોષ હોવા છતાં માસિકને હજુ વધારે માહિતી-સભર તેમજ લોકભોગ્ય અને વિદ્વદ્‌ભોગ્ય લેખો, કાવ્યો, ધાર્મિક પ્રસંગોના સમાચારો, સમાજસેવાના ઉપયોગી સમાચારો વગેરે ઉમેરી વધારે ઉપયોગી બનાવવાની અમારી ભાવના છે.

પરંતુ કાગળની મોંઘવારી, પ્રિન્ટીંગ વગેરેના વધતા ખર્ચાઓ વગેરે વિચારણા માંગી લે છે. એ માટેનો એક ઉકેલ છે, અને તે એ કે માસિકના સ્નેહી, શુભેચ્છકો, વ્યાપારી બંધુઓ અને વિવિધ ક્ષેત્રના ઉદ્યોગપતિઓ તથા બેન્કો વગેરે પોતાના વ્યવસાયની જાહેરાત (વિજ્ઞાપન) મોકલી આપી અમારા ઉત્સાહ વૃદ્ધિમાં સહકાર આપે, તો અમારા માસિકમાં જાહેર ખબર આપી સહકાર આપવા સૌને વિનંતિ.

### * જાહેર ખબરના દર *

| | એક વખતના | વાર્ષિક (દશ અંકોમાં) |
|---|---|---|
| | રૂા. | રૂા. |
| ટાઈટલ પેજ (છેલ્લુ) ચોથું, (આખુ પાનું) | ૧૦૦) | ૮૦૦) |
| ટાઈટલ પેજ નં. ૨ અથવા નં. ૩ આખુ પાનું | ૭૫) | ૬૦૦) |
| અંદરનું આખુ પાનું | ૫૦) | ૪૦૦) |
| અંદરનું અર્ધું પાનું | ૩૦) | ૨૨૫) |
| અંદરનું પા પાનું | ૨૦) | ૧૫૦) |

સૌ શુભેચ્છોકોને સહકાર આપવા વિનંતિ.

—મંત્રીઓ

## આવતો અંક તા. ૩૧ માર્ચે

"આત્માનંદ પ્રકાશ"નો આવતો અંક ફાગણ-ચૈત્રના સંયુક્ત અંકરૂપે મહાવીર જન્મ-કલ્યાણક વિશેષાંક તરીકે પ્રગટ થશે. તો વિદ્વાન મુનિવર્યો તેમજ લેખકોને વિનંતી કે તેમના લેખ તા. ૧૫મી માર્ચ સુધીમાં મોકલી આપે.

તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ, સાધના મુદ્રણાલય : દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only